
શ્રી સ્વામિનારાયણ

October - November '07 દિપોત્સવી અંક

Rs. 5/-



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1







બોસ્ટન (I.S.S.O U.S.A.)મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા બહેનો અને ભાઈઓની સત્સંગ સભા



આપણા લેસ્ટર (I.S.S.O U.K.)મંદિરમાં પાટોત્સવની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી




લેસ્ટર મંદિર પાટોત્સવના મુખ્ય યજમાન કાચા ટેલર્સ પરિવાર પ.પૂ. મોટામહારાજશ્રીનીઆરતી ઉતારતા



લેસ્ટર મંદિરમાં ત્યાંના એમ.પી. શ્રી કિથવાઝ દર્શનાર્થે ધાર્યા ત્યારે પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન - મુલાકાતથી ખૂબજ પ્રભાવિત થઈ પોતાની ભાવના વ્યક્ત કરતા



અમદાવાદ મ્યુનિ. કો. દ્વારા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મુખ્ય રોડ પરના ચોકનું "શ્રી નરનારાયણદેવ ચોક"નામાભિધાનનું ઉદ્ઘાટન પ.પૂ.લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું.



संस्थापक
श्री नरनारायणदेव पीठाधिपति
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજી
(મહંત સ્વામી)
પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail:manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 1 અંક : 6-7 અક્ટૂબર-નવમ્બર -2007

અનુક્રમણિકા

૧. અસ્મદીયમ્ ૩
૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૪
૩. દિવાળી આવી... ૫
૪. उत्सव प्रिया: खलु मनुष्या: ૭
૫. દીપોત્સવ ૯
૬. આદરજમાં અન્નકૂટ ઉત્સવ ૧૧
૭. દહાડે દહાડે દિવાળી ૧૪
૮. "આનંદની હેલી" : બેસતા વર્ષની શિખામણ ૧૬
૯. શ્રીજીનું અપર સ્વરૂપ ૧૮
૧૦. અનુવર્તી ભંગ ૨૦
૧૧. દીવાળીથી કોનો દી' વળે ! ૨૩
૧૨. રાજ મારે દિન-દિન દિવાળી ૨૬
૧૩. પ્રેમના ભૂખ્યા છીએ, પદાર્થના નહિ ! ૨૮
૧૪. દીપાવલિ પર્વમાં શ્રીહરિ દર્શન ૨૯
૧૫. અક્ષરધામમાં જવાનો પાયો પાક્કો તો છે ને ૩૧
૧૬. સખી હૈડે તે હરખ ન માય, આ દિવાળી રે ૩૩
૧૭. ગોવર્ધન પૂજા ૩૫
૧૮. શ્રી નીલકંઠવર્ણી પંઢરપુરમાં વિઠ્ઠુબાને ભેટ્યા ૩૬
૧૯. જીવનનો અર્થ શો છે ! જીવન કેવી રીતે જીવશો ? ૩૮
૨૦. સત્સંગ સુરભિ : "દરેકમાંથી ગુણ ગ્રહણ કરવાની ટેવ પાડશો" ૩૯
૨૧. સત્સંગ બાલવાટિકા ૪૧
(૧) પ્રત્યેક દિવસ દિવાળી છે (૨) પ્રત્યેક દિવસ કામનો છે
૨૨. ભક્તિસુધા ૪૩
(૧) "મધુબાઈ જેવો મધુર થાળ કોઈનો નહિ !"
(૨) કારીયાણીના શીતબા (૩) લાડકીબાઈનો પ્રભુ પ્રેમ
(૪) કૂળ તજી નિષ્કુળ થયા (૫) સગરામ વાઘરી
(૬) દીકરાના દાન
૨૩. પ્રશ્નપેટી ૪૯
૨૪. સત્સંગ સમાચાર ૫૦

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :
મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

।। आशीर्वाद पत्रम् ।।




His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

દીપાવલી
નૂતન વર્ષ -સં.૨૦૬૪

સર્વાવતારી શ્રી હરિએ સ્વમુખે કહ્યું છે કે ભગવાનની મૂર્તિ ચિંતામણી છે. કોઇના હાથમાં ચિંતામણી હોય તો એ જે પદાર્થ ચિંતવે તેને તે પ્રાપ્ત થાય. તે તો જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરુપને જોવા ઈચ્છે તે પણ દેખાય. સર્વ વચનામૃતના સાર સમાન ગઢડા પ્રથમના પહેલા વચનામૃતમાં અલૌકિક વાત ભક્તો પ્રત્યે કરી છે. શ્રી હરિએ સ્વ સ્વરુપની શ્રી નરનારાયણદેવની મૂર્તિ આપણને કૃપા કરીને આપી છે,તેમાં મન, વચન, કર્મે કરીને અનન્ય નિષ્ઠા રાખવી. શ્રી નગરમાં સર્વ પ્રથમ મંદિરમાં સ્વ-હસ્તે બાથમાં લઈને પધરાવેલા શ્રી નરનારાયણદેવના સ્વરુપમાં બિરાજમાન સર્વાવતારી શ્રી હરી સર્વે ત્યાગી, ગૃહી, સમસ્ત દેશ-વિદેશમાં વસતા નાના-મોટા સત્સંગીઓને ત્રિવિધના તાપમાંથી મુક્ત કરીને , વ્યવહારીક તથા આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનથી અમારા રુડા શુભાશીર્વાદ અને નૂતન વર્ષાભિનંદન સહ જય શ્રી સ્વામિનારાયણ.

શુભાશીર્વાદ સહ.



પ.પુ.શ્રી.યુ.આચાર્ય મહારાજ શ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર
જાલુપુર - અમદાવાદ

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel:079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 27478070

अस्मदीयम्



તંત્રીશ્રીની કલમે....

ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુએ પોતાના આશ્રિતોનું નિર્વિઘ્ન રીતે કલ્યાણ કરવા ઉપાસના અને આજ્ઞાની સ્પષ્ટ ચોખવટ ગ.મ. ૯ માં વચનામૃતમાં કરી છે. ઉપાસનાની સિદ્ધિ વિના કોઈ કાર્ય સિદ્ધ થતાં નથી. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તે સર્વોપરિ સર્વાવતારી સર્વેના કારણ સ્વતંત્ર અંતર્યામી છે. એવી દૃઢતા કરવી. આપણા મંદિરોમાં બિરાજમાન શ્રી નરનારાયણ - શ્રી લક્ષ્મીનારાયણાદિ સ્વરૂપોની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરીને શ્રીહરિએ સ્પષ્ટ કહ્યું કે, હું સ્વયં આ સ્વરૂપે અમદાવાદ-વડતાલ આદિ મંદિરોમાં નરનારાયણાદિ સ્વરૂપે રહ્યો છું. બદરિકાશ્રમાદિ ધામો સહિત નહિ પણ અક્ષરધામાધિપતિ રૂપે પ્રગટ પ્રત્યક્ષ સાક્ષાત્ રહ્યો છું. એવું માનીને અમારી ઉપાસના કરજો. તેમની સેવા ભક્તિ સ્વીકારશ. તેથી જે, તે સ્વરૂપમાં સ્વામિનારાયણ ભગવાનની ભાવના રાખીને દર્શન સેવા પૂજન કરવું અને પતિવ્રતાની ટેક રાખવી. કેમ કે ઈષ્ટદેવમાં નિષ્ઠા અને શ્રધ્ધા સિવાય કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી, તેથી ઈષ્ટદેવનું અતિશે બળ રાખવું. સાધના ગમે તેવી કઠિન કરવામાં આવે પણ, ઈષ્ટદેવમાં શ્રદ્ધા ન હોય તો સાધનાનું ફળ મળતું નથી. જ્ઞાન માર્ગ એવો સમજવો કે કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહિ. કદાચ વચનનો લોપ થતો હોય તો ચિંતા નહિ, પણ ભગવાનના સ્વરૂપને ઓળખવામાં ખોટ રહે તે ડાયરેકટ દ્રોહ થયો સમજવો. શ્રીહરિએ પ્રવર્તાવેલ ઉપાસનામાં અને આજ્ઞામાં કોઈ મનસ્વી ઉમેરો ન કરવો તથા બાદબાકી ન કરવી. કેમ કે કેટલાકને શિક્ષાપત્રી મોટી લાગે તો તેમાંથી ચૂંટેલા શ્લોક પ્રકાશન કરે, તો કેટલાકને વચનામૃત નાનું લાગે તો તેમાં ઉમેરો કરીને પ્રકાશન કરે !

શ્રીહરિએ આપણા સંપ્રદાયના ત્યાગી અને ગૃહસ્થના ગુરુપદે ધર્મવંશી આચાર્યની સ્વપદ પર સ્વહસ્તે સ્થાપના કરીને સામાન્ય અને મહાદીક્ષા ગ્રહણ કરવાની આજ્ઞા કરી. મંત્ર દીક્ષા વિના ભક્તિ કરવાનો અધિકાર મળતો નથી. તથા ધર્મવંશી આચાર્યએ આપેલ સ્વરૂપ તથા જેની પ્રાણ પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપ સેવવા યોગ્ય ગણાય. અન્ય નમસ્કાર માત્ર છે. શિક્ષાપત્રી શ્લોક નં. ૬૨ ની આજ્ઞા અવશ્ય પાળવી.


સત્સંગી માત્ર એ નિત્ય પ્રત્યે ભગવાનના મંદિરે જવું. ત્યાં ઉપાસના અને આજ્ઞાની પુષ્ટિ માટે સત્સંગ કરવો, કથા, વાર્તા, શ્રવણ અવશ્ય કરવું. સાચા સંતોનો સમાગમ કરવો. મંદિરમાં દર્શન કરીને તરત વિદાય ન લેવી. જરૂરથી સત્સંગ કરવો. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિની પુષ્ટિ કથા વાર્તા વિના શક્ય નથી.

વિતેલા વર્ષો દરમ્યાન આપણાથી ઈષ્ટદેવ, ધર્મવંશી ગુરુ, શાસ્ત્ર, સંત, સત્સંગી પ્રત્યે નિષ્ઠામાં ક્યાંય કચાશ રહી ગઈ હોય તો આવતા નૂતન વર્ષથી ભૂલ સુધારી લેવી. આપણા આધ્યાત્મિક અને વ્યવહારિક જીવનની સિદ્ધિમાં ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન અને ધર્મવંશી ગુરુ આચાર્ય મહારાજશ્રીની સતત કૃપા વૃષ્ટિ છે તેને કદાપી ભૂલવું નહિ. શ્રી સ્વામિનારાયણ અંકના સર્વે સત્સંગી સમસ્તને અમારા શ્રી નરનારાયણદેવના ચરણ કમળથી નૂતન વર્ષાભિનંદન સહ જયશ્રી સ્વામિનારાયણ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-ઓકટોમ્બર - ૨૦૦૭)



સપ્ટેમ્બર-૨૦૦૭

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા યજ્ઞ પ્રસંગે પધરામણી.

૧૩. પ.ભ. લાલભાઈ પટેલ (ભાવપુરાવાળા)ને ત્યાં પધરામણી, નિકોલ.

૧૪. જયદેવપુરા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ જ્ઞાનસત્ર અને મહાપૂજા પ્રસંગે પધરામણી.

૧૫. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી ગણેશ ચતુર્થી પ્રસંગે શ્રી ગણપતિજીની આરતી ઉતારવા પધાર્યા.
પ.ભ. ગાંડાભાઈ પટેલને ત્યાં પધરામણી, સાંતેજ.

૧૮. થી ૨૬. આપણા કાર્ડિફ (ઈંગ્લેન્ડ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩૦. પ.ભ. હર્ષદભાઈ કાલીદાસ સોનીને ત્યાં પધરામણી, ઈસનપુર.

ઓકટોમ્બર-૨૦૦૭

૬. પ.ભ. વિજયભાઈ જયંતીભાઈ ઠક્કરને ત્યાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી, વાસણા.

૭. પ.ભ. પ્રબોધભાઈ આરીવાળા આયોજીત ધૂન પ્રસંગે પધરામણી, નારણપુરા મંદિર.

૧૦. પ.ભ. અરવિંદભાઈ સેંધાલાલ પટેલને ત્યાં પધરામણી, બોપલ.

૧૨. થી ૧૪. સર્વોપરિ છપૈયાધામ ઈષ્ટદેવ સર્વાવતારી બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજના જન્મ સ્થાનની શિલાન્યાસ વિધિ પ્રસંગે પધરામણી.

૧૯. પ.ભ. દિલીપભાઈ મંગળદાસ પટેલને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.

૨૦. શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય અક્ષર મહોલવાડી જેતલપુર શ્રી સરસ્વતી પૂજન પ્રસંગે પધરામણી.

૨૧. ૩૫ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો.


૨૩. પ.ભ. પ્રકાશભાઈ પટેલ (ગવાડાવાળા)ને ત્યાં પધરામણી, શાહીબાગ.

૨૪. પ.ભ. ઘનશ્યામભાઈ ગણેશભાઈ પટેલ અને અન્ય હરિભક્તોને ત્યાં પધરામણી, નિકોલ-નરોડા.

૨૫. પ.ભ. ડૉ. હર્ષદભાઈ ઝિંઝુવાડીયાના "ધર્મરાજ જ્વેલર્સ"માં પધરામણી, નવરંગપુરા, સી.જી. રોડ.

૨૭. શ્રી હનુમાનજી મંદિર અસારવા પુનઃ પ્રતિષ્ઠા તથા મારુતિયજ્ઞ પ્રસંગે પધરામણી.

૨૮. ઝુંડાલ શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
પ.ભ. પરસોત્તમભાઈ વાલજીભાઈ પટેલ (ગવાડાવાળા)ના શાંતિ આર્કેટ ઓફિસના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, નવરંગપુરા.
અસલાલી શ્રી સ્વામિનારાયણ મંદિર મહાપૂજા પ્રસંગે પધરામણી.



દિવાળી આવી...

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ
જીયતપુરા (મહંત સ્વામી, માણસા)

દિવાળી આવીને શું શું લાવી ? આનંદ-ઉલ્લાસ ને નવજીવનના અરમાનો લાવી, ભક્તો કાજે ભક્તિ સુખના શણગાર સજાવી અન્નકૂટના રાજભોગ લાવી. એવી જ એક દિવાળી ભગવાન સ્વામિનારાયણે કારીયાણી ગામમાં ઉજવી હતી. સંતો-ભક્તોના અંતરમાં આનંદ ઉભરાઈ-ઉભરાઈને બહાર છલકાતો હતો. કારણ કે ભક્તિના ભાવ સ્વીકારનાર હરિવર પ્રત્યક્ષપણે સામે બિરાજમાન હતા. સુંદર દીપમાળા પૂરી હતી તેના ઝગમગાટ મધ્યે મંચ બાંધ્યો હતો અને તે મંચ ઉપર છપ્પર પલંગ બિછાવી મખમલના ગાદલે ગાલીચા પાથરી તોરણ ચાકળે શણગાર્યા હતા. તેના ઉપર હરિવરને પધરાવી તેઓશ્રીને પણ વિધવિધના શણગારો સજાવ્યા હતા. સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ પહેરાવ્યો હતો. વળી નરનારાયણ સ્વામિનારાયણ નામે અંકિત એવા કાળા કિનખાબની ડગલી પહેરાવી હતી. માથા ઉપર સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ ઓપી રહી હતી, આસમાની રંગનો ફેંટો કસીને કમરે બાંધ્યો હતો. અને પીળા પુષ્પના હાર, તોરા અને છોગલું શોભામાં અભિવૃદ્ધિ કરતું હતું. ચાતક દ્રષ્ટિએ સૌ મુક્તો રંગભીનાનું અનેરૂ રૂપ અનિમેષ દ્રષ્ટિએ પી રહ્યા હતા. જીવનમાં ઉજવેલી ઘણી બધી દિવાળીઓમાં આ દિવાળી પ્રભુ સાથે ઉજવીને ધન્યતા અનુભવી રહ્યા હતા.

એવામાં દિવબંદરના હરિભક્તો પધાર્યા. ત્યાંના મહિલા મુક્તો સ્વહસ્તે સોનેરી તારના બુટ્ટાદાર જરીયાની કિનખાબ અને જામા હેતના ટેભે બનાવીને લાવ્યા હતા. મહારાજનું પૂજન અર્ચન કરવા ઉત્સુકતા બતાવી ત્યાંતો સ્વયં હરિવર સિંહાસનેથી ઉઠીને સામા આવ્યા. પૂજા અંગિકાર કરી અને ભેટ સામગ્રી હાથોહાથ સ્વીકારી. ચાલુ સભાએ ઓરડામાં જઈ વસ્ત્રો બદલ્યા ને ભાવભર્યો હેત હુલામણા સિંહાસને આવી બિરાજ્યા. પાદુકા પણ નવી જ ગ્રહણ કરી. પાછા કહે, "આટ આટલા વરસ થયા તેમાં અમારે અર્થે કોણ જાણે કેટકેટલા હરિભક્તો વસ્ત્ર અને હજારો રૂપિયાના અલંકારો લાવે છે પણ અમે આવી રીતે કોઈની સામે જઈને લેતા નથી. તથા આવી રીતે કોઈના વસ્ત્ર ઘરેણા પહેરીને રાજી પણ થતા નથી પણ આજે તો અમારે એ હરિભક્તો ઉપર અતિશય રાજીપો થયો છે. તે સાંભળીને દિવબંદરના હરિભક્તોનો દાખડો પણ સફળ થઈ ગયો અને આ દિવાળી પણ અમર બની ગઈ. આ રીતે સર્વે સંતો-હરિભક્તો અને મુક્તો એ પોતપોતાનું જે કાંઈ હતું તે હરિવર ઉપર ન્યોછાવર કરીને દિવાળી ઉજવ્યાનો અણમોલો અવસર વધાવી લીધો. પણ હવે વારો આવ્યો હરિવરનો ! પ્રભુ પણ દિવાળી ઉજવવા ઉત્સુક થયા. ભક્તો અલ્પ છે. જ્યારે પ્રભુ તો અગાધ છે. બન્નેની ઉજવણીમાં આકાશ પાતાળનો તફાવત છે. હર એક ઉત્સવની ઉજવણી પાછળ તેઓનો સ્પષ્ટ ઉદ્દેશ છૂપાયેલો છે. મોતીઓની માળામાં દોરો સોંસરો ચાલ્યો આવે તેમ પ્રસંગે-પ્રસંગે હરિવર ચૈતન્યનું શુદ્ધિ કરણ ચુકે નહીં. આજે પણ સભાજનોનો પ્રેમ પારખ્યો ત્યાં ચરિત્રામૃત પીરસવા લાગ્યા.

બન્યું એવું કે સભામાં વિપ્ર દીનાનાથ ભટ્ટ પધાર્યા અને જે હેતના દાવે સિંહાસનેથી ઉતરીને ભેટ સામગ્રી સામે ચાલી હાથોહાથ લીધી હતી એ જ પ્રેમની પ્રબળતાએ ઉભા થઈને સામે ચાલીને હાથોહાથ એ સઘળું આ વિપ્રના હાથમાં દક્ષિણાના દાનમાં પરઠાવી દીધું અને કહે, "અમે આ ભટ્ટને વસ્ત્રો દીધા તેમાં પણ જે મસ્તરવાળા હશે તેને એવો વિચાર નહીં આવે જે વસ્ત્ર લાવ્યા હતા તેને ધન્ય છે જે આવા ભારે વસ્ત્રો મહારાજને પહેરાવ્યા અને મહારાજને પણ ધન્ય છે જે તરત બ્રાહ્મણને દઈ દીધા એવાને તો કોઈક લે અને કોઈક દે તો પણ ઠાલોઠાલો વચમાં બળી મરે એવો જ મત્સર તે સર્વ વિકાર માત્રનું કારણ છે. તેથી જ વ્યાસજીએ શ્રીમદ્



ભાગવતમાં નિર્મત્સર એવા જે સંત તેને જ ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે. માટે હે ભક્તો મત્સર ટાળવો એ કઠણ તો ઘણો છે. છતાં આવશ્યક પણ ઘણો છે. આટલું કહી શ્રીહરિ હવે જે કહેવા આગળ જઈ રહ્યા છે તે દિવાળીને અણમોલ-અદ્‌ભુત અને અત્યંત દુર્લભ મહાપ્રસાદ જેવી વાત છે. આજે સમગ્ર મુક્ત કોટી ઉપર હરિવર અત્યંત કરૂણા ભરી કૃપા વરસાવવા જઈ રહ્યા છે. મહારાજ સ્વસ્વરૂપની સમજણ સ્પષ્ટ શબ્દોમાં પરખાવી રહ્યા છે. ભગવાનનું સ્વરૂપ કેવું નિર્દોષ છે તે આજે સ્વયં ભગવાન સ્વમુખે કહી રહ્યા છે. દિવાળીઓ તો ઘણી આવી અને આવશે પણ આજની દિવાળીને પ્રભુ પોતે અદ્વિતીય અમરત્વ આપી રહ્યા છે તે વાતને સમજવી અને પચાવવી રગેરગમાં પ્રવર્તાવવી ખૂબ ખૂબ મહત્વની જાણી રાજીપામાં નાથજી શ્રીહરિ ભાથુ બંધાવે છે. તો આવો હરખે, પડે તે પહેલા બોલે બોલ ને અધ્ધર ઝીલી લઈએ-

શ્રીહરિ ઉવાચ :-

"અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મત્સર, ઈર્ષ્યા એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશ પણ આવતો નથી અને શબ્દ,સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચ વિષય તેનો તો હૈયામાં અતિશય અભાવ વરતે છે. પણ એકેયને વિશે લેશ માત્ર ભાવ થતો નથી. જેટલું કાંઈક અન્ન, વસ્ત્ર આદિકનું ગ્રહણ કરતા હોઈશું તે તો ભક્તની ભક્તિને દેખીને કરતા હઈશું પણ પોતાના દેહના સુખને અર્થે નથી કરતા. અમારે જે ખાવુ, પીવુ, ઓઢવું, પહેરવું છે તે સર્વે સંત અને સત્સંગીને અર્થે છે અને જો એમને અર્થે નો જણાય ને પોતાને અર્થે જણાય તો અમે તેનો તત્કાળ ત્યાગ કરી દઈએ. અને અમે તો દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી ને અમે તો આકાશ સરખા નિર્લેપ છીએ અને અમે મન, કર્મ, વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રી કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે ને તે વિના તો ચૌદલોકની સંપત તરણખલા જેવી છે.....

સ્વસ્વરૂપ દર્શનની ઉંચામાં ઉંચી, ગૂઢ રહસ્યની સમગ્ર તત્વજ્ઞાનના મૂળ સમી અને તમામ આધ્યાત્મિકતાના સાર સમી આ અતિ અદ્‌ભુત વાત જીવના જીવન સમી મહારાજે ખૂબ દયાએ કરીને સમજાવી છે. જ્યારે ભગવાનને આવા સમજીશું ત્યારે જ સંપૂર્ણ શરણાગતિ, સાચો આશરો, સર્વોત્કૃષ્ટ નિશ્ચય અને હૈયામાંથી દૃઢ પ્રીતિનું ઝરણું આપો આપ તેઓ પ્રત્યે વહેવા લાગશે બસ એક આટલી સમજણ પાકે પાયે દૃઢ થઈ જાય તો તેને દિન-દિન દિવાળી છે અને શ્રીહરિને પણ એજ અપેક્ષા છે.

શ્રી પ્રભા હનુમાનજી મંદિર, જમીયતપુરા કાળી ચૌદશ ઉત્સવ

તા. ૮-૧૧-૦૭ના ગુરુવારના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં નીચે મુજબ કાર્યક્રમ થશે.

સવારે : ૮-૦૦ થી ૧૧-૩૦ મારૂતિ યજ્ઞ : સાંજે ૪-૩૦ યજ્ઞની પૂર્ણાહુતિ

સાંજે : ૭-૦૦ સમૂહ સુંદર કાંડ પાઠ.

- લિ. મહંત સ્વામી શા. ઘનશ્યામપ્રકાશદાસ



उत्सव प्रियाः खलु मनुष्याः

- શાસ્ત્રી સ્વામી રામાનુજ્દાસજી (કાલુપુર મંદિરના કોઠારી સ્વામી)

उत्सव प्रियाः खलु मनुष्याः

કવિ કાલીદાસની આ ઉક્તિ અનુસાર મનુષ્ય જીવનમાં ઉત્સવોનું ઘણું મહત્વ છે. સંસારની રોજીંદી ઘટમાળથી કંટાળી ગયેલા મનુષ્યના જીવનને ઉત્સાહ આનંદથી ભરી દે છે. મનુષ્ય જીવનમાં પરિવર્તન - આનંદ લાવવા માટે જ ઉત્સવો શરૂ કરાયેલા છે. અંતઃકરણના ભાવથી ઉત્સવ ઉજવવામાં આવે તો જીવનમાં નૂતન સંયમનો આવિસ્કાર થાય છે. આપણા સંપ્રદાયમાં જોવા મળતો ઉત્સવોનો મહિમા અને મૂલ્ય વિશ્વના બીજા કોઈ ધર્મમાં જોવા મળતો નથી. આજે આધુનિક સમયની અસ્ત વ્યસ્ત શૈલીના કારણે ઘણા ઉત્સવો ઉજવાતા નથી.

અંતરમાં ઉજાસ પાથરતું પર્વ એટલે દીપાવલી, દિવાળી એ પ્રકાશનું પર્વ છે. તે આપણને આધ્યાત્મિક પ્રકાશ માણવાનો, સંદેશો પણ આપતું જાય છે. કહેવાયું છે કે 'આત્મદીપોભવ' તું તારી જાત માટે દીવો બન. તુ જ તારી જાતને અજવાળ. આમ શ્રીજી મહારાજે સ્વંય પ્રથમના ૨૦ માં વચનામૃતમાં કહેલી વાત પોતે પોતાને ઓળખવો, ન ઓળખે તે અજ્ઞાની.

પરંતુ દીવાળી એક એવો તહેવાર છે કે જેનું મહત્વ ક્યારેય ઓછું થયું નથી. ખાસ કરીને ગુજરાતમાં દીવાળી ઉત્સવનું એક અનોખું જોમ જોવા મળે છે. આસો વદ-૧૧ થી પાંચ દિવસ સુધી ત્યારબાદ કારતક સુદ પડવો એટલે નૂતન વર્ષ અને પછી ભાઈબીજ સુધી ચાલતા દીવાળીના ઉત્સવોમાં દીવા પ્રગટાવવાનો વિશેષ મહિમા છે.

દશેરાના દિવસે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામજીએ રાવણ પર વિજય મેળવી અયોધ્યા આવતા દિવાળી આવી. વિજયનો આનંદોત્સવ મનાવતા પ્રજાજનોએ ઘેર ઘેર દીપ પ્રગટાવી વ્યક્ત કરેલો. આસો વદી ચતુર્દશી એટલે નરક ચતુર્દશી કે કાળી ચૌદશ આ દીવસે દીવડા પ્રગટાવવાનો ખાસ મહિમા છે. અનેક ગ્રંથોમાં આ દિવસે અનેક વિધિઓ કરવાનું કહ્યું છે પણ એમાની આજે યમ તર્પણ દીપદાન જેવી અમુક પ્રથા ચાલુ છે. દીપદાન એ પુણ્યકર્મ છે. એક માન્યતા મુજબ જેને નરકથી ડર લાગતો હોય તેવા ભક્તો એ યમ તર્પણ કરવુ. ત્યારબાદ દીપદાનનો વિધિ કરવો. અપમૃત્યુ નિવારણ માટે સંધ્યા કાળે દીવો પ્રગટાવવો તેને દીપદાન કહેવાય. આ દીવસોમાં દરેક મંદિરોમાં, મઠોમાં, ઘરોમાં, કિલ્લાઓમાં, બાગ, બગીચા, દરવાજા, ગલીઓ, ઘોડશાળ, હાથીશાળામા પણ દીપ મુકવાનો ઉલ્લેખ મળે છે. જેટલી સંખ્યામાં દીવા કરે તેટલા હજાર વર્ષ સુધી ધામનું સુખ મળે એવું માનવામાં આવે છે.

દીપ પ્રજજવલીત કરવાનો એક ચોક્કસ ઉદેશ્ય છે. માત્ર પરંપરાનું અનુસરણ ન કરતા વિધિઓના રહસ્યને સમજી પરિવર્તન થઈ શકે છે. માનવ મનને મજબુત અને દ્રઢ બનાવતી આ દીપદાનની વિધિ આપણી ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. પણ આપણા ઉત્સવો પાછળ રહેલા રહસ્યને સમજીને તેને ઉજવીશું ત્યારે જ આપણે એ ઉત્સવોને સાચા અર્થમાં માણી અને જાણી શકીશું.

આદિ કાળથી ભારતમાં દિવાળી ઉજવવાનો રિવાજ ચાલ્યો આવે છે. મૂળ શબ્દ છે દીપાવલિ, અપભ્રંશ થઈને જે દિવાળી થઈ ગયો છે. દીપાવલિ સંસ્કૃત શબ્દ છે. દીપ અને આવલી બે શબ્દો છે. જેમાં 'દીપ' એટલે 'દીવો' 'આવલી' એટલે હારમાળા. આમ દીવાની હારમાળા એટલે દીપાવલિ, દીપાવલિ શબ્દ સાંભળતાજ અગણિત દીવાઓના પ્રકાશનું સ્મરણ થઈ આવે છે. મનુષ્ય સહજ રીતે જ પ્રકાશનો ઉપાસક છે. દરેક મનુષ્ય પોતાના જીવનને પ્રકાશમય બનાવવાનું ઈચ્છે છે. દિવાળી ઉજવવાથી મનુષ્યનું જીવન પ્રકાશમય બની જાય છે. ઘર, ગામડા, શહેરો, મહાનગરો જ નહિ પરંતુ મંદિરોમાં પણ સજાવટ કરવામાં આવે

છે. દીવાળીનું મહત્વ ધાર્મિકની સાથે સામાજીક પણ છે. દીવાળીનો ઉત્સવ ઉજવવાની રીત એટલી સરસ છે કે જેનાથી દરેક મનુષ્ય એકબીજાથી નજીક આવે છે. ભગવાન અને ભક્ત વચ્ચેનું અંતર પણ ઓછું થઈ જાય છે.

દિવાળી માત્ર દીવાથી નહિ પણ હૃદયથી મનાવવાનું પર્વ છે. દિવાળીના ઉત્સવમાં આપણા ઘરમા દીવા પ્રગટાવી દઈએ પણ સમાજના દરેક માનવ પ્રત્યે જો સદ્‌ભાવનાનો પ્રકાશ રેલાય નહિ તો ઉત્સવ સાર્થક ન કહેવાય. મનુષ્ય જ્યાં સુધી અજ્ઞાનરૂપ અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશમાં પોતાને પ્રજવલિત નહિ કરે ત્યાં સુધી જીવન અંધકારમય છે, અજ્ઞાનમય છે. જીવનને અજ્ઞાનરૂપી અંધારામાંથી બહાર કાઢવો હોય તો અનુભવ સિધ્ધ શ્રીજી મહારાજના અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી જેવી મહાન વિભૂતીઓ પાસેથી માર્ગદર્શન મેળવી ભગવાનને પ્રસન્ન કરવાના રાહ પર ચાલવું પડે. પ્રભુ પ્રસન્ન કરવાના સાધનાના સમય દરમ્યાન ભગવત્ દર્શન અને પ્રાપ્તિનો અનુભવ થઈ જાય તે દિવસ વ્યક્તિગત જીવનમાં દિવાળીનો દિવસ બની જાય.

અને બાકીનું જીવન પણ પ્રકાશમય બનાવાવનો શુભ સંકલ્પ પણ દિવાળી જ છે. જ્યારે કોઈપણ વ્યક્તિ શુભ સંકલ્પ કરે ત્યારે ભગવાનની કૃપા સંકલ્પને સાકાર બનાવે છે. આમ તો જીવાત્મા પણ એક દીપ છે. જે આપણને પ્રભુની કૃપા પ્રસાદ રૂપે મળેલ છે જે કાયમી પ્રકાશમય છે. આવા ઉત્સવો દરમ્યાન આપણે આચાર્ય મહારાજશ્રી, મોટેરા સંતો અને વડીલ ભક્તોના આશીર્વાદ મેળવતા રહીશું. ત્યારે બુદ્ધિમા રહેલા માયાના આવરણો દૂર થતા આત્મદીપનો પ્રકાશ બુદ્ધિને પ્રકાશીત કરે છે. બુદ્ધિ પ્રકાશીત થતા સંસાર સુખના પ્રભાવથી બધ્ધ જીવાત્મા મુકત થતા જે પરમાત્માના ચરણારવિંદના સુખની પ્રાપ્તિનો અનુભવ થશે. જ્ઞાન થશે.

આમ જ્ઞાન એટલે પ્રકાશ અને ભારતીયો એટલે આપણે પ્રકાશના પૂજકો છીએ. ભારત શબ્દનો અર્થ કરતા એક વિધાન કહે છે કે 'ભા' એટલે પ્રકાશ અને 'રત' એટલે તેમાં પ્રેમ રાખનાર. આમ ભારત એટલે પ્રકાશ પ્રેમી દેશ. પ્રકાશના પૂજારીઓ. પ્રકાશ (જ્ઞાન) દરેક જીવાત્માની ઝંખના છે. વિશ્વના દેશોમાં ભારત એક એવો દેશ છે કે જે યુગોથી પ્રકાશનું પર્વ, જે દિવાળી તેનો ઉત્સવ મનાવે છે.


"तमसो मा ज्योतिर्गमय ।" અંધકારમાંથી દિવ્ય જ્યોતિ તરફ એટલે કે જગતના વિષયોમાંથી પ્રીતિ તોડાવી પરમાત્મામાં પ્રીતિ કરાવતું પર્વ એટલે દીપાવલી-પ્રકાશનું પર્વ અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાન રૂપ પ્રકાશ ચારે તરફ ફેલાવવા માટેનું પર્વ. આપણી હિંદુ સંસ્કૃતિમાં દીવાળીનો તહેવાર પાંચ દિવસ મનાવવામાં આવે છે. ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજ.

પ્રકાશ માણસને પ્રવૃતિમાં જોડે છે. પ્રકાશના ઉપાસક થઈ તેની નજીક રહેતા પ્રવૃતિમય જીવન બનતા પરિણામે પ્રગતિ મળશે. આ છે દીવાળીના દીવડાઓનું મહત્વ. જીવનના દરેક ક્ષેત્રમા પ્રકાશ પાથરે છે. આપણે સત્સંગમાં ક્યારેય પણ અંધકાર સામે ફરિયાદ કરવાની નથી. હજારો ફરિયાદ કરીશું તો પણ અંધકાર ક્યાંય જશે નહિ. એને દૂર કરવા માટે જીવનમાં સંત સમાગમ-સત્સંગરૂપી એક નાનો પણ દીવડો પ્રગટાવવો પડશે. દીપ પ્રાગટ્ય થતા જ કુસંગરૂપી અંધકાર ભાગશે. જે વ્યક્તિ સત્સંગમાં એક જીવાત્માને સત્સંગ કરાવી ચેતન મંદિર ઉભુ કરશે - દિપ પ્રગટાવશે તો તે આખા વિશ્વને પ્રજવલિત કરશે.

આમ દીપાવલિ ભૌતિક પ્રકાશનું પર્વ છે અને આપણને આધ્યાત્મિક પ્રકાશ માણવાનો સંદેશો આપતું જાય છે. આ દિવાળીના પ્રકાશમય પર્વ પાસેથી પ્રેરણા મેળવી આપણે પણ 'સ્વયંપ્રકાશ' બનીએ અને પરમાત્માને પામીએ એવી શુભેચ્છા.

બાળકો માટે દિવાળીનો અર્થ તો બસ ફટાકડા ફોડવા, મીઠાઈઓ ખાવી, રજાઓ માણવી તે છે. યુવાનોની દ્રષ્ટિએ નવું વર્ષ શણગારનું પર્વ છે - મહિલાઓ માટે ઘરની સજાવટ, વિવિધ પ્રકારની ભોજન સામગ્રી બનાવી આતિથ્ય સત્કાર કરવો તે છે. વેપારીની દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન થતો લાભ અને તેનો આનંદ માણવાનું પર્વ.

પરંતુ ભગવાનના ભક્તો, સંતો, માટે તો પ્રત્યેક દિવસ દિવાળી હોય છે. કારણ આપણને તો સર્વોપરિ ભગવાન મળ્યા છે. તેનો આઠે પહોર કેફ રહે છે. ભક્તોએ પોતાની અંદર સદ્‌વિચારના દિવસને બીજા માટે સદ્‌ભાવનાના દીવા પ્રગટાવી પરમાત્મામાં જીવાત્માને જોડવાનો ઉત્સવ એટલે દીપોત્સવ.



- શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજી ગુરુ સ.ગુ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી (પ્રયાગરાજ મંદિરના કોઠારી)

હે વહાલા ભકતો ! શ્રીજી મહારાજને

ઉત્સવો બહુ પ્રિય હતા. મોટા ઉત્સવ કરવા ખૂબ ગમતા હતા.

વચનામૃતના શબ્દો ને યાદ કરીએ તો ખ્યાલ આવે (ગ.પ્ર.પ્ર.-૩) વચનામૃતમા શ્રીજી મહારાજ કહે છે, "ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારીને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય. તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી સાધુ સત્સંગીને ભેગા કરીએ છીએ અને જો કોઈક પાપી જીવ હોય તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય. એવો શ્રીજી મહારાજનો ઉત્સવ પ્રિય સિદ્ધાંત હતો.

આજ રીતે આપણે સહુ પ્રેમથી દિવાળીનો ઉત્સવ ઉજવીએ તો સર્વોપરિ શ્રીજીમહારાજ જીવ ઉપર ખૂબ રાજી થાય. એક કવિએ દિવાળીના ઉત્સવનું સુંદર ભાવવાહી શબ્દોમાં કહ્યું છે.

उत्सव आया, उमंग लाया
खुशियो भरा, त्यौहार लाया
सबके दिलो में, उमंग लाया
दिपावली पर्व में, दिप जलाये
प्रभु मिलन का दिवस कराया
आओ सब मिलकर, दिपोत्सव मनाये

આજ રીતે અમદાવાદ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં દિવાળી ઉજવવાનો લ્હાવો મળે અને એ અલૌકિક દર્શન જો યાદ રહી જાય તો પણ જીવનું રુડુ થાય છે.

દિવાળી આવતાની સાથે લોકો પોત-પોતાના ઘરોની સાફ-સફાઈ કરે છે. કેમ કે જેનાથી ઘરમાં ભગવાનનો પ્રવેશ થાય છે. એમ આપણે આપણા હૃદયને કાયમ ચોખ્ખું રાખીએ તો ભગવાનનો પ્રવેશ આપણા અંદર જરૂર થાય છે. અને ભગવાનનો રાજીપો કાયમ માટે આપણા ઉપર રહે છે. હૃદય ચોખ્ખું હોય તો જ મહારાજને ગમે છે. આ સિદ્ધાંત શ્રીજી મહારાજની આ દિવ્ય લીલા દ્વારા જોઈએ.


એકવાર સ્વામિનારાયણ ભગવાને ગઢપુરમાં સુંદર સભાનું આયોજન કર્યું હતું. મહારાજે સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કરેલા હતા. કંઠમાં સુંદર સોનાના આભૂષણ ધારણ કરેલા હતા. કાનમાં

સુંદર મકરાકાર કુંડળ ધારણ કરેલા હતા. મુખારવિંદમાંથી દિવ્ય તેજ ઝળહળી રહ્યું હતું. સહુ ઉપર કરૂણામય દ્રષ્ટિ વરસાવતા હતા. તેજ સમયમાં મહારાજને મળવા સુરતથી સંઘ આવેલો. સૌ સંઘના ભક્તોએ મહારાજને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી કહ્યું સર્વાધાર, અમારા ઉપર દયા રાખજો. ત્યારે મહારાજ કહે તમે પણ અમારા ઉપર દયા રાખજો. અને મહારાજના દર્શન કરી તે સૌ પોતાના સ્થાને પાછા જતા હતા ત્યારે વચ્ચે રાધાવાવ ઉપર વિશ્રાંતિ માટે રોકાણા. ત્યારે કોઈક ભક્તને વિચાર આવ્યો કે આપણે તો તુચ્છ જીવાત્મા કહેવાઈએ. મહારાજ તો આપણા ઈષ્ટદેવ છે અને દયાના સાગર છે. પણ મહારાજે આપણને કેમ કહ્યું કે દયા રાખજો ? બધાય પાછા મહારાજ પાસે ગયા અને વાત કરી આપે કેમ કીધું કે દયા રાખજો. ત્યારે મહારાજ કહે એટલા માટે કીધુ કે તમે તમારું હૃદય ચોખ્ખું રાખશો તો જ અમે તમારા હૃદયની અંદર આવીને વિરાજમાન થશું. નહિતર તમારા ઉપર કેવી રીતે દયા કરશું. એટલે એનો આશય એ કે હૃદય ચોખ્ખું હશે તો જ મહારાજ આપણા હૃદયાકાશની અંદર આવીને વિરાજમાન થશે.

અને સુંદર વર્તોત્સવ દિવાળી આવતાની સાથે સહુના મનમાં અતિ આનંદ હોય છે. સહુના હૃદય ઝૂમી ઉઠે છે અને બધા સાથે મળી દિવાળીનો તહેવાર ધામધૂમથી ઉજવે છે.

(આજ દીવાળી રે, આજ દીવાળી રે, સખી હૈડે તે હરખ ન માય)

આજ દિવાળી છે. હે પ્રભુ જ્યારે જ્યારે પણ તમોને જોવું છુ. એ જ મારા માટે દિવાળી છે. ખરેખર જોઈએ તો જ્યાં સુધી જીવાત્માના હૃદયાકાશની



અંદર દીપ પ્રાગટ્ય નથી થતું ત્યાં સુધી એનું જીવન અંધકારમય જ હોય છે. જેમ દિવાળીના દિવસોમાં લોકો અધંકાર મટાડવા માટે પોતાના ઘરના બારણે દિપ પ્રગટાવે છે. એનાથી આખુંય ઘર પ્રકાશમાન થાય છે. એવી જ રીતે હૃદયાકાશમાં જ્યાં સુધી પરમાત્મા રૂપી પ્રકાશનો ઉદય નથી થતો ત્યાં સુધી દુર્ગણ રૂપી, અજ્ઞાન અંધકારનો નાશ થતો નથી.

હે વ્હાલા ભક્તો ! આપણા જીવનમાં મહારાજને જેટલા સાથે રાખી શું એટલું જ મહારાજના દિવ્ય સ્વરૂપનું સુખ અને આનંદ મળે એટલે જ મહારાજના દિવ્ય સ્વરૂપને સદાય માટે હૃદય કમળની અંદર રાખવા.

જેમ મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામે લંકા ઉપર ચઢાઈ કરી રાવણ સાથે યુદ્ધ કરી લંકા ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો એવી જ રીતે આપણા અંદર રહેલા અંતઃશત્રુઓ અને દુર્ગુણો ઉપર પણ આપણે વિજય મેળવવાનો છે. વિજય મેળવ્યા બાદ ભગવાન રામનું અયોધ્યામાં ખૂબજ સુંદર ભવ્ય સ્વાગત કરીને રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આપણે પણ અંતઃશત્રુઓ પર વિજય મેળવીએ તો આપણા જીવનું પણ ભગવાનના ધામમાં આત્માભિષેક થાય. અને આત્માભિષેક થયા પછી જીવાત્મા માટે તો દરરોજ દિવાળી જ છે. ભક્તો જ્યારથી મહારાજ મળ્યા છે ત્યારથી આપણા માટે તો દરરોજ દિવાળી જ છે. સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી તો મહારાજને કહે છે કે પ્રભુ ! હે વ્હાલા ! અમારા જીવનપ્રાણ, સર્વોપરિ નારાયણ જ્યારથી આપ અમને મળ્યા ત્યારથી તો અમારે ઘેર દરરોજ દિવાળી જ છે. એની સાક્ષી આ કીર્તન પુરે છે.

બ્રહ્માનંદ વ્હાલા તમ સંગ, રમતા મારે દાડી દાડી તે દિવાળી, હૈડામાં મુને વ્હાલા લાગો છો વનમાળી.

મારે માટે દરરોજ દિવાળી જ છે. ભક્તો ! આ સુંદર દિવાળી પર્વને ખૂબ આનંદથી અને સહુ ભેગા મળી ઉજવીએ તો મહારાજ રાજી થાય, દિવાળીનો ઉત્સવ આપણ સહુને ભેગા મળી રહેવાનું શીખવાડે છે, બસ ! એવો સંદેશો લઈને દર વર્ષે દિવાળી આવે છે.

હે વ્હાલા ભક્તો ! દિવાળીના પવિત્ર અવસરે સર્વોપરિ શ્રીજીમહારાજ સૌના હૃદયમાં બિરાજી સૌ ભક્તોને પોતાના સ્વરૂપનું સુખ આપી સુખીયા કરે એજ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

આદરજમાં અન્નકૂટ ઉત્સવ

સાધુ રામકૃષ્ણદાસ
(આદરજવાળા)

સંવત ૧૮૮૧ ની સાલમાં અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ આનંદકંદ અવતારોના અવતારી આજે આદરજ ગામની અવનિ ઉપર અનંત જીવોના કલ્યાણ માટે અક્ષર ધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે. આખા ઠાકોર સમાજના આગેવાનો નિશાનબાજ યુવાનો અને આખા આદરજ ગામના નરનારીઓ વૃદ્ધો અને બાળકોને આનંદ સમાતો નથી. જાણે સહજાનંદ સ્વામી કદી માણ્યો ના હોય એવો આનંદ ઉત્સવ કરાવવા પધાર્યા હતા. મહારાજ ઠાકોર સમાજના ૨૮૨ ગામના શિરમોર સમા આદરજ ગામમાં ઠાકોર સમાજનું કલ્યાણ કરવા પધાર્યા હતા. આજના દિવસે એટલે દિવાળીના દિવસે આખા ઠાકોર સમાજના આગેવાનો સુવિખ્યાત નિશાનબાજો આવ્યા હતા. કારણ કે આજના દિવસે ગામના વિશાળ તળાવમાં પાણી ઉપર માટલું તરતું મુકવામાં આવતુ. માટલા ઉપર કોડિયુંને કોડિયામાં તેલ પુરી દિવેટ સળગાવવામાં આવતી અને પ્રખ્યાત નિશાનબાજો આ સળગતી દિવેટો ઉડાડતા. આવા. સમયમાં શ્રીજી મહારાજ પધાર્યા. લોકોને આનંદ આનંદ થઈ ગયો. આખા સમાજને અહિંયા ભેગા થવાનું કારણ એ હતું કે આખા ઠાકોર સમાજના મુખીયા પ્રમુખ શ્રીજી મહારાજનાં પરમ ભક્તરાજ લાડીલા રતુજી ખાંટ હતા. આદરજ ગામ સયાજીરાવ ગાયકવાડના રાજ્યની સત્તાની હદનું માથાભારે ગામ હતું. ખૂંખાર માણસો ચોરી અને લૂંટફાટમાં પંકાયેલા હતા. માણસ મારવો તે આમના માટે રમત વાત હતી. ગામના વૃદ્ધો પાસેથી સાંભળવામાં આવ્યું છે કે અમારા ગામના માણસો પાટણ, મહેસાણા, ખેડા, ગોધરા, અમદાવાદ આદિ દૂરદૂરથી એક રાત્રીમાં ચોરી કરી આવી જતા. જો ના આવે તો પકડાઈ જતા. કારણ સયાજીરાવ સરકાર આવા પંકાયેલા ચોરોની સવાર-સાંજ હાજરી પુરતી. અત્યારે હાલમાં પણ હાજરી વાળી આંબલી છે. સવાર સાંજ ગામના પ્રખ્યાત ચોરોને હાજરી પુરાવવી પડતી. શ્રીજી મહારાજ આખો સંત-સત્સંગ સમાજ સાથે લઈને પધાર્યા. ૫૦૦ પરમહંસો - કુલ ૨૦૦૦ સંતો હતા. (સત્સંગિભૂષણ શાસ્ત્રના આધારે) અસંખ્ય હરિભક્તોની સાથે મહારાજને જોયા. મનુષ્ય પ્રકૃતિ પ્રમાણે રતુજી ખાંટને મનમાં શંકા પેદા થઈ કે આવડા મોટા સમાજનું ખાવાપીવાનું પુરૂ કઈ

રીતે કરીશ. આ સંકલ્પ ને અંતર્યામી પ્રભુ જાણી ગયા. રતુજી ખાંટની અંતરની વાતને પ્રભુ સમજી ગયા. મહારાજ મંદ મંદ હસ્યા. મહારાજનું મંદ હાસ્ય ભક્ત સમજી ના શક્યા. વળી પ્રભુ બોલ્યા : ભક્તરાજ અમારી ખાવા-પીવાની ચિંતા તમે ના કરશો. અમે તમારું જમવા નથી આવ્યા. અમે અમારૂ જમાડવા આવ્યા છીએ. તમોને તમારા સમાજને આનંદ કરાવવા આવ્યા છીએ. આવી માર્મિક વાણી ભક્ત સમજી ના શક્યા. બીજા દિવસે સવારે રતુજી ખાંટના દીકરાઓ તથા મજુરો ખેતરમાં ગયા અને ખેતર ખેડતા આ લોકોને તાંબાના રાણીછાપ ચાંદીના સિક્કાઓનો ચરૂ દેખાયો. તે લઈને ગામમાં આવ્યા. રતુજીખાંટને પુષ્કળ ધન મળ્યાની વાત કરી. રતુજી ખાંટને રૂપિયા ભરેલો ચરૂ મળ્યો ત્યારે જ શ્રીજી મહારાજમાં ભગવાનપણું જણાઈ આવ્યું. રૂપિયા ભરેલો ચરૂ ભગવાનની પાસે લાવવામાં આવ્યો. રતુજી ભક્ત ભગવાનને કહેવા લાગ્યા. પ્રભુ તમે અમારા મહામૂલા મહેમાન બન્યા મને પાવન કરવા આવ્યા છતાં મેં મનુષ્ય બુદ્ધિથી વિચાર્યું કે તમારા આટલા મોટા સમાજનું ખાવાપીવાનું હું કઈ રીતે પુરૂ કરીશ. મારી મોટી ભૂલ થઈ. આપ તો વિશ્વંભર છો. અમે પામર જીવ આપનું અને બીજાનું શું પોષણ કરીએ ? આપ સર્વેના ભરણપોષક છો. પ્રભુ મારી પાસે ઘણુંજ ધન છે. આ રૂપિયાનો ચરૂ આપના ચરણમાં ભેટ કરવા આવ્યો છું. આપ મારી ભેટ સ્વીકારો. મહારાજ કહે, દરબાર તમોને અમારી અને અમારી સાથે આવેલા સંતો ભક્તોને જમાડવાની ચિંતા હતી. એટલે ભગવાને તમારી ચિંતા દૂર કરી છે. આ ધન ભગવાને તમોને આપ્યું છે. આપ રાખો. રતુજી ખાંટની આંખોમાં પ્રેમાશ્રુ ભરી આવ્યા અને ગદ્‌ગદ્‌ કંઠે કહેવા લાગ્યા, પ્રભુ મનુષ્ય પ્રકૃતિ પ્રમાણે મેં એવું વિચાર્યું કે તમારૂ અને તમારા સંત-હરિભક્તોનું ખાવા-પીવાનું હું કઈ રીતે પુરૂ કરીશ. હે ભગવાન હું પામર પતિત, આપ વિશ્વંભર છો તે ભૂલી ગયો. હું શું આપનું ખાવા પીવાનું પુરૂ કરીશ. આપ અખિલ બ્રહ્માંડનું ભરણ પોષણ કરો છો. મહારાજ આપની દયાથી મારી પાસે પુષ્કળ ધન છે. ૭૦૦ વિઘાની જમીનનો હું આપની દયાથી માલિક છું. આ ધન મળેલું મારે ના જોઈએ. હું આપના શ્રી ચરણમાં ભેટ કરવા આવ્યો છું. આપ સ્વીકારો અને મને પતિતને આપ પાવન કરો. પ્રભુ લોભને વશ થઈને આવા વિચારો આવ્યા. મારી પાસે ધન ખૂબ જ છે. ભગવાન આપ અહીં ઉત્સવ કરો. ખૂટતું ધન મારા રાજ દરબારમાંથી લેજો. શ્રીજી મહારાજ ભક્તના વિચારોથી ખૂબ જ રાજી થયા અને બધાજ સંતો વર્ણીઓ મુનિઓ પાર્ષદો તથા દરેક હરિભક્તને આજ્ઞા કરતા કહેવા લાગ્યા. હે મારા પ્રાણ પ્રિય ભક્તો ! ભક્તરાજ રતુજી ખાંટના મનની ખાતર આપણે અહીંયા અન્નકૂટ ઉત્સવ ઉજવવો એવો અમારો વિચાર છે. સંત-હરિભક્તો શ્રીજી મહારાજના આ વિચારથી નાચવા ઝૂંમવા લાગ્યા. આનંદ આનંદ થઈ ગયો. દરેક સંત-વર્ણીઓ પોતપોતાની આગવી સૂઝથી ખૂબ પ્રેમ અને પવિત્રતાથી રસોઈ બનાવવા લાગ્યા.

ભગવાન જમે અને રસોઈના વખાણ કરે ! બનાવનારની પ્રશંસા થાય ! ભગવાન રાજી થાય પછી કોણ ભક્ત એવો હોય જે રસોઈ બનાવવા તૈયાર ના થાય ! વયોવૃદ્ધ સંતો પણ આજે પ્રભુનો રાજીપો મેળવવા મિષ્ઠાન પકવાન બનાવવા ધોતિયાના કાછોટા વાળ્યા, ગાતડીઓ સરખી કરી ખેસ ખંભે લઈ કેડો ઉપર વિંટ્યા છે. માનો ભગવાનને રાજી કરવા કેડ્યો કસી ના હોય ! મુક્તાનંદસ્વામી જેઓને સત્સંગની "મા" નું બિરૂદ મળ્યું હતું. એવી સત્સંગની "મા" એ મેસુબ અને મોહનથાળ બનાવ્યો. પોતાના અંતરના પ્રેમના મધમધતા ઘી અને સ્નેહની સુગંધીદાર સાકર ખૂબ જ નાખીને ભાવ સમાધિ લાગી જાય એવા દર્શન સર્જાયા. બ્રહ્માનંદ સ્વામી સબડકો ભરી જમવામાં ખૂબ જ કાબીલ હોંશિયાર હતા. ભગવાનને જમાડવા સબડકો ભરાય એટલે બ્રહ્માનંદી બાસુંદી ઘણાજ તેજાના મસાલા નાખી ખૂબ જ સુંદર બનાવી. ભગવાનની પ્રસાદી બધા ભક્તોને મળે એટલે બુંદીના લાડુ કાજુ, બદામ, દ્રાક્ષ, ઈલાયચી નાખી વિશેષ બનાવ્યા.

ગોપાળાનંદ સ્વામીએ ગળ્યા સાટા, ગુંદર પાક અને ગુજીયા બનાવ્યા. પ્રેમાનંદ સ્વામીના પેંડા-બરફીનો કોઈ જવાબ ન હતો. નિષ્કુળાનંદ સ્વામીએ નરમ નરમ સેવો બનાવી. સુખાનંદ સ્વામીની સુખડી ખૂબ જ સારી બની હતી. નિત્યાનંદ સ્વામીએ નાધેરી ગોળમાંથી તલ સાંકળી બનાવી લાવ્યા

છે. ગુણાતીતાનંદ સ્વામીએ ગુલાબ જાંબુ અને ગણગણ બનાવ્યા. મહાનુભાવાનંદ સ્વામીએ મગજ, મગદાળ, મઠીયા બનાવી લાવ્યા. વ્યાપકાનંદ સ્વામીના સાદા વડા, દેવાનંદ સ્વામીના દહીંવડાં પણ થાળમાં હાજર હતા. ભૂમાનંદ સ્વામી ભાખરવડી ખાજાખુરમાં બનાવી લાવ્યા. જેરામ બ્રહ્મચારી જલેબી કેસર યુક્ત બનાવી લાવ્યા. ગુરૂચરણરતાનંદ સ્વામી ગાંઠીયા, પાપડી, સેવો બનાવી લાવ્યા, ભાયાત્માનંદ સ્વામી ભજીયા, ભાખરીયો, ભાત બનાવી લાવ્યા, પૂર્ણાનંદ સ્વામી પૂરણપોળી ઘી સાકરમાં બોળીને લાવ્યા. પરમ ચૈતન્યાનંદ સ્વામીના પતાસા, પરમાનંદ સ્વામીના પાપડ પણ ખરા ! મંજુકેશાનંદ સ્વામીના મૌતયાના લાડુ, મૂળજી બ્રહ્મચારીએ મરકી મોળા સાટા બનાવ્યા હતા. આનંદાનંદ સ્વામીના અડદિયા, શિવાનંદ સ્વામીના સક્કરપારા, સ્વરૂપાનંદ સ્વામીની સુતર ફેણી, ઘનશ્યામાનંદ સ્વામીના ઘેબર, ઘુઘરા સરસ બનેલા, કહેતા પાર આવે એવો નથી. અસંખ્ય સંતો વર્ણીઓ હતા. હજારો જાતના મિષ્ટાનો પકવાનો ફરસાણો, વ્યંજનો બનાવેલા, ચુરમાના લાડું, ગગન ગાંઠિયા, ટોપરાપાક, બિરંજ સાકરનો શીરો, લાપસી, કંસાર, દૂધપાક શીખંડ, કાજૂ કતરી, કાજુના મૈસુબ, માલપૂવા, પૂરણપોળી, ફૂલવડી, કચોરી, સમોસા, હાંડવો, રોટલી, રોટલા, ગોટા પતરવેલીયા, મુઠીયા, ચેવડો, ચવાણું, ચોળાફળી, ચટણી, મઠો, રાયતુ, કમોદનો ભાત, ચણાદાળ - તુવેરદાળ, મગદાળ, મસુર દાળ, અડદની દાળ, મોગર દાળ, કઢી, વાલ, વટાણા, ચણા, ચોળા, તુવેરો, મઠ, મગ, દહીં, ભાત, દૂધભાત, ઘી ભાત આદિ.

શાકોના નામો આ પ્રકારે છે. સુરણ, રતાળુ ફણસી, વાલોળ, કંકોડા, કારેલા, વેતાંક, ભીંડાની ફળી, ગવારની ફળી, ચોળાની ફળી, તુરિયા, ગલકા, કેળા, કોળાના શાકો, દૂધી, કોબીજ, ફુલાવર, ગાજર, કાકડી, લીલવા, ભાજીઓ, તાંદળજો, સવાની ભાજી, મેથી, મૂળા, મોગરી, ડોડીની ભાજી, અળવી, પરવળ વગેરે.

વિવિધ પ્રકારના અથાણાઓ, કેરી, મરચાના, ગુંદા, આદુના, વાંસ, ચીભડાના, લીંબુ, આમળાના, ગરમ કેરીનો બોળ, કરંમદા, બીલીના અથાણા. દુનિયાની જેટલી ખાદ્ય સામગ્રી હતી બધી જ શ્રીજી મહારાજના થાળમાં હાજર કરવામાં આવેલી અને પછી તો લટકાળો લાલ ભક્તવત્સલ ભગવાન પીતાંબર પહેરી, રેશમી ખેસ ઓઢી સોનાની તુદારીઓ વાળી ચાંદીની ચાંખડીઓના ચટકારા કરતા અન્નકૂટ જમવા પધાર્યા. લાખો ભક્તોને ભગવાને જ્યારે દર્શન દીધા ત્યારે ભક્તોમાં આનંદનો અતિરેક છવાઈ ગયો ! ભક્તોની દર્શનની ભૂખ ભાંગવા આજે અનેકરૂપે થયા. જેનો ઉલ્લેખ આધારાનંદ સ્વામીના ગ્રંથમાં કરવામાં આવ્યો છે. શ્રીજી મહારાજે આદરજના અન્નકૂટ ઉત્સવમાં અનેક રૂપ ધારણ કરેલા. પરમાત્માને સોનાના મણી જડિત સિંહાસન ઉપર પધરાવવામાં આવ્યા. સોના ચાંદીના થાળોમાં મિષ્ટાનો, પકવાનો, ફરસાણો, વ્યંજનો, શાકો અથાણાઓ ધરાવવામાં આવ્યા. સોનાના રત્ન જડિત સુંદર સુગંધી શીતળ જળના અબખોરા ભરાવીને ભગવાન આગળ મુકવામાં આવ્યા. પાન બીડી મુખવાસો ભગવાનને ધરાવવામાં આવ્યા. મહા મહોત્સવ અન્નકૂટની આરતી આદરજ ગામના પરમ ભક્ત રતુજી ખાંટ પાસે મોટેરા સંતોએ ઉતરાવી. દર્શન ખુલ્લાં મુકવામાં આવ્યા.

ભક્તો ! આકાશમાં દેવતાઓ, ઋષિઓ, અપ્સરાઓ, ગાંધર્વો કિન્નરોની ભીડ જામી ગઈ ! "ન ભૂતો ન ભવિષ્યતિ" આવું માની દર્શન કરવા લાગ્યા. પ્રભુ એક એક મિષ્ટાન્ન એક એક ફરસાણ જે બ્રહ્મનિષ્ઠ અને પ્રભુને અતિ પ્યારા સંતોએ બનાવેલા તેઓના નામ લઈ અંતર્યામી પ્રભુ ખૂબ જ પ્રેમથી જમવા લાગ્યા. દર્શન માટે ભક્તોની કતારો થવા લાગી. આખા આદરજ ગામમાં નહીં પણ પૂરા દંઢાવ્ય પ્રદેશમાં આજે આનંદની હેલી છે ! કારણ આવો મહામોટો અન્નકૂટ ઉત્સવ પહેલીવાર ઉજવવામાં આવ્યો હતો. આવો મહા મહોત્સવ કોઈ મનુષ્યે પોતાની પેઢીઓ પર્યન્ત જોયો - સાંભળ્યો ન હોતો ! પોતાની જાતને ભક્તો ભાગ્યશાળી માનવા લાગ્યા હતા. પોતપોતાના ઘેર રહી ગયેલા સ્વજનો માટે દયા આવવા લાગી હતી કે તેઓને આવા ઉત્સવના દર્શન ના થયા. સૂર્ય ઉદય થયો ત્યારથી સૂર્ય અસ્ત થયો ત્યાં સુધી ભક્તોની ભીડ ઓછી થવાની નામ નથી લેતી. ભગવાનના દર્શન ભૂખ્યો ભાસ્કર આજે આથમવાનું ભૂલી ગયો. આજનો સૂર્ય પોતાને ધન્ય માનવા લાગ્યો.

દહાડે દહાડે દિવાળી



શાસ્ત્રી સૂર્યપ્રકાશદાસ ગુરુ શા. સ્વામી ગોપાલચરણદાસજી (વાંકાનેર)

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની પ્રાપ્તિ એ જ સાચી દિવાળી છે. એટલે તો નંદ સંતોએ ગાયુ છે. "મારે દહાડે દહાડે - દિવાળી" દીપાવલિ નજીક આવે એટલે દરેક માનવ મકાન, દુકાન કારખાનું વગેરેમાં ખૂણે ખાંચરે રહેલ કચરો કાઢી સાફસૂફી કરી રંગ રોગાન કરે છે. સુશોભિત કરે છે. દીવડાઓ પ્રગટાવે છે. જેથી અંધકાર દૂર થાય અને લક્ષ્મીજી પધારે. પોતે પણ સ્નાનાદિક કરી સુંદર વસ્ત્રો પરિધાન કરી અત્તરાદિકથી શરીર સુગંધીત કરે છે. મીઠાઈઓ જમે છે. દારૂખાનું ફોડે છે. ને જીવનનો આનંદ મેળવે છે દિવાળીના દિવસે ક્રોધ, કલહ ન થાય તેનું ખાસ ધ્યાન રાખે છે. જેથી આગામી આખુ વર્ષ આનંદ પ્રમોદમાં વ્યતીત થાય તેવી આશા રાખે છે.

પરંતુ ભગવાનના ભક્તની દિવાળી જગતથી ન્યારી, દિવ્યને અલૌકિક હોય છે. તેને દુન્યવી આનંદપ્રમોદ ગૌણ હોય છે. તેને ભગવાનને સત્સંગથી આનંદ હોય છે. સત્સંગ કરવો ને કરાવવો એજ એને મન સાચો દીવડો છે. અજ્ઞાનરૂપી અંધકારને હૃદયમાંથી દૂર કરવા માટે તે "સત્સંગદીપ" નો આશ્રય કરે છે. "સત્સંગ એજ સાચો દીપક છે." સત્સંગિજીવનમાં સત્સંગ દીપની વ્યાખ્યા કરતા સ્વામિનારાયણ ભગવાન કહે છે.

सत् शब्देन परंब्रह्म,
साधवश्च तदाश्रिताः ।
प्रोक्तास्तदीयो धर्मश्च,
शास्त्रं चैतत्त्रिकाश्रयम्: ॥
स.જી.પ્ર.૩-૨૨-૪

सत् શબ્દથી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાને કહેલ છે सत् શબ્દથી સ્વામિનારાયણ ભગવાનના (ધર્મકુળ આશ્રિત) સંતોને કહ્યા છે. सत् શબ્દથી ભગવાને ઉપદેશેલ ધર્મ કહ્યો છે અને પરબ્રહ્મ, સંતો, ધર્મ આ ત્રણેયનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રને "सत्" શબ્દથી કહેલ છે. સત્સંગ એ જ સત્યદીપ છે. દીપક પ્રગટાવ્યા પછી તેમાં વારંવાર દિવેલ પુરવું પડે છે નહિતર દીપક ઓલાઈ જાય ને અંધારૂ થાય, તેમ સત્સંગરૂપી દીપકને કાયમ પ્રગટીત રાખવા માટે દરરોજ દેવ, શાસ્ત્ર, આચાર્ય, સંત સમાગમની જરૂર પડે છે.

જગતના જીવો જેમ મકાન, દુકાનમાંથી કચરો કાઢે છે તેમ ભગવાનના ભક્ત દેહરૂપી મકાનમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર, ઈર્ષ્યા, અભિમાન, અહંકાર વગેરે દોષો કાઢી શરીરને શુદ્ધ નિર્મળ કરી હૃદયમાં આત્માને વિષે પરમાત્માના દર્શન કરી અન્નકોટ, પૂજા પાઠ વગેરે કરી દિવાળીનો આનંદ મેળવે છે. કામ, ક્રોધાદિક દોષો ટાળવા દેવોને પણ દુર્લભ છે. પરંતુ ભક્તને માટે તે સુલભ છે. કારણ કે ભક્ત તે દોષો ટાળવા માટે ભગવાનની આજ્ઞા અને ઉપાસના નો આશ્રય લે છે. સત્સંગનો પક્ષ રાખે છે. ગ.પ્ર.પ્ર. વચનામૃત ૭૮ માં મહારાજ કહે છે, "જેને સત્સંગનો અતિ દૃઢ પક્ષ હોય તે જ્યારે સત્સંગનું કોઈક ઘસાતું બોલે ત્યારે ખમી શકે જ નહિ. જેમ પોતાનો કુટુંબી હોય ને તે સાથે કચવાણ થઈ હોય તો પણ તેનું જ્યારે કોઈ ઘસાતું બોલે ત્યારે ખમાય નહિ. એવી રીતે જેવો દેહના સંબંધીનો પક્ષ છે તેવો જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ છે. જેને એવો સત્સંગનો પક્ષ છે તે સંત અથવા સત્સંગી

તે સંઘાથે માન, મત્સર, ઈર્ષ્યા કેમ રાખી શકે ? માટે જેને સત્સંગનો પક્ષ હોય તેના માન, મદ, મત્સર, ઈર્ષ્યાદિક સર્વ શત્રુઓ નાશ થઈ જાય છે.'' તામસી કર્મ ટાળવા માટે મહારાજ સા. ૯ વચનામૃતમાં કહે છે - ''જો એને સંત તથા પરમેશ્વરના વચનને વિષે અતિશે શ્રધ્ધા હોય અને અતિ દૃઢ વિશ્વાસ હોય તો ગમે તેવા તામસી કર્મ, હોય પણ તેનો નાશ થઈ જાય અને કળિયુગનાં ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે વર્તે, માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.

ભક્તને રજોગુણ ને લીધે ક્યારેક મલિન ઘાટ થાય તે ટાળવાનો ઉપાય મહારાજ ગ.પ્ર.પ્ર. વચનામૃત ૩૦ માં સત્સંગનો મહિમા જણાવતા કહે છે - ''સત્સંગનો પ્રતાપ તો અતિશે મોટો છે. અને બીજા સાધન છે તે કોઈ સત્સંગ તુલ્ય થાય નહિ કાં જે કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ થતી નથી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે, તે કારણપણા માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન, કર્મ, વચને નિષ્કપટ પણે સત્સંગ કરવો તો સત્સંગના પ્રતાપથી એ ઘાટની નિવૃત્તિ થઈ જાય છે.'' રજોગુણ ટળે એટલે સત્વગુણ વર્તે સત્વગુણે કરીને સત્સંગમાં દૃઢતા આવે છે, તેથી દુઃખ સહન કરવાની શક્તિ વધે છે. સત્સંગમાં માન થાય કે અપમાન થાય છતાં તે ભક્તનું મન સત્સંગમાંથી પાછું હઠે નહિ. તેવા ભક્તને મહારાજ પોતાના સગા વહાલાં ને પોતાની નાત માને છે. તેને સદા સાથે રાખે છે. મહારાજ ગ.અ.પ્ર. વચનામૃત ૯ માં કહે છે - ''જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવા દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિ. એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે તેજ અમારે તો સગા વહાલા છે, ને તેજ અમારી નાત છે. ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે ને શ્રીકૃષ્ણ ભગવાનનાં ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે.''

સત્સંગનો મહિમા અપાર છે. સર્વે વ્રત તપ આદિકનું ફળ સત્સંગ છે. સત્સંગથી ભગવાનને ભક્તાધિન થવું પડે છે. મહારાજ ગ.અં.પ્ર.૨, વચનામૃતમાં કહે છે - સર્વે સાધનના ફળરૂપ આ સત્સંગ છે. તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ પ્રત્યે ભાગવત સ્કંધ ૧૧, અ. ૧૨ માં કહ્યું છે ''જે અષ્ટાંગયોગ તથા સાંખ્યવિચાર તથા શાસ્ત્ર પઠન તથા તપ ત્યાગ યોગ યજન દાન વ્રતાદિકે કરીને હું તેવો વશ થતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું.'' સત્સંગમાં દૃઢતા આવે ત્યારે જ ભગવાનની સ્વરૂપ નિષ્ઠાનું અતિશે બળ મળે છે. આવી નિષ્ઠાવાળા ભક્તને મહારાજ એકાંતિક ભક્ત પાકો સત્સંગીને કૃતાર્થ ભક્ત કહે છે. ગ.મ.પ્ર.૯ વચનામૃતમાં શ્રીજી મહારાજ - ''આ સમે જેને સત્સંગમાં પ્રતિતી આવી છે તેના પુણ્યનો પાર આવે એમ નથી. એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ.'' કૃતાર્થપણું છે એટલે તેને કાંઈ કરવું રહેતું નથી. મહારાજનો રાજીપો તેણે મેળવી લીધો છે. જન્મનું ફળ મેળવી લીધું છે. સદેહેજ આત્યંતિક કલ્યાણ મેળવી લીધું છે. આવો ભક્ત કાયમ આ લોકમાં ને પરલોકમાં મહારાજના સુખે સુખી થઈ કાયમ સ્વામિનારાયણ ભગવાનની અખંડ સેવામાં રહે છે. મહારાજના સુખ સાગરમાં ઝીલતો રહે છે. આવા ભક્તને માટે કાયમ દિવાળીને દિવાળી જ છે. દી-વાળે તે દિવાળી જે દિવસો ભગવાન તરફ વાળે તે દિવાળી છે. એટલે તો સંતોએ ગાયુ છે ''મારે દહાડે દહાડે દીવાળી'' ભગવાનને સત્સંગ, ઓળખાય તેજ સાચી દિવાળી છે. બાકી તો બહાર હજારો દીવા પ્રગટાવવા છતાં પણ અંતરમાં તો ઘોર અંધકાર રહે છે.

ન્યુ દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિર એડ્રેશ અને ફોનમાં સુધારો

૨૧, ગુજરાત વિહાર, જમુના પાર, પ્રીત વિહાર પેટ્રોલ પમ્પની સામે,
વિકાશ માર્ગ, ન્યુ દિલ્હી- ૧૧૦ ૦૯૨.
ફોન નં. : (૦૧૧) ૨૨૪૨૯૮૭૧.

આનંદની હેલી

બેસતા વર્ષની શિબામણ

- શાસ્ત્રી હરિજીવનદાસ સ્વામી

ઓહોહોહો ! આજે બધા કેમ વહેલા જાગવા માંડ્યા છે ! શું છે આજે ? જ્યાં લોકો નવેક વાગે માંડ ઉઠતા ત્યાં એ લોકો આજે સૂર્યોદય પહેલાં ઉઠી ઉઠીને નાવા જાય છે. માતાઓ બહેનો પોતપોતાના લાલાઓ, બકાઓ, શૈલાઓ ને ભૈલાઓને મીઠા સાદ કરી કરીને જગાડી રહી છે. જાગો બેટા ! જલ્દી નાહી લો, મંદિરે આરતી કરવા જવાનું છે.

નાના મોટા દરેકે નવા નકકોર વસ્ત્રો પહેર્યા છે. અત્તર તેલ-ફુલેલ લગાવીને લોકો સગાંઓ અને મિત્રોને ઘેર જાય છે. કોઈક મંદિરોમાં જાય છે. પરિવારના નાના બાળકો વડીલો તથા માતા-પિતાના આશીર્વાદ લઈ રહ્યા છે. આજે આખું મલક મુખમાં મીઠાઈ ને મધુર સ્મિત લઈને ફરતું દેખાય છે. ઉદાસી અને ઉચાટને આજે દેશવટો આપવામાં આવ્યો છે. પરંપરિત વસ્ત્રો અને અલંકારોથી સજજ થઈને ફરતી દેવ કન્યાઓ અને બહેનોથી વાતાવરણ ભર્યું ભર્યું બન્યું છે.

નાના-નાના ટેણીયાઓ ઘર આંગણે ફટાકડા ફોડીને નવા મહેમાનને વધાવી રહ્યા છે. એ નવા મહેમાન કોણ ? એજ કે જેને વધાવવા આખું ભારતવર્ષ આજે મંગળ પ્રભાતે જાગ્યું છે. સર્વત્ર નૂતન વર્ષ રૂપી મહેમાનનું સ્વાગત થઈ રહ્યું છે. પરંતુ જેમના લીધે આ નૂતન વર્ષ અને નૂતન જીંદગી બક્ષિસ મલી છે. તેવા પરમાત્માને જાણે-અજાણે લોકો ઠેબે ચડાવી દે છે. એય પાછું બેસતા વર્ષના દિવસે જ.

વાત એમ છે કે બેસતા વર્ષના દિવસે દિવ્ય માહોલ વચ્ચે સ્વયં લક્ષ્મી અને નારાયણ બ્રાહ્મણ વેશે પૃથ્વી ઉપર પધાર્યા છે. ફરતાં ફરતાં બંને એક નગરમાં શેઠની દુકાને આવ્યા. શેઠ એટલે લક્ષ્મીના પાકા પૂજારી જોઈ લો. નારાયણે લક્ષ્મીજીને કહ્યું કે તમે હવે બરાબરનો તાલ જો જો. હું શેઠ પાસે જાઉં છું. બ્રાહ્મણ વેશે ભગવાનને યાચના કરી શેઠ ! રામ, રામ આજે બેસતું વર્ષ છે. બ્રાહ્મણને કાંઈ આપશો કે ?

"આ બલા ક્યાં આજે આવી ?" શેઠે વિચાર કર્યો. પછી ગલ્લામાં એક સિક્કો ફંફોળવા માંડ્યા. ત્યાં જ પ્રભુ બોલ્યા શેઠ ! તમારી આવકમાંથી ભગવાનનો ભાગ બાગ કાંઈ કાઢો છો કે નહીં ? ભાગની વાત આવતાં શેઠનો મિજાજ બગડ્યો. મારો વાલો માગણ, ભાગ કાઢવાની વાત કરે છે ? તરત જ નોકરને હુકમ કર્યો કે અલ્યા એય, આ માણસને લાત મારીને કાઢી મૂક. આ ટાંણે બોણી બગાડવા આવ્યો છે. નોકર સંસ્કારી હતો. એટલે કહી દીધું શેઠ ! હું લાત મારવાનો પગાર નથી લેતો. એટલે શેઠે જાતે ઉભા થઈને બ્રાહ્મણને લાત મારી. બ્રાહ્મણ ધૂળમાં પટકાયો. મોંમાં ધૂળ ગઈ. આ જોઈને લક્ષ્મીજીને બહુ દુઃખ થયું. મારા પતિની આ દશા !

પ્રભુ ઉભા થઈને લક્ષ્મીજી પાસે આવ્યા. દેવી ! આ તારા ભક્તો ! મને તો હંમેશા તારા આવા ઉપાસકોની લાતો જ ખાવી પડે છે. ન કાંઈ કામ કરે, ન આદર આપે. સાંભળીને લક્ષ્મીજી શરમિંદા થઈ ગયા. અરર ! મારા ભક્તો મારા પતિની આવી જ દશા કરતા હશે ! ધીરે રહીને લક્ષ્મીજી બોલ્યાં, એને બરાબર પાઠ ભણાવો ને ! દેવી, એમ જ કરું છું.

ભગવાને નગરશેઠનું રૂપ લીધું. માથે સુંદર પાઘ, જરીયાની વાઘા અને સોના-ચાંદીના કિંમતી હાર-આમ સજજ થઈને આવ્યા શેઠની દુકાને. શેઠ લઘુશંકા કરવા બહાર નીકળ્યા અને નગરશેઠ શેઠની ખુરશીમાં બિરાજી ગયા. ત્યાં શેઠ આવ્યા. નગરશેઠને કહ્યું તમે કોણ છો ? ચાલો, ઉભા થાઓ. પ્રભુ તો બેસી જ રહ્યા. ઉલટું, એના જ નોકરે શેઠને ધક્કો માર્યો અને પાડી દીધા.

ઉભા થઈને શેઠ ઘર તરફ દોડ્યા. રખે ને આ નગર શેઠે શેઠાણીને ભરમાવી જાય તો ! પરંતુ શેઠ ઘેર પહોંચે તે પહેલાં નગરશેઠે સંદેશો મોકલાવી દીધો કે મારા જેવો વેશ લઈને બહુરૂપી ઘેર આવે છે, બારણાં ખોલીશ નહિ. શેઠ ઘેર ગયા. બારણું ખખડાવ્યા તેને બહુરૂપી જાણીને શેઠાણીએ બારણું

ઉઘાડ્યું જ નહિ. છેવટે શેઠ રાજા પાસે ફરિયાદ કરવા ગયા. નગર શેઠે રાજાને ત્યાં પણ સંદેશો કહેવરાવ્યો કે મારો વેશ લઈને શેઠ આવે છે તેમને સજા કરજો. દેશ નિકાલ કરજો. શેઠ તો પહોંચ્યા રાજા પાસે. રાજાએ કાંઈ સાંભળ્યા વગર તેને કાઢી મૂક્યા. શેઠ બહુ જ હતાશ થઈ ગયા. ગામ બહાર મંદિર હતું ત્યાં જઈને ઉદાસ થઈને બેઠા.

ત્યાં જ બ્રાહ્મણવેશે ભગવાન આવી પહોંચ્યા. અને કહેવા માંડ્યા શેઠ ! સવારે તમારું મોઢું જોયું તો મને કાંઈ જ ન મલ્યું. મારો આખો દહાડો બગડ્યો. "અરે મારી તો જીંદગી બગડી. હું તો ઘરબાર વગરનો થઈ ગયો. કંગાળ થઈ ગયો, હાય હાય ..... "એમ કહીને શેઠ રોવા માંડ્યા. બ્રાહ્મણ વેશ ધારી પ્રભુ બોલ્યા શેઠ ! હવે તો ભગવાનનો ભાગ કાઢશોને ? જવાબમાં શેઠે પ્રભુના ચરણ પકડી લીધા. ભગવાને કહ્યું, જાઓ, સુખી થાઓ. તમારી દુકાન સંભાળી લો. શેઠે ભગવાનને દંડવત્ કર્યા. જઈને દુકાન સંભાળી લીધી. ભગવાનની કૃપાથી શેઠનું નવું વર્ષ બગડતાં બગડતાં રહી ગયું.

સજ્જનો ! પૈસા મલશે, ગાડી, બંગલા, સુખ-સંપત્તિ બધું જ મલશે. પણ સદ્‌બુદ્ધિ નહિ હોય તો લક્ષ્મીપતિને લાતો મારશે અને લક્ષ્મીજીને કહેશે આવો બેસો, પણ ભૂલે ચૂકે દીવાળીના દિવસે નારાયણની પૂજા નહિ કરે. લક્ષ્મીજી તો પતિવ્રતા છે તે એકલાં ક્યાંય જતાં નથી. લક્ષ્મીજી તો ભગવાનનાં પાકા ભક્તો ઉપર જલ્દી કૃપા કરે છે. બીજું, ધનનું ગુમાન ખતરનાક છે. ધનપતિઓ કેટલીકવાર ઈશ્વરની છાતીમાં જાણે-અજાણે લાતો મારી દે છે. પરંતુ ઈશ્વરનો ભાગ કાઢનારની લક્ષ્મી પવિત્ર ને સાત્વિક બની જાયછે. તમે નવા વર્ષથી કાંઈક નિયમ લેશો ખરા ? સર્વે વાંચક ભક્તોને લેખક તરફથી નૂતન વર્ષાભિનંદન સહ જય શ્રી સ્વામિનારાયણ.

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દીપાવલીના શુભ કાર્યક્રમ

ધનતેરશ (આસો વદ-૧૩) તા. ૭-૧૧-૨૦૦૭ બુધવાર, શ્રી લક્ષ્મીપૂજન, ધન્વતંરી જયંતી, ઠાકોરજીના અલંકારો ધોવા.

કાળી ચૌદશ (આસો વદ-૧૪) તા. ૮-૧૧-૨૦૦૭ ગુરુવારના ચતુર્દશી, શ્રી હનુમાનજીનું પૂજન - આરતી : સાંજે ૬-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય - મહારાજશ્રીના શુભ કર કમળ થી સંપન્ન થશે.

દીપાવલી (આસોવદ-૩૦) તા. ૯-૧૧-૨૦૦૭ શુક્રવાર : સમૂહ ચોપડા-શારદાપૂજન, લક્ષ્મીપૂજન સાંજે ૫-૩૦ કલાકે અમદાવાદ મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ કરકમળથી વિદ્વાન વિપ્રો દ્વારા સંપન્ન થશે.

નૂતન વર્ષાભિનંદન/અન્નકૂટોત્સવ કારતક સુદ-૧ તા. ૧૦-૧૧-૨૦૦૭ શનિવાર, સર્વોપરિ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી સવારે ૫-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઉતારશે. અને ત્યારબાદ પોતાની બેઠકમાં પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સહ પરિવાર દર્શન આપશે.

ગોવર્ધન પૂજન સવારે ૯-૦૦ કલાકે, અન્નકૂટોત્સવ આરતી બપોરે ૧૨-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થશે. અન્નકૂટ અન્નકૂટ દર્શન ૧૨-૦૦ થી ૪-૩૦ કલાક સુધી.

અમદાવાદ મંદિરમાં પરંપરાગત સમૂહ શારદા પૂજન

શ્રીજી મહારાજના સર્વે સુજ્ઞ-વ્હાલા હરિભક્તોને સહર્ષ જણાવવાનું જે, સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે વિદ્વાન પંડિતો દ્વારા અમદાવાદ મંદિરના પ્રસાદીના સભા મંડપમાં આસો વદ-૩૦ દીપોત્સવી અમાસ ને તા. ૯-૧૧-૨૦૦૭ને શુક્રવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે સમૂહ શારદા પૂજન - ચોપડા પૂજન વેદ વિધિસર શાસ્ત્રોક્ત રીતે ધામધૂમથી સંપન્ન થશે. શારદા પૂજનમાં લાભ લેવા ઈચ્છતા ધર્મપ્રેમી વહેપારીઓએ પોતાના ચોપડા નંગ-૨ નામ સરનામું ફોન નંબર ના સ્ટીકર સાથે લાલ કાપડમાં બાંધીને કોઠારમાં જમા કરાવી પાકી પહોંચ મેળવી લેવી.

ચોપડા સ્વીકારવાની છેલ્લી તારીખ ૮-૧૧-૨૦૦૭ છે. ત્યાર બાદ ચોપડા સ્વીકારવામાં નહીં આવે તેની નોંધ લેવી. *(કોઠારી સ્વામી)*



શ્રીજીનું અપર સ્વરૂપ

- ડૉ. સી.એન. પારેખ (M.D. Pad) (રાજકોટ)

શ્રીજી મહારાજ ભક્તવત્સલ ભગવાન હતા તેવા જ આપણા મોટા બાપજી પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ભક્ત વત્સલ છે. તેનો સચોટ, સ્વ અનુભવ પ્રસંગ આજ પણ મારી આંખ સમક્ષ દેખાય છે. આજ શ્રીજી મહારાજનું અપર સ્વરૂપ છે, આજ શ્રીજી મહારાજનો અંશ છે. અને આમાજ એકાતમ્યપણું દેખાય છે. મહિમા રાખી પ્રભુ ભજીએ તો આજ પણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ અક્ષરધામના અધિપતિ શ્રીજી મહારાજ આપણી સામે જ છે. આપણી અંદર છે.


હું યાદ કરૂ તો આશરે સને ૧૯૬૮-૬૯ એટલે આશરે ૩૮-૩૯ વર્ષ પહેલાં હું જોડીયા (જામનગર ડિસ્ટ્રિકટ)માં ગર્વમેન્ટ ડિસપેન્સરીમાં મેડીકલ ઓફીસર તરીકે સર્વિસ કરતો હતો. ગામમાં નાનું સુંદર હરિ મંદિર છે. બે સંતો મંદિરની સેવામાં રહેતા, હું હંમેશા સાંજે મંદિરે દર્શન કરવા જતો હતો.

એક દિવસ સ્વામીએ મને વાત કરી કે અમદાવાદ થી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધારવાના છે. આ ટાઈમ, આ તારીખ છે. દર્શનનો લાભ લેવા જેવો છે. ઘર બેઠા ગંગા છે. મેં તુરત હા પાડી, અને ભાદરા ગામે તે તિથિએ ગયો. ગામની ભાગોળેથી સ્વાગત આગમનનું ગામ લોકોએ સામૈયું કર્યું, ઢોલ-નગારાથી ગામ ધણધણી ઉઠ્યું ! ભાઈ આ તો શ્રીજીના છઠ્ઠા વંશજ હતા. સભાનું સુંદર આયોજન હતું. મહારાજશ્રીએ પોતાની દિવ્ય વાણીથી જ્ઞાન ઉપદેશ કરી આશીર્વચનો કહ્યા. ઘણા સંતોએ ઉપદેશક ધાર્મિક પ્રવચનો કર્યા. દરમ્યાન પૂ. મહારાજશ્રીનું અલૌકિક મુખાર વિંદ જોઈ, દર્શન કર્યા જ કરીએ તેવી અનુભૂતિ થતી હતી. હૃદયમાં એકદમ શાંતિ અને પ્રસન્નતા થતી હતી, મનમાં એક પ્રશ્ન ઉઠ્યો કે જો આચાર્ય મહારાજશ્રી આપણા ઘરે પધરામણી કરે તો આપણો તો બેડો પાર થઈ જાય ! આપણે ધન્ય બની જઈએ ! અરે જોડીયા ગામ આખું તેના ચરણ સ્પર્શ ની રજથી પવિત્ર થઈ જાય. પણ તે શક્ય ન હતું. કારણ કે આજે પણ આચાર્ય મહારાજનો આખા મહિનાનો સળંગ પ્રોગ્રામ અગાઉથી આપણે સ્વામિનારાયણ અંકમાં વાંચીએ છીએ. તેઓના પ્રોગ્રામ અગાઉથી સેડ્યુલ ટાઈટ હોય છે, અને ટાઈમ ટેબલ ફીક્સ

હોય છે, છતાં ઈચ્છા રોકી ન શક્યો. સભામાંથી ઉઠી મહંત સ્વામીને વાત કરી. જવાબ મળ્યો કે મહારાજને તુરંત પાછા અમદાવાદ જવાનું છે. ત્યાં બીજા પ્રોગ્રામ છે. છતાં ઘર સામે હોય તો શક્ય બને, પણ જોડીયા તો આવતા-જતા આશરે ૮-૧૦ કિલોમીટર દૂર હતું. તેથી શક્ય નથી, મેં કહ્યું આપ કહો છો તે બરાબર છે. પણ મહારાજને પૂછી તો જોવો, ના પાડે તો હરિઈચ્છા બળવાન છે તેમ માનીશું. મહારાજે વાત સાંભળીને તુરત જોડીયા આવવાની હસતા મુખે હા પાડી, **આ છે ભક્ત વત્સલ ભગવાન.** બીજા ઘણા પ્રોગ્રામ હતા પણ ભક્તની અંદરની ઈચ્છા જોઈ મહારાજે આવવાની તૈયારી બતાવી અને જોડીયા બંદરે પ્રેમથી પધરામણી કરી. ધર્મનો ઉપદેશ અને આશીર્વચનોથી અમોને તરબોળ કરી દીધા. પધરામણીની કોઈ તૈયારી ન હતી પણ પ્રેમથી સીંગ, સાકર, પ્રસાદી ધરાવી બધાને પ્રેમથી નવાજ્યા. આવો જ પ્રસંગ આપણા શાસ્ત્રમાં પણ છે અને આપણા શ્રી સ્વામિનારાયણ અંકમાં પણ પ્રકાશીત થયો છે. શ્રીજી મહારાજ ધર્મ ઉપદેશ માટે અવાર-નવાર ગામડે-ગામડે વિચરણ કરતા હતા. બહાર ગામ જતા પહેલા અગાઉથી દરેક ગામનો પ્રોગ્રામ, તારીખ, સમય નક્કી કરી નીકળતા. એ મુજબ એક ગામમાં ધર્મ ઉપદેશ માટે સાધુ, સંતો, પાર્ષદો, કાઠી દરબારો વગેરે સાથે નીકળ્યા. ગામના બધા સત્સંગીઓએ અતિ સ્નેહથી સ્વાગત કર્યું. અને બપોરે થાળનો સમય થતા બધા સત્સંગીઓએ પ્રેમથી લાડુ, દાળ, ભાત, શાક, ભજીયા, પુરી વગેરે રસોઈ બનાવી અને મહારાજે દરેકને અતિ સ્નેહથી પેટ ભરીને ઠાસી ઠાસીને લાડુ જમાડ્યા. પ્રેમાનંદ સ્વામીએ પ્રથમના પદમાં જેમ કહ્યું છે કે,

પીરસવા પધારે ક્યારે ડાબેરે,
ખંભે ખેસને આણી ખેસને બાંધે રે,
કેડ સંગાથે તાણી પીરસે લાડુ રે,
જલેબી ઘનશ્યામ જણસ જમ્યાની રે,
અતિ ઘણી પીરસતા કોઈના મુખમાં રે,
આપે લાડુ હસતા પાછલી રાત્રી રે... પ્રેમાનંદ.

આમ કેડે ખેસ બાંધીને બધાને અતિ પ્રેમથી લાડુ, જલેબી પીરસ્યા. બહુ ભારે ખોરાક ખાવાથી આંખમાં ઘેન આવે



અને આરામની ઈચ્છા સર્વેને થાય તે સ્વાભાવિક છે, પણ શ્રીજી મહારાજ બોલ્યા જે, "ચાલો બધા તૈયાર થઈ જાવ. ઘોડા સાબદા કરો પ્રોગ્રામ મુજબ બીજે ગામ પહોંચવાનું છે."

સર્વેની સાથે કાઠી દરબારો જે ભગવાનના અનન્ય ભક્તો હતા અને શ્રીજી સાથે લાડથી વાદવિવાદ પણ કરતા હતા, અને લાડવાનું ઘેન ચડ્યું હતું, તેથી તેઓએ કહ્યું કે મહારાજ તમો પહેલા પેટમાં લાડુ ઠાસી ઠાસીને ખવરાવો છો. અને તુરત ઘોડા ઉપર ચડીને મુસાફરીનું કહો છો, તો લાડુ પેટમાં કુસ્તી કરશે અને બહાર નીકળી જશે, પ્રભુ મંદ મંદ હસતા હસતા "કહે તો બોલો ભક્તો તમારી શી ઈચ્છા છે ?" કાઠી દરબારો કહે સાંજ સુધી આરામની આજ્ઞા આપો. મહારાજ ભક્તવત્સલ છે, તુરત હા પાડી દીધી. બીજા પ્રોગ્રામ પોતાના ફીક્સ હતા, પણ ભક્તો પાસે તેઓ નમી ગયા. આ ભક્તવત્સલ ભગવાન છે. શ્રીજી મહારાજ હાથમાં જે માળા રાખીને ફેરવે છે તે પોતાના ભક્તોની રક્ષા કરવા માટે ફેરવે છે. આજ રીતે આપણા અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી અને વર્તમાન પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી તો સમસ્ત હરિભક્તો ઉપર અપાર પ્રેમ રાખે છે. ગમે તેટલા થાક્યા હોય, પણ કદી પધરામણીની ના પાડી નથી. કોના માટે ? પોતાના પ્રેમી ભક્ત નો પ્રેમ મેળવવા માટે, છેલ્લે આપણે સૌ શ્રીજી મહારાજને સાચા અંતઃકરણથી પ્રાર્થના કરીએ કે પ.પૂ. મોટા બાપજીના દિવ્ય સંકલ્પ જે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણમાં સત્સંગનો એક એક પરિવાર તન, મન અને ધન આવા દિવ્ય મહા અલૌકિક આપણા ઈષ્ટદેવના સેવા યજ્ઞમાં વાપરીને-ઉપયોગ કરીને જીવન ચરિતાર્થ કરીએ અને તે રીતે આપણા સૌનું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું કામ સુંદર રીતે વહેલાસર પુરૂ થાય એજ અંતઃકરણની સર્વે સંતો, મહંતો, સત્સંગી બંધુઓની શ્રીજી મહારાજ પાસે પ્રાર્થના છે.

અનુવર્તી ભંગ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

અહોહો ! દાદા ખાચર, સુરા ખાચર, અલૈયાખાચર, માતરા ધાધલ, લાધા ઠક્કર, હરજી ઠક્કર બધા ભેગા મળીને આવ્યા છો ! આવો, આવો, કંઈ વાત લઈને આવ્યા છો કે શું ? પોતાના અક્ષર મંદિરમાં વિરાજમાન શ્રીહરિએ કહ્યું.

હા, મહારાજ, છે તો એમ જ. દાદા ખાચર બોલ્યા. ગોપીનાથજીના મંદિરનું ચણતર અટકી પડ્યું છે. કડિયા નવરાધૂપ બેઠા છે. પાણા ખલાસ થઈ ગયા છે. જ્યારે વાવડીએ પાણાના ઢગલા થયા છે. પણ કોઈ સારનાર નથી.

એમ કેમ થયું ? પાણા લાવનાર બધા ક્યાં ગયા ? મહારાજે પૂછયું.

ઈ લ્યોને હું કહું. વાતનો દોર સોમલા ખાચરે લીધો. અષાઢ મહિનો આખો હાલ્યો ગયો. શ્રાવણેય પૂરો થાવા આવ્યો. પણ વરસાદ થયો નહિ. ખેડૂતો મોટી ચિંતામાં પડ્યા છે. બધા વાડીયુંમાં કોશ હાંકવા વયા ગયા છે. એટલે કોઈ ગાડાવાળો પાણા લાવવા ઢૂકતો નથી. શું કરે પાણીની મુશ્કેલી હોય એટલે ! ઝાઝું દુઃખ તો પશુઓને છે. પાણી અને ચારો બેયની તંગી. બાપડા શું ખાય અને શું પીએ ? વાવણી નહિ થાય તો અનાજ નહિ પાકે. નદી, તળાવ, કૂવા પાણી વિના સુકાઈ ગયા છે. ગિરનારી



વા વાય છે, ગોરંભા ચડે છે, અંધારિયા વાદળા દેખાય છે ને કોણ જાણે ક્યાં અલોપ થઈ જાય છે ! ખેડૂતોના તો ઊંચે જોઈ જોઈને ડોકાં દુઃખવા આવ્યા. એટલે અમે સૌ કહેવા આવ્યા છીએ કે એક સારો વરસાદ કરો તો બધાં સારા વાનાં થાય. મંદિરનું કારખાનું ય ધમધોકાર હાલતું થઈ જાય.

હા, મહારાજ, એક સારા વરસાદની તાતી જરૂર છે. આપ એટલી કૃપા કરો. બીજા ભક્તોએ પણ સમૂહમાં કહ્યું.

ઘડીભર બંને પક્ષે મૌન છવાઈ ગયું. શ્રીહરિ શું બોલશે એ સાંભળવાની સૌની ઈંતેજારી વધતી જતી હતી.

અને બાર વર્ષે બાવો બોલે કે જા બચ્ચા બરસાત નહિ હોગા. એમ શ્રીહરિ બોલ્યા. વરસાદ થાય તેમ લાગતું નથી. ગમે તે કારણસર ઈન્દ્ર કોપાયમાન થયો છે તે વરસાદ નહિ કરે. માટે વરસાદની આશા રાખશો નહિ.

ભક્તમંડળ નિરાશ થઈ ગયું. દુષ્કાળના બિહામણા ઓછાયા જાણે આંખ આગળ ઉતરવા લાગ્યા. અલૈયા ખાચરે કહ્યું, આકાશમાં આપ આજ્ઞા કરો તો સુરપતિ અવશ્ય વરસાદ કરે.

શ્રીહરિ કહે,એ ઠીક છે પણ અમે બ્રહ્માંડના અધિકારીઓને સૌને સૌના કામ વહેંચી દીધા છે. એ બધા પોત પોતાના કામ કર્યે જાય છે. એમના કાર્યમાં દખલ કરવી તે અમને યોગ્ય નથી લાગતું.

હાલો ત્યારે, દાદા ખાચર ! ઉઠો. જેવી મહાપ્રભુની ઈચ્છા. સૌ ભક્તો ઊઠ્યા. જતાં જતાં વચમાં કોઈએ કહ્યું, આપણે જોગી પાસે જઈએ. એ કંઈક

રસ્તો કાઢશે. બધા આવ્યા ગોપાળાનંદ સ્વામી પાસે, અક્ષર ઓરડીમાં શ્રીહરિ પાસે જે વાતચીત થઈ અને તેમણે જે કહ્યું તે બધી રજુઆત સ્વામી પાસે કરી. પછી કહ્યું, હે સ્વામી અમે તો તમને શ્રીહરિની સમાન સમર્થ ગણીએ છીએ. આપ ગમે તે કરો પણ વરસાદ વરસાવો. વરસાદ વિના જીવ પ્રાણી માત્ર દુઃખી છે.

ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું, મહારાજે તમને શું કહ્યું ?

મહારાજ તો એવું બોલ્યા કે ઈન્દ્ર કોપાયમાન થયો છે તેથી વરસાદ નહિં થાય. પછી અમે કહ્યું કે આપ ઈન્દ્રને આજ્ઞા કરો તો કેમ ન થાય ? તો કહે ઈન્દ્રના કામમાં દખલગીરી કરવી એ અમને યોગ્ય નથી લાગતું. પછી અમને થયું કે મહારાજ હા નહિ ભણે ફરી ફરી આગ્રહ કરવો નકામો છે. તેથી અમે અહીં આવ્યા. હવે તમારી ઉપર અમારી મીટ છે.

સ્વામી કહે છે ઈન્દ્રદેવ તો શ્રીજી મહારાજનો પરિચારક છે. આજ્ઞાધીન છે. શ્રીહરિની ઈચ્છા હોય તો પલવારમાં વૃષ્ટિ કરે. પરંતુ તમારી વાત પરથી લાગે છે કે શ્રીજી મહારાજની મરજી નથી. આપણે પણ મહારાજની મરજી પ્રમાણે વર્તવું. તેમની અનુવર્તી સાચવવામાં જ સુખ છે. વરસાદ થાય કે ન થાય મહારાજ આપણા સૌના હિતકર્તા છે. એ સૌને સાચવશે. સૌનું રક્ષણ કરશે.

હરિ ઈચ્છા કહીને ભક્ત સમૂહ ત્યાંથી ઉઠ્યો. કાઠીઓ પરસ્પર કહેવા લાગ્યા કે આપણે કોઈ મહારાજને દબાવીને ભણ્યા નહિ. ઢીલું ઢીલું બોલવાથી કામ થતું નથી. હવે એક બીજો રસ્તો છે. વાડીએ રહે છે એ સચ્ચિદાનંદ સ્વામી જબરા છે. સમરથ છે. ચમત્કારિક છે. ભલાઈના કામ ક્યારેક મહારાજની ઉપરવટ જઈને કરી આપે છે. ખબર પડે ત્યારે ભગવાન બે ઘડી ખિજાય, વઢે, તિરસ્કાર કરે. બહુ બહુ તો કાઢી મૂકે. પછી વાતનો ઉભરો બેસી જાય ત્યારે પાછા બોલાવી લે અને બધું થાળે પડી જાય. એ સ્વામીને વાત કરવા જેવી છે. હાલો અહીંથી સીધા રાધાવાડીએ જ જાઈએ.

મંડળ રાધાવાડીએ પહોંચ્યું. સચ્ચિદાનંદ સ્વામીને વિગતે વાત કરી. સ્વામી બોલ્યા, ઈન્દ્રને તો કાનમાં ફૂંક મારી ને હું વરસાદ કરાવું. વરસાદ કર્યા વિના એના બાપનોએ છૂટકો નહિ. પણ પછી શું ? અહીં આપણો બાપ કેવો ખિજાય જાણો છો ને ?

એ તો સાચું છે. સોમલાખાચર વગેરે કહેવા લાગ્યા. મહારાજ કોપશે તો ખરા. પણ અમે બધા તમારી પડખે રહેશું અને કહેશું કે સચ્ચિદાનંદ સ્વામીનો કોઈ વાંક નથી. અમારા કહેવાથી વરસાદ કર્યો છે. સજા કરવી હોય તે અમને કરો. જે કહેશે તે સાંભળી લેશું. દંડ દેશે તે ભોગવી લેશું. પછી તો આ દાદો છે ને ! મનાવી લેશે. માટે તમ તમારે ઈન્દરરાજાને સમજાવો કે આકાશમાંથી પાણીની ધારાયું વરસાવો, ધરતીમાતાને પાણીથી તરબોળ કરી દો.

શ્રીહરિ જમીને પોતાના નિવાસ સ્થાને પોઢ્યા છે. એવામાં વાતાવરણ બદલાતું જણાયું. આકાશમાં વાદળો ઘેરાયાં. અંધારું થતું ગયું. પવન શરૂ થયો. વરસાદના અમી છાંટણે ધરતી ભીંજાણી. માટીની મીઠી મ્હેક સર્વત્ર પ્રસરી ગઈ. જોતજોતામાં વરસાદની ગતિ વધી. મોટે ફોરેથી પડવા લાગ્યો. વીજળી ચમકવા લાગી. ગર્જના થવા લાગી. દાદા ખાચરના દરબારમાં નેવેથી પાણીની ધારાઓ પડવા લાગી. સર્વત્ર ઠંડક વ્યાપી ગઈ. મહાપ્રભુ સફાળા જાગી ગયા. બેઠા થયા. સેવકને પૂછ્યું.

બ્રહ્મચારી ! આ શું વરસાદ આવે છે ?

હા, મહારાજ ! વરસાદ આવે છે. આજનો દિવસ કેવો રૂડો ઉગ્યો ? મેઘરાજાએ બધાને ખુશ કર્યા. ખેડૂતોને મન તો સોનું વરસે છે સોનું ! પશુ પક્ષી વગેરે અબોલ જીવને સુખ થયું. મોટી રાહત થઈ મહા પ્રભુ ! બે મહિના ખેંચાયો પણ મન મૂકીને વરસે છે. આપની કૃપાથી મેઘરાજાએ મહેર કરી. છેવટે તો દયા આપની જ છે પ્રભુ ! બ્રહ્મચારી સ્વચ્છ જળનો લોટો મહારાજના હાથમાં આપી રાજી થતા થતા વાત કરતા હતા.

બ્રહ્મચારી ! મેં કોઈ દયા-બયા કરી નથી. આ તો ન થવાનું હતું તે થયું. આપણામાંથી જ કો'કનું કામ છે ! કોણ છે વરસાદનો કરનાર ? શ્રીજીમહારાજે મોટેથી જાણે ગુસ્સામાં હોય તેમ હાક મારી. સચ્ચિદાનંદ સ્વામી ઈન્દ્રની પાસે બેઠા હતા. ત્યાં તેમણે હાક સાંભળી. તરત ત્યાંથી ઉભા થયા. રાધાવાડીએ આવતા રહ્યાં. થોડીવારે વરસાદ પણ રહી ગયો.

શ્રીહરિ અક્ષરઓરડીએથી

દરબારમાં પધાર્યા. ઉગમણા બારની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સાધુઓને તેડાવ્યા. સચ્ચિદાનંદ મુનિ પણ ડરતા ડરતા સભામાં આવ્યા. દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, અલૈયા ખાચર વગેરે કાઠીઓ પણ આવીને બેઠા. મહાપ્રભુ વિચાર મુદ્રામાં મૌન ધારણ કરી બેઠા છે. કોઈ કંઈ બોલતું નથી.

શ્રીહરિને બોલાવવા માટે છેવટે સોમલાખાચરે કહ્યું, ભણે મહારાજ વરસાદ બહુ સારો થયો. ચારે કોર જળ બંબાકાર છે.

શ્રીજી મહારાજ તરત આકળા થઈ ગયા. ક્રોધાવેશમાં આવી બોલ્યા, આવાં અવળા અવળા ન કરવાના કામ શા માટે કરો છો ?તમને કોઈ કહેનારું નથી ! સ્વતંત્ર થઈ બેઠા છો ! કોણ છે એ ?

સચ્ચિદાનંદ સ્વામી ઉભા થયા. સ્વામી ઉભા થયા એટલે દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, અલૈયા ખાચર એ બધા પણ ઉભા થયા. હાથ જોડી કહ્યું, હે મહારાજ ! ક્ષમા કરો. અમારા અતિ આગ્રહથી એ મુનિએ વરસાદ કરાવ્યો છે. એમનો કોઈ વાંક નથી.

શ્રીહરિએ કહ્યું, મરજી વિરૂદ્ધ વર્તે એ દોષ જ કહેવાય. એવા સાધુ અમારે ન જોઈએ. એમને કાઢી મૂકો. કોઈ દિવસ અમને મોઢું દેખાડે નહિ. એ નહિ જાય તો અમે જતા રહેશું.

સચ્ચિદાનંદ સ્વામી જતા રહ્યા. ઘેલા નદીના સામે કિનારે મોટી પથ્થરની શિલા ઉપર બેઠા. પોતે લાગણીશીલ હોવાથી રોમદ્વારે લોહીના ટશિયા ફૂટી નીકળ્યા. ઈન્દ્રિયોની વૃત્તિ શ્રીહરિના સ્વરૂપમાં જોડી દીધી. ધ્યાનસ્થ થઈ ગયા. આખી રાત વીતી ગઈ. બીજા દિવસનો મધ્યાહ્ન થયો. ભાદરવાનો સૂર્ય જાણે નિર્દય થઈ ગયો. મુનિ બેઠા છે એ શિલા અગ્નિ સમાન ગરમ થઈ દઝાડવા લાગી. એવું કહેવાય છે કે કેટલાક પુરુષો એકવાર ખેતરમાં બાજરી લણતા હતા. ભાદરવાના અસહ્ય તાપથી એટલા બધા કંટાળી ગયા કે સંસાર છોડી ભેખ લઈ લીધો. ઓત્રા-ચિત્રાના તાપ એવા અસહ્ય હોય છે.

ભગવાન શ્રીહરિ અક્ષર મંદિરે પલંગ પર સૂતા છે. આજે સરખી રીતે જમ્યા પણ નથી. અસ્વસ્થ હોય તેવો ભાવ જણાવી રહ્યા છે, થોડી જ વારમાં બેઠા થઈ ગયા.

બ્રહ્મચારી પાણી લાવો તો !

બ્રહ્મચારી પાણી લાવ્યા. અરધો ગ્લાસ પીને પાછો આપી દીધો. આડે પડખે થયા. થોડી વારે પાછા ઊઠ્યા. પાણી માગ્યું. થોડું પીધું. તકિયાને ટેકે બેઠા. પછી કહ્યું, બ્રહ્મચારી ! આજે મારું ગળું કેમ સૂકાય છે ? તરસ છીપતી નથી. હજું થોડું પાણી લાવો.

પાણીના એક બે ઘૂંટ પીધા. પછી બ્રહ્મચારીને પૂછ્યું, ઓલ્યા સાધુ ક્યાં જતા રહ્યા છે એ કંઈ ખબર પડી ? કોઈએ તપાસ કરી ?

હે મહારાજ ! હું તો બહુ જાણતો નથી પણ કહે છે કે ઘેલાને સામે કાંઠે ખુલ્લામાં છીપર ઉપર બેઠા છે.


મને આટલી તરસ લાગે છે અને અકળામણ થાય છે તો તડકામાં તપતા એ સાધુને શું થતું હશે ? વળી પાછું કંઈ જમ્યા પણ નહિ હોય ! તમે એની ખબર કઢાવો. સાકર નાખેલું ઠંડુ પાણી લાવો. એમને મોકલીએ. બ્રહ્મચારી સાકર મિશ્રિત ઠંડા જળનો લોટો લાવ્યા. તેમાંથી થોડું પાણી પોતે પીધું. પછી કહ્યું હવે આ પાણી રતનજી મિયાંજી સાથે તે મુનિને મોકલાવો અને તેમને કહેજો કે મુનિને તેડતા આવે. રતનજી મિયાંજી ગયા પછી થોડીવારે પોતે બોલ્યા, હાશ ! હવે અમારી અકળામણ મટી.

બંને પાર્ષદોએ ધ્યાનસ્થ મુનિને જગાડ્યા. શ્રીહરિ પ્રસાદીનું સાકર મિશ્રિત જળ પાયું. પછી કહ્યું, તમને મહાપ્રભુએ બોલાવ્યા છે. સ્વામીના હૃદયમાં આનંદની ઉર્મિઓ ઉછળી. નિતાંત હર્ષ પામ્યા. ઝટપટ ઉભા થઈ ત્વરિત ગતિએ ચાલતા થયા. શ્રીહરિ પાસે દંડની માફક ઢળી પડ્યા. આંખમાંથી અશ્રુ ટપકતા ગયા અને દંડવત કરતા ગયા. મહારાજે તેમને ઉભા કર્યા. બાથમાં લઈ ભેટ્યા. પછી કહ્યું, મહાપુરુષ ! હવે તમે તમારા નિવાસ સ્થાને જાઓ અને આવતી કાલે અમારા માતાજીની શ્રાધ્ધ તિથિ છે તો પ્રસાદ લેવા આવજો.

સાધુ હરખાતે હૈયે પગે લાગીને ગયા ત્યારે પ્રસન્ન થયેલા ભક્તિપુત્ર ભગવાને મૂળજી બ્રહ્મચારીને કહ્યું, આવતી કાલે અમારા થાળની પ્રસાદી સચ્ચિદાનંદ સ્વામીને આપવાની છે તે યાદ રાખજો.

દીવાળીથી કૌનો દી' વળે !

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



દિવાળી હોય છે. જેના જીવનમાં ભગવાન, ધર્મ, ભક્તિ તથા સત્સંગ નથી તેના જીવનમાં ક્યારેય દુઃખ, કલેશ, ચિંતા, આધિ, વ્યાધિ, ઉપાધિ ટળતા નથી. એટલે ૩૬૫ દિવસ હોળી રહે છે તેમજ દેહ છોડ્યા પછી પણ ભક્તની ગતિ ક્યાં થાય છે તથા અભક્તની ગતિ કેવી થાય છે એ આપણે સૌ સારી રીતે જાણીએ છીએ.

સ્વામિનારાયણ ભગવાન ખૂબ ઉત્સવ પ્રિય છે. જીવાત્માને અંતકાળે ઉત્સવ-સમૈયાના માધ્યમથી ભગવાનની મૂર્તિ સાંભરી આવે તો પાપી જીવ હોય તે પણ પરમપદને પામે છે. એ હેતુથી શ્રીહરિ દીવાળી, જન્માષ્ટમી, એકાદશી, રામનવમી, વસંત પંચમી, ફુલદોલોત્સવ વગેરે તહેવારો ખૂબ ધામધૂમથી વારે વારે ઉજવતા. શ્રીહરિએ અમદાવાદ, ગઢપુર, વડતાલ, આદરેજ વગેરે અનેક ધામોમાં દિવાળીનો ઉત્સવ ઉજવ્યો છે. તે પૈકી શ્રીહરિએ એક સમયે વડતાલ ધામમાં ઉજવેલ દિવાળીનો ઉત્સવ અને ઉપદેશનું અહીં આલેખન કરું છું.

આંબલીથી પૂર્વ દિશામાં રહેલી ઉંચી વેદિકા ઉપર પલંગ બિછાવી શ્રીહરિ પશ્ચિમ મુખે બેઠા. સંત હરિભક્તોની ઘટે તેમ સભા થઈ. ધન તેરસને દિવસે નિષ્કુળાનંદ મુનિએ તથા તેમની પ્રેરણા નીચે બીજા મુનિઓએ દીપમાળાની રચના કરી. આનંદમુનિ અને મહાનુભાવાનંદ મુનિને સેવા કરવાનો

દિવાળી હિન્દુઓનો સૌથી મોટો તહેવાર છે. જગત અને ભગત બન્ને દિવાળી ઉજવે છે. પરંતુ બન્નેની રીત ઘણી અલગ હોય છે. જગતને નાશવંત પદાર્થો, માયિક પદાર્થોમાં સુખ મનાયું હોવાથી તે કેન્દ્ર સ્થાને રહે છે. જ્યારે ભગતને ભગવાનમાં સુખ મનાયુ હોવાથી દિવાળીના દિવસોમાં પણ ભગવાનને રાજી કરવાનું કેન્દ્ર સ્થાને હોય છે. જગતને નવા કપડા, મીઠાઈઓ, ફટાકડા, હરવું-ફરવું, ઘરને શણગારવું વગેરે પ્રધાન હોય છે. જ્યારે ભગતને આ દિવસોમાં પણ ભગવાન માટે થાળ કરવા, અન્નકૂટ કરવો, મંદિર સાફસૂફ કરી રોશની કરવી. ભગવાનનું દર્શન, પૂજન, કથાવાર્તા સત્સંગ વગેરે પ્રધાન હોય છે. અહીં કહેવાની જરૂર નથી કે દિવાળીથી સાચા અર્થમાં કોનો દિ વળે છે ? જેના જીવનમાં ભગવાન કેન્દ્ર સ્થાને છે તેના જીવનમાં સારા સંસ્કારો, સુખ, શાંતિ, સમૃદ્ધિ સદાકાળ રહે છે. તેથી ભગતને ૩૬૫ દિવસ

બહુ ભાવ હતો. પોતાના સ્વાર્થને માટે લેશ પણ સંકલ્પ કરતા નહિ. એવા મુનિઓ સત્સંગમાં મોટાઈ પામ્યા છે અને સ્વાર્થનું અનુસંધાન રાખનારા અંતે વિમુખ થઈને નિયમ ભ્રષ્ટ થયા છે. સ્વાર્થ માટે સેવા કરનારા પોતાનું ભૂંડું દેખાડીને સત્સંગમાં નભે તો પણ મોટાઈ પામતા નથી. સ્વાર્થી અને મજૂરની એક રીત છે. સુંદર દીપમાળા, વિચિત્ર કમાનો, સ્તંભ તથા કળશથી રચેલી હતી. આસોપાલવના તોરણો તથા બિલોરી ઝાડ મૂક્યા હતા. સંધ્યા સમય થતાં દીપમાળા પ્રગટાવી. શોભાનો પાર રહ્યો નહિ.

શ્રીહરિએ જરીદાર વસ્ત્રો તથા સોનાના આભૂષણો પહેર્યા હતા. ઊભા રહીને આરતી ધૂન કરી. શ્રીહરિએ ફૂલના હાર તોરા, ગુચ્છ, પહોંચી, બાજુબંધ, છડી ધારણ કર્યા હતા. જેથી વસ્ત્રાભૂષણ ફૂલમાં ઢંકાઈ ગયા હતા. સૌ સંત હરિભક્તોને શ્રીહરિએ એક એક પ્રસાદીનો હાર આપ્યો. આખી સભા બગીચા જેવી લાગતી હતી. ચૌદશને દિવસે તેથી પણ અધિક શોભા થઈ. દિવાળીને દિવસે આવેલા હરિભક્તોએ આખો દિવસ શ્રીહરિની પૂજા વારાફરતી કરી.

દિવાળીને દિવસે હરિભક્તોએ પકવાન્નના થાળ કર્યા હતા. તે શ્રીહરિએ જમીને સંતોને જમાડ્યા. પાછલો પહોર દિવસ રહ્યો ત્યારે પુર બહાર આવી દીપમાળા કરી હતી ત્યાં સભા કરી. સંતો ઝાંઝ મૃદંગ સાથે કીર્તન ગાવા લાગ્યા. સંધ્યા વખતે દીપમાળા પ્રગટાવી. વાળંદ ભક્તોએ મશાલો પણ કરી. આરતી ધૂન થયા પછી સૌ શ્રીહરિને પરસ્પર પગે લાગીને બેઠા. શ્રીહરિને નીરખતાં કેટલાકની વૃત્તિ મૂર્તિમાં લીન થઈ જતી અને શરીરનું ભાન ભૂલી જતા. **શ્રીહરિએ વેદ પુરાણના તત્વરૂવ વાર્તા કરી કે આ બ્રહ્માંડમાં માયિક સમજણવાળા જનો માયિક પદાર્થમાં પરમ સુખ માને છે. હરિભક્તો અમાયિક સુખમાં રસ માને છે. બન્ને સુખમાં રાત દિવસ જેટલો ફેર છે. માયિક સુખ અસત્ય છે.તેને સત્ય માનીને જીવ ભવસાગરમાં ભટકે છે. પ્રહલાદ અને પ્રિયવ્રત જેવા રાજાઓએ પણ સત્સંગ કરીને રાજ્ય, સમૃદ્ધિ અને અપાર સુખને તુચ્છ માની તજ્યાં છે અને અમાયિક સુખમાં પ્રેમ કર્યો છે. માટે હરિભક્તે માયિક સુખમાં રાગ રાખવો નહિ. ભગવાન, સંત, હરિભક્ત અને ભગવાનનું ધામ તથા ત્યાંની સમૃદ્ધિ, એ બધું અમાયિક છે. તેમાં જીવને જોડી દેવો.** એમ શ્રીહરિએ મધ્યરાત્રિ સુધી વાત કરી. પછી પુરમાં આવી પોઢી ગયા.

બીજે દિવસે નારાયણગરની રસોઈ હતી. અન્નકૂટનો દિવસ હતો. અનેક પ્રકારના પકવાન્નો તથા શાક, અથાણા, રાઈતાં, પાપડ, ભજિયાં, વડા, બીરંજ વગેરે બનાવ્યા હતા. રસોઈ તૈયાર થઈ એટલે સંતોએ નારાયણગરની જગ્યામાં વિશાળ ચોકમાં સુંદર મંડપ બાંધી તેમાં શ્રીહરિના લાલજીને સ્થાપન કરી બધા પ્રકારનો અન્નકૂટ ધર્યો. શ્રીહરિ ત્યાં આવીને પાટ ઉપર બેઠા. પછી બધી જાતના પકવાન્નના થાળ ભરીને શ્રીહરિ પાસે મૂક્યા, તે શ્રીહરિ પ્રેમથી જમ્યા. નારાયણગરે શ્રીહરિ તથા સંતોની પૂજા કરી અલભ્ય લાભ લીધો. પછી સંતોની પંક્તિ કરીને શ્રીહરિએ તેમને વિવિધ પકવાન્નો પીરસીને જમાડ્યા.

સંતો જમ્યા પછી શ્રીહરિ આંબલે આવીને એક પહોર સુધી બેઠા. સંત-હરિભક્તોની સભા થઈ. વાજા વાગવા લાગ્યા. સૌ શ્રીહરિની સામે મૂર્તિનું ધ્યાન કરતા બેઠા. આરતી ધૂન થઈ રહ્યા પછી **શ્રીહરિએ સંતોને કહ્યું કે ચરોતર અને ગુજરાતમાં બહુ હરિભક્તો છે. તેમને સત્સંગની વાતો કરજો. વેદ, પુરાણમાં લખેલા ધર્મ નિયમ પ્રમાણે જે વર્તે તે જ સાચો ત્યાગી છે. પરંતુ ધર્મ નિયમનો ત્યાગ કરી પેટ ભરવા માટે જે ત્યાગી થયા છે એવાની સેવા જે સંસારી કરે છે તેનો ક્યારેય મોક્ષ થતો નથી. એ પ્રમાણે સંત અને અસંતની વિગત સમજાવજો. નારી, ધન અને પુત્રમાં જે સાર માને છે તે પશુ સમાન છે. તેનો ક્યારેય ઉદ્ધાર થાય નહિ. એમ મોક્ષ ભાગી જનોને તમારે વાત કરવી. જે સત્સંગ કરશે તે સહેજે ભવસાગર તરી જશે. અને તે વિનાના જનોએ તો મનુષ્ય તન વ્યર્થ ગુમાવ્યું છે. એવી વાત કરવી.** અમે હવે પાછલી રાતે ગઢપુર પ્રત્યે ચાલીશું. એમ કહીને સંતોને મળ્યા. હરિભક્તોને રજા દીધી.

આપણને સૌને 'શ્રી સ્વામિનારાયણ' માસિકના માધ્યમથી દિવાળીના દિવસોમાં શ્રીહરિના મુખની અમૃતવાણી વાંચવા મળી, મંદિરમાં નિત્ય શ્રીહરિનું દર્શન થયું. શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો નૂતન વર્ષનો આશીર્વાદ પત્ર 'શ્રી સ્વામિનારાયણ માસિક' દ્વારા વાંચવા

મળશે, તેઓશ્રીનું દર્શન થશે પછી આપણો દી' વળવામાં શું બાકી રહ્યું !!

સંવત ૧૮૮૦ માં શ્રીહરિએ ગઢપુરમાં દિવાળી તથા અન્નકૂટનો ભારે ઉત્સવ કરેલો. તે સમયે સોમલો ખાચર કહે, "ભણે મહારાજ, આ દિવાળીનો ઉચ્છવ ક્યાંથી થયો ?" ત્યારે **શ્રીજી કહે, "બળી રાજાને ગયા દિવસો વળ્યા. પાતાળનું રાજ્ય મળ્યું અને ભગવાન મળ્યા અને લક્ષ્મી મળી તેથી દિવાળી નામ પડ્યું."** આસો વદ અમાસને દિવાળીના દિવસે બળિ રાજાને પાતાળનું રાજ્ય મળ્યું છે તેથી સાયંકાળે દીપમાળા કરે અને યોજના રાક્ષસી તે સમયે ફરે છે. તેનો ભય નાશ કરવા માટે આરતી કરે. **દિવાળીને શાસ્ત્રમાં કૌમુદી કહેવાય છે. તે દિવસ આનંદમાં રહે, તે દિવસે જેવું રહે તેવું આખું વર્ષ રહે. માટે તે દિવસે ઉચ્છવ, આનંદ, કીર્તન, ભજન, સારા થાળ વગેરે કરવું. પ્રભુ બળિના દરવાજે કાયમ રહે છે અને બળિરાજા દર અમાસ ઉજવે છે તેથી દર અમાસે ઉચ્છવમાં પ્રભુ ઢાલ, તલવાર, બંદૂક, બરછી, તીર, કમાન વગેરે હથિયારો ધારણ કરે છે.**

ધન તેરસે ધનનું પૂજન તથા દિવાળીના દિવસે લક્ષ્મી પૂજન ચોપડા પૂજન સૌ કરે છે. કાળી ચૌદશે હનુમાનજીનું દર્શન-પૂજન પણ સૌએ કરવું જોઈએ. શિક્ષાપત્રીમાં શ્રીહરિએ કરેલ આજ્ઞાનુંસાર આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દરેક કાળી ચૌદશે સંધ્યા સમયે કાળુપુર મંદિરમાં પોતાના કુળદેવતા શ્રી હનુમાનજી મહારાજનું પૂજન કરવા પધારે છે. સાથે હનુમાનજી મહારાજને પહેરાવવા માટે આંકડાના પુષ્પોનો મોટો હાર લાવે છે.

પ્રેમાનંદ સ્વામી ઉત્સવના પદમાં લખે છે,

આસો માસ અંધારી ચૌદશ,
પૂજીએ પવન કુમાર હો,
આપે સુખ સંપત્તિ મનવાંછિત,
કાપે કષ્ટ હજાર હો .....
ઉત્સવ આજ પવન સુતકો શુભ,
ગાઈએ અતિ પ્યાર હો
તેલ સિંદુર સુભગ તન ચર્ચા,
પહેરાવો ઉર હાર હો,
કરી પકવાન્ન જમાડો પવન સુત,
કરશે જય જયકાર હો..... ઉત્સવ
ધૂપ દીપ કરી શુભ આરતી.
માગીએ વારંવાર હો, પ્રેમાનંદ કહે,
રામદૂત આપો, પ્રભુ પ્રીત અપાર
હો.... ઉત્સવ

આપણા મંદિરોમાં દિવાળીના દિવસોનું વાતાવરણ અતિ દિવ્ય હોય છે. શ્રીહરિ તથા શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અતિ રાજી હોય છે. ભક્તોની અપાર ભીડ હોય છે. નૂતન વર્ષે સગા સંબંધી, મિત્રોને પરસ્પર મળીએ તે પહેલા વહેલા ઉઠીને મંગળા આરતીમાં મંદિરે પહોંચી જઈએ તો એ દિવ્ય સુખની અનુભૂતિ થાય ! કલમથી તેનું ફક્ત વર્ણન જ શક્ય છે, અનુભૂતિ માટે મંદિરે જવું અતિ આવશ્યક છે !

દિવાળી આવે એટલે હિસાબ કરવો જોઈએ કે કામ, ક્રોધ, લોભ, અહંકાર, ઈર્ષ્યા, માન આદિક અંતઃશત્રુઓ કેટલા નિર્બળ થયા ? તથા શ્રીહરિ પ્રત્યે સ્નેહરૂપી ભક્તિ કેટલી વૃદ્ધિ પામી ? સંતો-હરિભક્તો તથા મંદિરોમાં કેટલી આત્મીયતા થઈ ? સદાચાર રૂપી ધર્મમાં કેટલી દ્રઢતા થઈ ? તથા શ્રીહરિએ સ્થાપન કરેલી સત્સંગની બે ગાદી પ્રત્યે નિષ્ઠામાં કેટલી દ્રઢતા થઈ ? આવી જ વાત ગ.પ્ર.પ્ર. ૩૮માં શ્રીહરિ કહે છે, **"સાંભળો વાત કરીએ છીએ જે, જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું. અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી.' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી અને એમ વિચારે નહિ ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહિ. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકવી દઈએ, તો તે દેતાં કઠણ ન પડે. ને વર્ષ દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે. તેમ નિરંતર વિચાર કરવો...**

ઘણાં મોટી ઉંમરના લોકો એવું બોલે છે, "તારા કરતા વધારે દિવાળી કાઢી છે, તને શું ખબર પડે ?" ધ્રુવને પ્રહલાદ પાંચ વર્ષની ઉંમરના હતા, પરંતુ ભગવાનને ઓળખ્યા તો નાની ઉંમરે પણ તેઓનો દી' વળી ગયો !! **જે જન્મ-મરણમાંથી છૂટ્યા તેનો દિ વળ્યો, બાકીનાને ભગવાન ઓળખાય ત્યારે .... દિવાળી ! ! ! ! !**

રાજ મારે દિન-દિન દિવાળી

- સાધુ ભક્તવત્સલદાસ (તપોવન મંદિર, લીંબડી)

દોહો

ભલે પધાર્યા અમારે આંગણે,
નરનારી સૌ નમન કરે,
શ્રી પુર ધામમાં ઘનશ્યામ પધાર્યા,
દર્શન કરતાં દુઃખ ટળે...

ભગવાન શ્રી સ્વામિનારાયણે કારીયાણીમાં ૧૮૭૭ માં આસો વદ અમાસ (દિવાળી)ના દિવસે - વસ્તાખાચરના દરબારમાં લાખો સંતો-હરિભક્તોની સભામાં એક સુંદર વાત કરી કે આજે એક દિવ બંદરના હરિભક્ત અમારા માટે સેવા-પૂજા કરવા માટે સુંદર વસ્ત્રો-ઘરેણાં લાવ્યા તે સામા જઈને તેની સેવા સ્વીકારી તે ભક્તે અમને અતિ રાજી કર્યા. અને તેમના અંતરમાં અતિ આનંદ થયો અને અંતરમાં ભાવ ભક્તિના ફૂલમાં સુંદર સુવાસ પ્રસરી.

રાજ મારે દિન-દિન દિવાળી,
વા'લા મળતાં તમને-વનમાળી
મોહન આવ્યા તમે મંદિરીએ,
કાજુ દિપ તણાં ઉત્સવ કરીએ,
બ્રહ્માનંદના પ્રીતમ તમ સંગે,
અતિ પ્રેમ વધ્યો છે અંગે - રાજ

સ્વામિનારાયણ ભગવાન અતિ રાજી થતાં તેનું જો કોઈ કારણ હોય તો એક જ કે પ્રેમભાવથી ઠાકોરજીની સેવા કરવી, અને ભગવાનની સેવાનું તો મહાન પૂણ્ય સત્ શાસ્ત્રમાં કહ્યું છે. એક દિવસ સભામાં સદ્.ગોપાળાનંદ સ્વામીએ વાત કરી કે. જે લાલજીની સેવા કરે છે તેની ભક્તિ અસાધારણ છે. એક શહેરમાં બે ભાઈઓ-ઠાકોરજીની (હરિકૃષ્ણ મહારાજ) સેવા-પૂજા કરતા હતાં. બંને ભાઈ કરોડપતિ હતાં. છતાં બંને જણ જાતે લાલજીની સેવા કરતાં (આજે આપણા પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ઠાકોરજી સાથે રાખીને સેવા પૂજા પોતે જ કરી રહ્યાં છે.)

એક ભાઈના ઘરે તેનાં સસરાના પક્ષના સૌ મહેમાન આવ્યા. થોડા દિવસ સૌ ત્યાં રહ્યાં. પછી શેઠાણીની મા એ શેઠાણીને કહ્યું, કે મેં તને મોટા ઘેર આપી પણ તારે કોઈ દિવસ સારૂ કપડું પહેરવું નહિ, સારા ઘરેણાં પહેરવા નહિ, અને તમે બન્ને જણા - બસ ઠાકોરજી-ઠાકોરજી ને ઠાકોરજી કર્યા કરો છો. અને આ બીજી દીકરી સાધારણના ઘેર આપી છે છતાં તે કેવાં સારા-સારા દાગીના અને વસ્ત્ર પહેરીને કેવી મજા કરે છે ? અને તું તો રાત-દિવસ સેવામાં ને સેવામાં રહે છે ? એમ નિરંતર તેના સંબંધીઓ કહ્યાં કરતાં હતાં.

તેથી બાઈના મનમાં તેની થોડી ઘણી અસર થઈ કે મારી મા અને મારી બહેન સાચું કહે છે. પછી તે સૌ ઘરે ગયાં. ત્યાર પછી શેઠાણીએ એક દિવસ શેઠને કહ્યું કે આપણે દિવસ અને રાત બંને જણાં - લાલજી, લાલજી ને લાલજી કર્યા કરીએ છીએ. પણ કાંઈ જીવનમાં શોખ કે મજા કરી નહિ. તો આ આપણું ધન શા કામનું ? ત્યારે શેઠે વિચાર્યું કે આના માવતરે આને ખોટા વિચારે ચડાવી છે. પછી શેઠે કહ્યું. આમાં તારૂં ને મારૂં રળેલું કાંઈ નથી. આ તો આપણા - બાપ-દાદાનું રળેલું છે. ત્યારે બાઈ કહે તો શું હું મજૂરી કરવા જાઉં. શેઠ કહે ના, આપણાં લાલજીનું સોનાનું બેડું છે તે પાણીનું ભરીને સામા શેઠ લાલજીની પૂજા કરે છે તેને ઘેર આપી આવો અને તેના જે રૂપિયા આપે તે લઈ આવો, પછી શેઠાણી પાણીનું બેડું ભરીને સામા શેઠને ઘેર ગયા. તે સમયે શેઠ ઠાકોરજીને સ્નાન કરાવતા હતાં. તે જોઈ શેઠ તરત ઉભા થઈ ગયા અને શેઠાણીને કહ્યું અહોહો ! તમે મારે ઘેર ક્યાંથી ? શેઠાણી કહે, આ પાણીનું બેડું ખાલી કરી લ્યો, અને તેની કિંમત જે થાય તે પૈસા મને આપો. ત્યારે શેઠે કહ્યું તમે મારા ઠાકોરજી માટે પાણીનું બેડું લાવ્યા તેનું મૂલ્ય તો મારાથી થાય જ નહિ અને આ મારી ઘરવખરી છે તે સવારથી તે સાંજ સુધી તમારા જેટલા માણસો હોય તે બધાય આવીને લઈ જાય તો પણ તમે મારા ઠાકોરજીના વાસ્તે પાણીનું બેડું લાવ્યા તેનું મૂલ્ય મારાથી થાય તેમ નથી.


બ્રહ્માનંદના વા'લા તમ સંગ રમતાં,
મારે દાડી દાડી તે દિવાળી
હૈડામાં મુને વાલા લાગો છો
વનમાળી .....

શેઠાણીએ કહ્યું મારું બેડું ખાલી કરી આપો. પછી શેઠે બેડું ખાલી કરીને પાછું આપ્યું. તે લઈને શેઠાણી ઘરે આવ્યા. પછી શેઠે કહ્યું કાં શું આપ્યું ? જે પૈસા આપ્યા હોય તે આપો. શેઠાણી કહે શું રૂપિયા, તે તો કહે આ મારી બધી ઘરવખરી છે તે લૂંટાવી દો. પણ તમે મારા લાલજી માટે પાણીનું બેડું લાવ્યા તેનું મૂલ્ય મારાથી થાય તેમ નથી. અને શેઠાણી પ્રથમની જેમ

ઠાકોરજીની સેવા કરવા વળગી ગયા. ઠાકોરજી માટે પાણીનું બેડું પીવા માટે લાવી આપે તેનું આટલું પૂન્ય થાય છે. વહાલા ભક્તો ! આજના દિવાળીના પવિત્ર પર્વે પ્રભુ પાસે પ્રાર્થના કરીએ. પરમ કૃપાળુ ભગવાન શ્રી નરનારાયણદેવ તેમજ પવિત્ર ધર્મકુળ અને પવિત્ર સંતોની કૃપા આપણા ઉપર અખંડ વરસતી રહે અને તન, મન, ધનથી દેવની સેવા કરી જીવન કૃતાર્થ કરીએ.

અસત્યો માંહેથી પ્રભુ પરમ
સત્યે તું લઈ જા.
ઉંડા અંધારેથી, પ્રભુ પરમ તે
જે તું લઈ જા.....
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે
નાથ લઈ જા.
તું હીણો હું છું તો, તુજ
દરશના દાન દઈજા...

વહાલા ભક્તો ! ભગવાન સ્વામિનારાયણે બાંધેલ જે મર્યાદા, બે દેશની ગાદી સિવાય બીજે ક્યાંય ચળકાટમાં મન લોભાય નહીં તેનું નિત્યે અનુસધાન રાખવું. ભગવાન સ્વામિનારાયણે સ્વહસ્તે બંધાવેલું સૌ પ્રથમ-સંપ્રદાયનું મુખ્ય મંદિર શ્રીનગરમાં શ્રી નરનારાયણદેવનું છે. સૌ પ્રથમ જો કોઈ દેવની પ્રતિષ્ઠા કરી બાથમાં લઈ પધરાવ્યા હોય તો એવા મહાપ્રતાપી દેવ શ્રી નરનારાયણદેવ છે. અને વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ છે. તેનો આશરો રાખીશું તો જ સાચા અર્થમાં દિવાળી. આપણા જીવનમાં સ્નેહ, પરસ્પર સંપ રાખીશું તો જ અંધકારથી-ઉજાસમાં આવીશું અને તે જ દિવાળી જીવનમાં પ્રાપ્ત કરી કહેવાશે. દિવાળી આવી રે આજ મારે દિવાળી આવી રે.....



નરનારાયણદેવ ! અમે આવ્યા આપને દ્વારે

"હે દેવ ! અમે આવ્યા, આપને દ્વારે દર્શન કરવાને,
દિવ્ય દર્શન કરવાને, કે ભવસાગર તરવાને; અમે આવ્યા .....
સૂણી નરનારાયણનું નામ, દોડી આવ્યા આપને ધામ,
પરિપૂર્ણ કરવા મનોકામના, આપનાં દર્શન કરવાને; અમે આવ્યા .....
હે દેવ ! અરજી સૂણજો તત્કાળ, આપ તો દેવ દીન દયાળ,
આપ છો પરગટ પરચાવાળા, આપનાં દર્શન કરવાને; અમે આવ્યા .....
અમે કામી ક્રોધી છીએ પૂરા, આપ શરણે આવ્યા અધૂરા,
આવ્યા દીન થઈ દુઃખિયારા, આપનાં દર્શન કરવાને; અમે આવ્યા .....
ભક્તિ માગીએ અમ ન્યારી, માયા છેટી રહે સંસારી,
અમ જીવન થાયે નિર્વિકારી, આપનાં દર્શન કરવાને; અમે આવ્યા .....
આશા ઊંડી અંતરની અમારી, આવ્યા અંતરમાં ધારી,
આપત્તિ આપ ટાળો અમારી, આપનાં દર્શન કરવાને; અમે આવ્યા .....
આત્યંતિક કલ્યાણ કરો અમારું, સાચું મોક્ષ તણું છે બારું,
સ્મરણ આખરે રહે આપનું, આપનાં દર્શન કરવાને; અમે આવ્યા .....

(- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ))

પ્રેમના ભૂખ્યા છીએ, પદાર્થના નહિ !

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

"જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે 'એકાંતિક ભક્ત' કહેવાય."

ભાડેરના રાજા પ્રતાપસિંહને સુવ્રતમુનિએ સૌથી પ્રથમ સત્સંગિજીવન સપ્રેમ સંભળાવ્યું હતું. સારાય પંથકમાં આ પ્રતાપસિંહરાજા 'પાતળભાઈ' તરીકે પ્રખ્યાતિ પામ્યા હતા. સૌ કોઈ તેમને પાતળભાઈ કહીને પ્રેમથી બોલાવતા. "वचने निवृत्ति वचने प्रवृत्ति ।" એ એમનો જીવન મંત્ર હતો. સત્ય સંકલ્પ એવા શ્રીહરિના તેઓ પરમ એકાંતિક ભક્ત હતા.

ભાડેરના રાજા હોવા છતાં ભગવાન તથા સંતોની સેવા નમ્રભાવે કરતા. ભગવાન તથા સ્વામિનારાયણનું વચન પાળવા, એમને રાજી રાખવા, પોતાનાં તન, મન, ધન અને જીવન ન્યોચ્છાવર કરી દેવા તત્પર રહેતા. જેવા પોતે ભક્તિવાન હતા તેવાં જ તેમનાં પત્ની પણ હતા.

એકવાર મહારાજ વિચરણ કરતાં કરતાં ભાડેર પધાર્યા ત્યારે આ દંપતીએ દબદબાભર્યું સામૈયું કર્યું ને પોતાને ઘેર વિરાજમાન કર્યા.

આજે પાતળભાઈના પત્નીના આનંદની કોઈ સીમા ન હતી. "આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ...." એ કીર્તનની પંક્તિ દોહરાવતાં દોહરાવતાં દાદરો ઊતરી દર્શન કરવા આવ્યા અને કહ્યું કે, "મહારાજ ! આપની આજ્ઞા હોય તો દૂધ લાવું. થાળ તૈયાર થવાને થોડીવાર છે."

મહારાજ કહે, "જે તૈયાર હોય તે લાવો, ભૂખ તો કકડીને લાગી છે !"

ભાડેરના ધણીની ભાર્યા ભાવવિભોર બનીને પ્રેમમાં ને પ્રેમમાં દૂધના બદલે છાશની દોણીમાંથી તાંસળી ભરી લાવ્યાં. ભાવ ભૂખ્યા ભગવાને તો તેમના પ્રેમને વશ થઈને ઝટપટ તાંસળી ખાલી કરી નાખી અને કહ્યું કે, "દૂધ બહુ જ મીઠું છે. દૂધમાં સાકર નાખી લાગે છે !"

"ના મહારાજ ! અમારી ભેંસોના દૂધ જ ભારે મીઠાં હોય છે.... થોડું વધુ લઈ આવું ?"

મહારાજ તેમનો પ્રેમ જોઈ ના ન પાડી શક્યા. લાવો થોડું. બીજી, ત્રીજી એમ કરતાં કરતાં ત્રણ તાંસળી ખાલી કરી ગયા !

પાતળભાઈના પત્નીને મનમાં ઘણો આનંદ થયો કે આજ તો પરબ્રહ્મ પુરુષોત્તમને ભર પેટ દૂધ પાયું !

મહારાજ ત્યાર પછી ઉપસ્થિત સર્વ હરિભક્તોને કહે છે : "સેવાભાવની સતત જાગૃતિ અને દૃઢ નિશ્ચય હોવો જરૂરી છે. જો દરેક કાર્ય સમર્પણ અને સેવામય ભાવથી ભાવપૂર્વક કરવામાં આવે તો પોતાનું જીવન સાર્થક કર્યું કહેવાશે. શ્રધ્ધા જ ન હોય તો ભગવાન દેખાય શી રીતે ? કર્મના અનુષ્ઠાનથી જ્ઞાન, જ્ઞાનથી ભક્તિ અને ભક્તિ દ્વારા ભગવાનના દર્શનનો આનંદ પ્રાપ્ત થાય છે....."

પછી થાળ તૈયાર થયો. મહારાજ જમ્યા પછી પાતળભાઈ જમવા બેઠા. જમ્યા પછી છાશ પીવાની તેમને ટેવ હતી. અરે ! આજે છાશ ભૂલાઈ ગઈ કે શું ? પત્નીએ તરત જ વાટકો ભરી આપ્યો. અરે ! આ તો દૂધ છે ! પછી તપાસ કરતાં ખબર પડી કે દૂધની દોણી તો ભરેલી જ છે ! હાય ! હાય ! મહારાજને ભૂલથી ખાટી છાશ પાઈ દીધી ! અરર ! મારાથી મોટો અપરાધ થઈ ગયો !

પસ્તાવાનો પાર ન રહ્યો. મહારાજની માફી માગી. મહારાજ કહે : "અમે તો પ્રેમના ભૂખ્યા છીએ, પદાર્થના નહિ. તમે પ્રેમથી આપ્યું તે અમને દૂધ કરતાં યે સ્વાદિષ્ટ લાગ્યું. વિદુરના ઘેર ગયા હતા ત્યારે તેમની પત્નીએ કેળાનાં બદલે છાલ અમને આપી હતી તે પણ પ્રેમપૂર્વક જમી ગયા હતા !"

વિદાય વેળાએ મહારાજે કહ્યું : "પાતળભાઈ ! ભગવાનને ભૂલાવે તેની સાથે તમે કદી હાથ ન મીલાવતા. ભગવાનને કોણે ભૂલાવ્યા ખબર છે ? ભજકલદારે, ભાર્યાએ અને ભોગોએ. તમારી સેવામાં તો ભક્તિ અને ભાવનાથી યુક્ત ભાર્યાછે, માટે ભાગ્યાશાળી છો."

દીપાવલિ પર્વમાં શ્રીહરિ દર્શન

- ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)

આ જીવને કાળ, માયા અને કર્મનો ભય, કર્મના બંધન રૂપે યમરાજનો ભય, જગતનો વ્યવહાર સાચવવાનો ભય, અરે! જાગતાં, ઊઠતા, ઊધતાં જ્યાં જુઓ ત્યાં ભય ભયને ભય જણાય છે. જ્યાં વસતા હોય ત્યાં પણ ત્યાંની પ્રજાનો ભય, જ્યાં નજર કરે ત્યાં ભય જણાય છે. છતાં આ ભયને ગણકાર્યા વગર અવળે માર્ગે ચાલે છે. અને જગતનો ભય રાખે છે. પણ ભગવાનનો ભય રાખતો નથી, જો ભગવાનનો ભય રાખે તો બીજા બધાય ભય મટી જાય છે. ભગવાનના ભક્તને જીવન-વ્યવહારનો ભય વળગે પણ શ્રીહરિની શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ.

"એટલે જે કર્મ તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું, કેમ જે ધર્મ જ સર્વે પુરુષાર્થનું ફળ આપનારું છે. માટે કોઈએ ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો." એટલે શ્રીહરિ કહે છે. તેજ વાત માંગરોળના આણંદજી સુખડિયાની જેમ શ્રીહરિ જ પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા છે. અને અક્ષરધામના અધિપતિ છે. આ સહજાનંદ સ્વામી તે આપણા માવતર છે. ધર્મકુળ એ જ આપણું કુળ છે. મુક્તો તે બાંધવો છે અને સત્સંગમાં પ્રીતિ, શાંતિ, તૃપ્તિ, સંતોષ રાખવો તે જ સુખાનંદ છે. કહેતા દીપાવલિનો ઉત્સવ છે. અને ધર્મકુળની, સંતોની, ગરીબ, ગાય, બ્રાહ્મણ અને અનાથ રોગીની સેવા ભક્તિ કરવી એજ સત્કાર્ય છે. એ વાતનો દૃઢ નિશ્ચય કરવાના દિવસો એટલે હરિદર્શનના દિવસો એજ પ્રકાશ પર્વના નામને સાર્થક કરનાર આપણા જીવનમાં સદાકાળ ભગવાન, સંત, ધર્મકુળ અને હરિભક્તમાં દિવ્ય ભાવનાં દર્શન - એટલે શ્રીહરિના આનંદ સ્વરૂપનાં દર્શન કરી દિવ્ય-મોક્ષ કહેતાં અક્ષરધામનું સુખ મેળવવાનું પર્વ દિવાળી છે.

અનંતકોટિ બ્રહ્માંડોના નિયંતા પરબ્રહ્મ પરમાત્મા કહેતા ઈશ્વર સૌનો પોષક, અદ્વિતીય જ્ઞાની, સૌનો નિયામક અનાદિ નારાયણ એક જ છે. અને તે જ સર્વે જીવ માત્રના ધારક, પ્રેરકને રક્ષક છે. ભગવાન આ બ્રહ્માંડમાં જ્યાં જેવું કાર્ય હોય તેવા દેહ ધારણ કરે છે. એવી રીતે કળિયુગમાં જેવું એકાન્તિક ધર્મનું સ્થાપન કરવા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ રૂપે પ્રગટ થયા છે. જેમનું એક તેજોમય બ્રાહ્ય દૃશ્ય સ્વરૂપ અને બીજું આંતરિક કલ્યાણમય આનંદ સ્વરૂપ છે. જે શ્રીહરિના બન્ને સ્વરૂપોનું દર્શન એટલે અવતાર અને અવતારીના સ્વરૂપનું જ દર્શન, જે શ્રીહરિના પ્રાગટ્ય-જીવન દ્વારા આપણે દિવાળી-પર્વમાં અન્નકૂટોત્સવ દ્વારા અનુભવી શકીએ છીએ. શ્રીહરિના જીવન-લીલાના પ્રસંગોમાં શ્રીહરિનું આદરજ (તા. કલોલ) ગામમાં આવવું અને ગામની ભાગોળે તળાવને કિનારે જાંબુડાના વક્ષ નીચે-ગાડા પર પાથરેલ શ્વેત ચાદર સહિત પાથરેલ ગાદલા પર બિરાજમાન થવું, અને શ્વેત ધોતી, શ્વેત, અંગરખું, શ્વેત ખેસ, શ્વેત પાઘ ધારણ કરી સંત, હરિભક્તોને મંદહાસ્ય સાથે દર્શન આપવું અને અન્નકૂટોત્સવ કરી, વિ.સં. ૧૮૬૭ ના વર્ષમાં અનંત રૂપે થઈ અન્નકૂટની બધી જ પ્રસાદી આરોગ્યા તે એક સ્વરૂપ અને એક રૂપે સભામાં બેસી સંત-હરિભક્તોને ધર્મોપદેશની વાર્તા કરે છે. તેવા સમયે મુક્તાનંદ સ્વામી વડોદરાની સભા જીતીને પોતાના મંડળે સહિત શ્રીહરિ સન્મુખ પધાર્યા ત્યારે શ્રીહરિ બોલ્યા જે "મુક્તાનંદ સ્વામી સભા જીતીને આવ્યા તે ભારે કામ કર્યું." આ વાત સાંભળીને હર્યાનંદ અને નિર્વિકલ્પાનંદ સ્વામીને અવગુણ આવ્યો ને બોલ્યા "અમને મોકલ્યા હોત તો અમે પણ જીતીને આવત." એવા મત્સર યુક્ત ગર્વિલાં વચન સાંભળી શ્રીહરિનું સ્વરૂપ બદલાયુ.

મદન મદ ઉતારે શ્યામ અંબુજ નેન
નયન વિશાલ કરુણાસાગર શ્રીહરિ
પ્રફુલ્લિત શરદ કમલવત આંખલડી
ગોવર્ધન દેખ ધીર ગંભીર બને શ્રીહરિ

મહારાજનું હાસ્ય-વદન ધીર ગંભીર બનતાં અને ભીની આંખ જોઈ સભાજનો સ્તબ્ધ બની ગયા. ત્યાં શ્રીહરિ બોલ્યા "હવે અમે વનમાં જઈશું ને રાજી થઈને વિદાય દેશો તો કાગળે મેળાપ રાખશું." તે સાંભળી હરિભક્તો ઉદાસ થઈ ગયા અને શ્રીહરિને વિનંતી કરી કે હે મહારાજ, જેમ કહેશો તેમ અમે કરીશું." ત્યારે શ્રીહરિએ પોતાનું

સચ્ચિદાનંદ સ્વરૂપ ધારણ કરી કહ્યું "હવે સત્સંગ બહુ વધી ગયો છે. માટે સત્સંગમાં મોટેરા સદ્‌ગુરુઓ કરીએ. એમ કહી નિત્યાનંદ, બ્રહ્માનંદ, મુક્તાનંદ અને પરમ ચૈતન્યાનંદ સ્વામીને સદ્‌ગુરુની પદવી આપી, તેમને ગાડા પર બેસાડી, તેમની આરતી ઉતારી. "સંત સેવા પ્રભુ સેવા"નો તત્ત્વાર્થ દીપાવલિનો જ્ઞાન દીવડો પ્રગટાવી કહ્યું, "જેને આ પ્રત્યક્ષ ભગવાન ઓળખાણા તે ભગવાનના અર્થે અને તેના ભક્ત એવા સંતને અર્થે શું શું ન કરે ? લોક લાજને તજે, કુળકુટુંબને તજે, રાજ્ય સુખને તજે, ધનને તજે, પરસ્પર સ્ત્રી, પુરુષ પણ એક બીજાને તજી દે અને ભગવાન જેમ કહે તેમ કરે, તેનો કેફ વર્તે અને ગમે તેવું લોકમાં તેને અવળું આવી પડે તો પણ તેને તે બધું સવળું જ છે. એમ ગણે. અને તેને માટે અક્ષરધામમાં વાસ તે અહીંથી જ છે. તે જરૂર બ્રહ્મમહોલમાં પહોંચે. આ પ્રત્યક્ષ ભગવાન તો સર્વે ગુરુઓના ગુરુદેવ છે અને સર્વે યોગીઓના યોગેશ્વર છે. તે તો એકાન્તિક ભક્તને દેખવામાં આવે છે ને તે ભક્તને મૃત્યુનો ભય ટળી જાય છે." આ સર્વે વાતનો મહિમા એટલે શ્રીહરિનો શ્રીહરિના સંત-હરિભક્તનો મહિમા તથા ધર્મકુળ આચાર્ય જે શ્રીહરિનું અપર સ્વરૂપ છે. તે વાતનો નિશ્ચય અને મહિમા સમજવાનું પર્વ એટલે દિવાળી-પર્વ.

આમ રાગ દ્વેષ રહિત થઈને, અવિદ્યા ટાળવાનો સંદેશ લઈને શરદઋતુની પૂર્ણિમાના ચંદ્રના તેજમાં શ્રીહરિના સચ્ચિદાનંદ સ્વરૂપનું દર્શન થતાં નાદ છૂટે છે..

મારા પુણ્ય તણો નહિ પાર,
વર મળ્યા છે જગદાધાર,
મારા ઉરમાં કીધો વ્હાલે વાસ,
હું તો થઈ છું સ્વામીની દાસ.
મુને અખંડ એવાતણ આપ્યું,
મારું જન્મમરણ દુઃખ કાઢ્યું.
મારો સુફળ જન્મ વ્હાલે કીધો,
મેં તો હરિ સાથે લ્હાવો લીધો,
હું તો અખંડ હરિગુણ ગાવું,
હવે પાછી તે ભવમાં ન આવું.
મળ્યા પુરુષોત્તમ બહુનામી,
વ્હાલા પ્રેમસખી નો સ્વામી.

શ્રીહરિ અને શ્રીહરિનો ધર્મકુળ આશ્રિત સત્સંગ મળ્યો છે તો શ્રીહરિના સ્વરૂપનું દર્શન કરીએ. શ્રીહરિએ પોતાના આશ્રિતજનોના કલ્યાણાર્થે માંગરોળમાં આપણી જૂની જગ્યા છે ત્યાં આંબલીના વૃક્ષતળે સભા ભરી વિરાજમાન થયા હતા. ત્યારે હરિભક્તોએ હાથ જોડીને મહારાજને પૂછયું, કે હે મહારાજ અમારે સર્વેનું કલ્યાણ જેમાં સમાયેલું હોય તે ધર્મ સર્વેએ પાળવા જેવા હોય તે કૃપા કરી કહો. ત્યારે શ્રીહરિએ નારાયણ ગીતા રૂપે ચારેય વર્ણના અને ચારે આશ્રમના જે નોખા નોખા ધર્મ કહ્યાં અને સાથે સાથે કહ્યું ભગવાનના ભક્તને છ નિત્ય કર્મ કહ્યાં છે તે (૧) સ્થાન કરવું. એટલે મંદિરમાં કે પવિત્ર સ્થળે સ્થિર આસન કરવું, (૨) શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરવું (૩) પૂજા કરવી (૪) સત્પુરુષોનો સમાગમ કરવો (૫) ભગવાનના જે ગુણ ગાવા-લીલા ચરિત્રો સાંભળવા અને (૬) ભગવાનના "શ્રી સ્વામિનારાયણ નમઃ" મંત્રનો જપ કરવો તથા શિક્ષાપત્રીના નિયમ પ્રમાણે ગૃહી-ત્યાગી સૌ એ વર્તવું. એ સર્વે વાતનું રહસ્ય સમજવાનું પર્વ એટલે દીપાવલિ પર્વ છે. - જેમાં નવા વર્ષના આરંભમાં - સ્વ-સુખાય-પરહિતાય માટે આપણે શ્રીહરિનું અક્ષરધામ મેળવવા આપણા જીવનરૂપી ચોપડામાં જમા પાસું શું છે ? તે વિચારવાનું પર્વ એટલે હૃદયગુહામાં રહેલું ભૂમિ પરનું અંધારુ કહેતા અસત્ય, અધર્મ, હિંસા, દુરાચાર, અંધશ્રધ્ધા, વહેમ, મંત્ર-તંત્ર અને વશીકરણ કહેતાં અવિદ્યાના મૂળ કાપવા હિંદુ ધર્મના ભાગવત ધર્મના પાયાના સિદ્ધાંતો પર હૃદયગૃહામાં છુપાયેલા ગુપ્ત શત્રુઓ - કામ, ક્રોધ, લોભ અને માન-મોટાઈ-પ્રતિષ્ઠા મેળવવા એકબીજાની નિંદા-પ્રશંસા કરવાની પ્રકૃતિ ટાળવા, શ્રીહરિના જેવી દયા "કોઈને દુઃખીઓ દેખી ન ખમાય" અન્ન, વસ્ત્ર આપી દુઃખ ટાળે - એ પરોપકાર વૃત્તિ રાખી સૌ તરફ નિષ્કપટ ભાવે દયા, મૈત્રી, રાખી વિનય સાથે કોઈનો દ્રોહ ન થાય એ રીતે દંભ માન, તજી સ્વજીવનમાં - સ્વઆચરણ પવિત્ર રાખવાનો સંકલ્પ કરવાનું પર્વ દીપાવલિ છે. શ્રીહરિના અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી, સંત, હરિભક્ત એમ કોઈનો દ્રોહ ન કરી શ્રીહરિએ ચિંધેલ - નિત્યકર્મમાં જ રહીએ તો જ શ્રીહરિના તેજમાં અક્ષરધામમાં બિરાજેલ શ્રીહરિના ધર્મકુળમાં દર્શન થાય તે નિશ્ચયની વાત છે.

અક્ષરધામમાં જવાનો પાયો પાકો તો છે ને ?

- જ્યંતિભાઈ કે. સોની (મેમનગર)

જેને ઈંદ્રિયોની આહાર શુદ્ધિ હશે તેને જ પ્રભુનાં ધામની પ્રાપ્તિ થશે. જીવ પંચવિષય વગર રહી શકતો નથી. પંચવિષયને ભોગવે અથવા તેનું ચિંતવન કરીને પંચવિષયને ભોગવે છે. જગતના જીવ અને પ્રભુના ભક્તની બંને ને પંચ વિષય ભોગવવાની પદ્ધતિમાં ફેર છે. જગતના જીવો જગત સંબંધી પંચવિષય ભોગવે છે, જ્યારે પ્રભુના ભક્ત પ્રભુ સંબંધી પંચવિષયોનું પાન કરે છે, એટલે કે ઈંદ્રિયોની ક્રિયાને ભગવાન ને સંતની સેવામાં પ્રવર્તાવે છે. જેનું અંતઃકરણ શુદ્ધ હશે તેને જ પ્રભુભક્તિ પ્રાપ્ત થશે. માટે ઈંદ્રિયોને મોકળી ન મુકતા મહારાજની આજ્ઞાનુંસાર વર્તાવવામાં આવે તો જ જીવ આ લોક પરલોકમાં સુખી રહેશે, પંચવિષય જીવને ક્યરેય મુક્ત થવા દેતા નથી જીવને બધ્ધને બધ્ધ જ રાખે છે - તેને જીત્યા વિના મુક્ત થવાય જ નહિ.

ગ.પ્ર.પ. ૧૮ ના વચનામૃતમાં શ્રીજી મહારાજે સ્વયં ઉપદેશ આપેલ છે. "જે મારા મનમાં તો એમ થાય છે જે વાત ન કહું પણ તમે અમારા છો માટે જાણીએ છીએ જે કહીએ જ" અને આ વાત છે તેને સમજીને તેજ પ્રમાણે વર્તે તેજ મુક્ત થાય છે અને તે વિના તો ચાર વેદ, ષટશાસ્ત્ર, અઢારપુરાણ અને ભારતાદિ ઈતિહાસ તેને ભણવે કરીને તથા તેનાં અર્થને જાણવે કરીને અથવા તેને શ્રવણે કરીને પણ મુક્ત થાય નહિ. આહા..... આટલા બધા ગ્રંથો ભણેલા હોય શ્રવણ કરેલા હોય તોય પણ મુક્ત થવાતું નથી તો શું કરીએ તો મુક્ત થવાય અને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેની વાત મહારાજ સ્વમુખે કહે છે. જે સાંભળો.

પાંચ જ્ઞાન ઈંદ્રિયોનો ઝાઝો વાંક છે. પરંતુ અંતકરણ એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારમાં ભગવાનનાં સ્વરૂપના નિશ્ચયનું બળ અથવા આત્મજ્ઞાનનાં બળને લીધે અંતઃકરણમાં એવું ગાફલપણું રહે છે એટલો જ અંતઃકરણનો વાંક છે. પરંતુ ઝાઝો વાંક તો પાંચ જ્ઞાનેન્દ્રિયોનો છે.

પાંચ જ્ઞાનેન્દ્રિઓ એટલે શબ્દ, સ્પર્શ, રૂપ રસ અને ગંધના વિષયોને ભોગવે છે - ઉપરોક્ત દરેક વિષયની છણાવટ નીચે પ્રમાણે કરીએ.

(૧) રસના : જીવ જે નાના પ્રકારના ભોજન જમે છે ત્યારે તે ગુણ અંતઃકરણમાં તથા શરીરમાં પ્રવર્તે છે. જો પ્રભુનો ભક્ત હોય અને લીલાગર ભાંગ્ય ને પીવે તો તેને પણ લીલાગર ભાંગ્યનાં કેફે કરીને વર્તમાનની ખબર રહે નહિ અને પ્રભુના ભજનની પણ ખબર રહે નહિ માટે અનંત પ્રકારના આહાર તેના ગુણ પણ લીલાગર ભાંગ્ય પેઠે છે. માટે પ્રભુના ભક્તે બજારૂ કે અભક્ષ આહાર કે પાપીના ઘરનું ન જમતા પવિત્રપણે ઘરે બનાવેલ થાળ પ્રભુને અર્પણ કર્યા બાદ જ ઉપયોગમાં લેવામાં આવે તે જ નિર્ગુણ થાય છે.

(૨) શબ્દ : જેમ આહાર તેનાં ગુણ પણ લીલાગર ભાંગ્યની પેઠે અનંત પ્રકારે છે - તેવી જ રીતે જીવ શ્રોત્રદ્વારે અનંત પ્રકારનો શબ્દ સાંભળે છે તેવો જ અંતઃકરણમાં પ્રવર્તે છે. કોઈ વ્યભિચારી પુરુષ હોય અથવા કોઈ સ્ત્રી વ્યભિચારીણી હોય કે અન્ય કોઈ વેદમર્યાદાને લોપીને વર્તતો એવો કોઈ ભ્રષ્ટ જીવ હોય તેની જે વાત સાંભળવી તે પણ લીલાગર ભાંગ્ય પીવે અથવા દારૂ પીવે એવી છે. તે વાતનાં સાંભળનારાનાં અંતઃકરણને ભ્રષ્ટ કરી નાંખે છે. જેને લીધે ભગવાનનું ભજન-સ્મરણ તથા વર્તમાન તેની વિસ્મૃતિ કરાવી નાંખે છે.

(૩) સ્પર્શ : ત્વચાના સ્પર્શ પણ અનંત પ્રકારનાં છે અને તેનાં ગુણ પણ અનંત પ્રકારનાં છે - તેમાં પાપી જીવનો સ્પર્શ તે જ ભાંગ્ય - દારૂના જેવો છે. માટે તે સ્પર્શ કરનાર હરિભક્ત હોય તેની પણ શુદ્ધ-બુદ્ધને ભૂલાડી દે છે. જ્યારે મોટા સંતના દર્શન સ્પર્શ-વર્તમાનની મર્યાદા રાખીને કરે તે જરૂર પવિત્ર થાય છે.

(૪) રૂપ : રૂપ પણ અનંત પ્રકારનાં છે. તેનાં ગુણ પણ અનંત પ્રકારના છે. ભ્રષ્ટ જીવનું દર્શન પણ લીલાગર ભાંગ્ય તથા દારૂ બરાબર છે અને પાપી જીવનાં દર્શન કરનારનું પણ ભૂંડુ જ થાય છે. માટે ભૂંડાને યોગે કરીને બુદ્ધિ ભ્રષ્ટ થાય છે અને સંતને યોગે કરીને બુદ્ધિ

નિર્મળ થાય છે.

(૫) સુગંધ : સુગંધ પણ મોટા પુરુષને ચડ્યું એવું જે પુષ્પ, ચંદન તેની જ લેવી જેનાથી બુદ્ધિ નિર્મળ થાય છે. પાપીના તેલ-અત્તરની સુગંધી જો લેવામાં આવે છે તો જરૂર સુગંધી લેનારનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે.

માટે ઉપરોક્ત પંચ વિષય સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહિ કરે અને તે નારદ-સનકાદિક જેવા હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? માટે પંચ ઈન્દ્રિયો પૈકી એકાદ ઈન્દ્રિયનો આહાર પણ જો મલિન થશે તો પણ અંતઃકરણ મલિન થઈ પ્રભુની ભક્તિમાંથી પડી જશે.

આ જીવ જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે. જ્યારે જીવ વિષયી જીવની સભામાં જઈને બેસે તે સમે તેનું અંતઃકરણ બીજા જાતનું થઈ જાય છે અને તૃણની ઝુંપડી હોય અને તેમાં ફાટેલ ગોદડીવાળા આસન ઉપર પરમહંસોની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહવર્તમાન ભગવતવાર્તા થાતી હોય તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે.

આમ સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે. માટે પરમહંસ તથા સાંખ્યયોગી હરિજન તથા કર્મયોગી હરિજન એ સર્વેને કુપાત્ર માણસની સંગત કરવી નહિ.

ઉપરોક્ત પંચ ઈન્દ્રિયોનાં આહાર શુદ્ધ રાખવામાં આવે તેવી દરેક સત્સંગી માત્રે તકેદારી રાખવી. બજારૂ વસ્તુ જેવી કે ચોકલેટ - બિસ્કીટ - પેંડા તેમજ અન્ય ને પ્રસાદી નિમિત્તે પણ ગ્રહણ ન કરવી. આવા બજારૂ પ્રસાદને મહારાજ જમતા નથી.

એટલે જ મહારાજે જણાવ્યું છે કે આ રીતે વર્તે તેને તો અમારી સર્વે સેવા કરી અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દઈશું અને તમો ઉપર ઘણા પ્રસન્ન થઈશું અને ભગવાનનું ધામ છે ત્યાં આપણે સર્વે ભેગા રહેશું. અને જો એમ નહિ રહો તો તમારે અને અમારે જન્મનું કર્તવ્ય છે. ઘણું છેટું થઈ જશે અને ભૂત કે બ્રહ્મરાક્ષસનો દેહ આવશે અને હેરાન થશો. તો શું આપણે ભૂત-પ્રેત કે બ્રહ્મરાક્ષસનાં દેહમાં જવું છે કે ભગવાનનાં અક્ષરધામમાં જવું છે ? જો ભગવાનના ધામમાં જ જવાનો નિર્ધાર કર્યો હોય તો આજથી જ ઉપરોક્ત પંચ ઈન્દ્રિયોનાં આહાર શુદ્ધ રાખી મહારાજનો રાજીપો મેળવી મનુષ્ય ફેરાને સાર્થક કરી લેવો તે જ આ મનુષ્ય

નવા વર્ષના દફ્તા અને કેલેન્ડર પ્રકાશીત થઈ ગયા છે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી સંવત ૨૦૬૪ ની સાલના સુંદર કલાત્મક, તિથિ ઉત્સવો તહેવારો સાથેની સંપૂર્ણ માહિતી સાથેના દફ્તા પ્રકાશીત કરવામાં આવ્યા છે. તેજ રીતે જાન્યુઆરી ૨૦૦૮ થી ડિસેમ્બર ૨૦૦૮ ના સર્વોપરિ શ્રીજી મહારાજે સ્વહસ્તે પ્રતિષ્ઠા કરેલ નવ મંદિરોના ઠાકોરજી અને જે તે મંદિરની સુંદર પૂજનીય કલાત્મક તસવીરો સાથે સર્વોપરિ આપણા ઈષ્ટદેવનું જન્મ સ્થાન છપૈયાધામ અને બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની અલૌકિક તસવીર તથાઆપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પૂજનીય તસવીર સાથેના કુલ ૧૪ તસવીરોવાળા કેલેન્ડર પ્રકાશીત થઈ ગયા છે. વહેલાસર સાહિત્ય કેન્દ્રમાંથી મેળવી લેવા.

નવા વર્ષના કેલેન્ડરમાં સૌજન્ય અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી જાન્યુઆરી ૨૦૦૮ થી ડિસેમ્બર ૨૦૦૮ના સુંદર કલાત્મક અલૌકિક દિવ્ય ચિતાર્ષક મનોહર સ્વરૂપ સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ (રંગમહોલ), સર્વોપરી શ્રી નરનારાયણદેવ, શ્વેત વસ્ત્રમાં ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની દર્શનીય તસવીર વાળા કેલેન્ડર પ્રકાશીત થઈ ગયાછે. જે ભાવિક ભક્તોને પોતાના ધંધા-ઉદ્યોગની જાહેરાત છપાવીને કેલેન્ડર લેવા હોય તેમણે અગાઉથી સાહિત્ય કેન્દ્રમાં એડવાન્સ રકમ જમા કરાવીને પાવતી મેળવીને પોતાના કેલેન્ડર નોંધાવી લેવા. સાથે ધંધાનું નામ સરનામું ફોનની વિગત ખાસ આપવી. - *કોઠારી સ્વામી*



સખી હૈડે હરખ ન માય, આ દિવાળી રે



- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

પ્રકૃતિ હરખાઈ ઉઠે છે. માનવ મન આમેય ઉત્સવ પ્રિય છે. સ્વામિનારાયણ ભગવાને તો ઉત્સવોની હારમાળા ઉપજાવી છે. એ બહાને ય જીવને અંત સમયે ઉત્સવની કાંઈક ઝાંખી થઈ જાય તો એ મોટી પદવીને પામે એવો પરમ - આશય ઉત્સવો પાછળ એમનો હતો.

દિવાળી આવે એટલે પશુ, પંખી, માનવ સહિત સમગ્ર

નંદ સંતોએ ઉત્સવોમાં પણ શ્રીહરિને જ કેન્દ્ર સ્થાને રાખી કીર્તનો રચ્યાં છે. કીર્તન બનાવતી વખતે મનને શ્રીહરિ રૂપી ફૂલની આસપાસ એવું ગુંથેલુ રાખ્યું છે કે એ ગુંથણીની સુગંધ સમગ્ર ઉત્સવને સુવાસિત બનાવી દે છે !

નંદસંતોના કીર્તનો આપણા સંપ્રદાયનો અમૂલ્ય વારસો છે. કોઈપણ ઉત્સવ કે તહેવારને લઈને એમણે પ્રત્યેકનાં ભાવવાહી કીર્તનો બનાવ્યાં છે. બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી એ સર્વે સંતોની કલમમાંથી કીર્તનો આપો આપ સરી પડ્યાં છે. એમનાં અંતરમાં શ્રીહરિની દિવ્ય માધુરી મૂર્તિ અખંડ વિરાજે છે. બસ અંતરમાં મૂર્તિને સંભારે એટલે મુખમાં સાક્ષાત્ સરસ્વતી આવીને વસી જાય અને જેવા શ્રીહરિને નીરખ્યાં હોય તેવું શબ્દ ચિત્ર આપો આપ અંકિત થઈ જાય. એમાંય ઉત્સવ હોય તેનો રંગ અને ઉમંગ એ કીર્તનોમાં ભળે અને શ્રીહરિ જાણે પ્રત્યક્ષ ઉત્સવમાં વિરાજમાન હોય અને રંગે ચંગે ઉત્સવ ઉજવાતો હોય તેવો ભાવ એ કીર્તનોમાં ઝળહળી ઉઠે છે !

સનાતન ધર્મમાં ઉજવાતા કોઈપણ તહેવાર કે ઉત્સવને લઈએ એનાં કીર્તનો અચૂક મળે છે. વસંત પંચમી, ફૂલદોલોત્સવ, શિવરાત્રી, રામ નવમી, શ્રીહરિજયંતી, શ્રાવણનો હિંડોળા ઉત્સવ, એકાદશી, રક્ષા બંધન, શ્રીકૃષ્ણ જન્મોત્સવ (જન્માષ્ટમી) પારણાં, ગણેશ ચતુર્થી, રાધાષ્ટમી, જળયાત્રા, જળઝીલણી એકાદશી, વિજયા દશમી, શરદ પૂર્ણિમા અને વર્ષને અંતે આવતો દીપોત્સવી-મહોત્સવ-એમાંય ધનતેરશ, કાળી ચૌદશ, દીપાવલી, અન્નકૂટોત્સવ એ પ્રત્યેક દિવસનાં અલગ-અલગ કીર્તન-પદો જોવા મળે છે.

બ્રહ્માનંદ સ્વામીએ દીપોત્સવી-પર્વનાં મધુર કીર્તનો પદો રચ્યાં છે. ઉત્સવમાં આગોતરાં આમંત્રણ દઈ દીધાં હોય એટલે ચારેય કોરથી સંતો, હરિભક્તોનો અવિરત પ્રવાહ એ ગામ કે શહેર ભણી વહેતો થઈ જાય. અને જોત જોતામાં એ ગામ કે શહેર હરિ ભક્તો અને બીજાં હરિપ્રિયજનોથી છલકાઈ ઉઠે. કાષાય વસ્ત્રોધારી સંતોની મધ્યે શ્વેત વસ્ત્રધારી શ્રીહરિ એવા શોભે જાણે પારિજાતનાં પુષ્પોનો મંચ ઉભો કર્યો હોય અને મધ્યમાં મંદ મંદ હાસ્ય અને કરુણાસભર નેત્રોથી સૌ ઉપર અમી ભરેલી દ્રષ્ટિથી જાણે સૌ કોઈનું ઉત્સવમાં અભિવાદન કરતા હોય એવા શ્રીહરિ સૌને નજરમાં આવે. "જોને હરિ કેવા હરખથી મને આવકારે છે !" હર કોઈને એવી પ્રતિતિ થાય. સર્વોપરિ શ્રીહરિની આજ તો ખાસિયત છે ને ?

બ્રહ્માનંદ સ્વામી ધનતેરસનાં પવિત્ર દિવસે શ્રીહરિનાં આવા શોભાયમાન સ્વરૂપને આમ રજુ કરે છે.

સખી ઓચ્છવનો દિન આજ,
ધન્ય ધનતરેસને,
મળ્યા રંગીલો વ્રજરાજ,
ધન્ય ધનતેરસને.
મારે મોહન આવ્યા ઘેર,
આજ થઈ છે લીલા લહેર
જેની નિત્ય જોતી હું તો વાટ,
તે વહાલો મારો આવી બેઠા ખાટ
મારાં પુણ્ય તણો નહીં પાર,
આવ્યા મંદિરે મોરાર
બ્રહ્માનંદ કહે થઈ નિહાલ,
લટકાળો પધાર્યા લાલ.

મહારાજે ઉત્સવમાં જે દિવસે આવવાનું કહ્યું હોય એ જ દિવસે ભક્તજનો આવે. વહેલા આવે તો ગામથી દૂર અન્ય જગ્યાએ ઉતારો કરે પણ આમંત્રણ ધનતેરસથી જ હોય તો ધન તેરસના દિવસે જ હરિજનો આવે. આવીને જેવાં મહારાજનાં દર્શન કરે કે પ્રત્યેકને એમ જ લાગે.

"મળ્યા રંગીલો વ્રજરાજ, ધન્ય ધનતેરસને"

દર્શન દીધાં પછી સૌ ભક્તોને મહારાજ પ્રેમથી મળે એટલે ભક્ત હૃદય ગાઈ ઊઠે.

આવ્યા રસિયો જાદવરાય,
તેરસ ધન્ય તુને.
હું તો પ્રેમે લાગી પાય,
તેરસ ધન્ય તુંને.
મેં તો મોતીડે વધાવ્યા માવ,
થયો અંતર અધિક ઉછાવ.
કીધી મનની પૂરી હામ,
બોલાવી મુને સુંદર શ્યામ.

મેં તો ચંદન કીધી ગાર,
સજ્યા શોભિતા શણગાર.
ભેટ્યા શ્યામ ચતુર વ્રજચંદ,
બલિહારી બ્રહ્માનંદ.

નયણા ભરીને નટવર નાથ એવા મનોહર શ્રી મહારાજને નીરખ્યાં હોય પછી અંતરમાં મંગળ ગીત ઉભરાય અને મનોહર શ્યામ હસીને એમ બોલે જાણે કે અનંત જન્મોની ઓળખાણ ન હોય ?

નેણે નિરખ્યા નટવર નાથ,
દિન ધનતેરસનો.
શોભે વ્રજવાસીને સાથ,
દિન ધનતેરસનો.
આજ ગાઈએ મંગળ ગીત,
હરિને મળીએ ભાવ સહિત.
હસી બોલ્યા શ્યામ સુજાણ,
થઈ અલૌકિક ઓળખાણ.
મારે હૈડે તે હરખ ન માય,
જોઈ નેણાં શીતળ થાય.
બ્રહ્માનંદ કહે થઈ રંગરેલ,
કરીએ ખાંતીલાથી ખેલ.

ધનતેરસને ગામડામાં ધેનું (ગાય) તેરસ પણ કહે છે. એ દિવસે ધેનું (પશુધન) ને શણગાર કરવામાં આવે છે. એનાં શીંગ ને પણ રંગે છે. બ્રહ્માનંદ સ્વામી તો શ્રીહરિને એ જ વિનંતી કરે છે કે "બસ મહારાજ ! આજે તો અંબર ઝીણાં વસ્ત્ર અને મુકુટ ધારણ કરી મને તૃપ્ત કરો અને મારું કારજ પૂર્ણ કરો.

પહેરો અંબર ઝીણાં અંગ,
ધન તેરસ આવી.
વારી રસિયા નવરંગ,
ધનતેરસ આવી.
તેડો ગોઠીડા ગોવાળ,
ગાઈએ મોરલીમાં ગીત રસાળ.
કરીએ ધેનુને શણગાર,
રંગિયે શીંગ અજબ રંગ સાર.
કરો લટકાં ભીને વાન,
થાય વ્રજનારી ગુલતાન.
માથે મુકુટ ધરો મહારાજ,
કરો બ્રહ્માનંદ નું કાજ.

આસો વદ ચૌદશ એટલે કાળી ચૌદશ. આ ચૌદશ ખૂબ લાભદાયી મનાય છે. બ્રહ્માનંદ સ્વામીનું મન આજે મહારાજને મનગમતાં શોભીતા શણગાર પહેરાવવાનું છે. માથે ફૂલનાં છોગલિયાં ફરતા મેલ્યાં હોય, શીર પર કલંગી શોભતી હોય એવા મનોહર શ્રી ઘનશ્યામને જોતાં જ એમ લાગે રખે ને કોઈની નજર લાગી જાય. એટલે કપાળે નાનકડું કાળું ટપકું પણ કરેલું છે !

રૂડો ચૌદસનો દિન શ્યામ,
કુંજ વિહારી રે;
સજો શોભીતા શણગાર,
ગિરિવર ધારી રે.
પ્રીતમ બાંધો પાઘડી રે,
આંટાદાર અનુપ રે;
હરિવર દેખું હેતથી તારું,
રસિક મનોહર રૂપ રે.
ફરતાં મેલો ફૂલનાં રે,
છોગલિયાં ચહુકોર રે;
સભા કરીને શ્યામળા,
બેસો નાગર નંદકિશોર રે.
લટકાવો શિર લાલજી રે,
સુભગ કલંગી સાર રે;
બ્રહ્માનંદના વહાલમાં,
જાઉં બાનકને બલિહાર રે.

કાળી ચૌદશ પછી આવે છે વરસનો અંતિમ શુભ દિન દિવાળી.

ક્યારે આવે દિવાળી કરીએ દીવા રે,
આજ અંતરમાં ઉજાસ ભૂદર ભાળી રે.

સૌ કોઈનાં અંતરમાં ઉમંગના દીવડાં ઝગમગી રહ્યાં છો. ભક્તજનોનાં અંતરની વાચાને બ્રહ્માનંદસ્વામી આ પ્રમાણે દીપાવલિનાં પદમાં ગુંથી લે છે.

સખી હૈડે તે હરખ ન માય,
આજ દિવાળી રે;
હું તો મગન થઈ મનમાંય,
ભૂદર ભાળી રે;
સુંદર શ્યામ સોહામણો રે,
સુંદર ગજગતિ ચાલ;
સુંદર શોભા અંગની હું તો,
નિરખીને થઈ છું નિહાલ;
નેણ મનોહર નાથનાં રે,
હૈડે મનોહર હાર;
સુભગ મનોહર શ્યામલો વહાલો,
નટવર નંદકુમાર;
બાજુ નૌતમ બેરખાં રે,
બેહદ નૌતમ બાન;
બ્રહ્માનંદના નાથનું રૂપ,
જોઈ થઈ છું હું ગુલતાન;

કારતક સુદ એકમ એટલે નૂતન વર્ષનો પ્રથમ મંગલકારી દિવસ. એ દિવસે શ્રીહરિ સન્મુખ અન્નકૂટ ધરાવવામાં આવે છે. મહારાજે અનેક ગામોમાં અન્નકૂટ ઉત્સવનાં આયોજન કર્યા હતાં. મહિનાઓ પહેલાંથી વ્યંજન સામગ્રીઓ એકઠી કરવામાં આવતી. સર્વે જનો યથા શક્તિ યથા સમય અન્નકૂટની સામગ્રીઓ તૈયાર કરવામાં લાગી જતાં અને એકમનાં દિવસે સ્વયં મહારાજ ભગવાનની મૂર્તિ સન્મુખ અન્નકૂટનો શણગાર કરતાં. જ્યાં સ્વયં પુરુષોત્તમ નારાયણનું મેનેજમેન્ટ હોય એ અન્નકૂટમાં શી ખામી હોય ? એ મધુર પકવાનો અને વ્યંજનોની સુવાસ દેવો સુધી પ્રસરતી અને સર્વે દેવો અદશ્ય રૂપે પ્રસાદી લેવા આવતા. બ્રહ્માનંદ સ્વામી તો મહારાજ અને એમના અન્નકૂટ ને નીરખી આ પ્રમાણે મગ્ન થઈ બસ ગાય છે.

પૂરણ પ્રગટ પ્રમાણ જમો ને,
પ્રભુ પુરણ પ્રગટ પ્રમાણ.

પુરેઉ પ્રભુ આગે અન્ન વ્યંજન,
જન મિલ પરમ સુજાણ.
અન્નકૂટ કી રચના અલૌકિક,
ઐસી ન લખી કહુ આન.
તેહી બીચ બૈઠે સોહત હરિ,
ઘરત જાહી મુનિ ધ્યાન.
અવિનાશી જબ જીમકે (જમીને),
અઘાયે તબહી નિરાજન ઠાન.
બ્રહ્માનંદકું દેત ભયે હરિ,
શીત પ્રસાદી દાન.

એકાંતિક ભક્તને તો મહારાજની શીત પ્રસાદી જ જોઈએ પછી એ અન્નકૂટની પ્રસાદી હોય કે શ્રીહરિનાં અલૌકિક શીતળ મધુર સ્વરૂપની !

દીપોત્સવીના આ પંચમ પૂર્વમાં હાજર રહેલાં પ્રેમસખી (પ્રેમાનંદ સ્વામી) શ્રીહરિના અલૌકિક સ્વરૂપને નિહાળી ગાઈ ઉઠે છે.

ઓરા આવો છેલ તમારું છોગલું જોઉં રે
છોગલું જોઉં ને રે મારાં દિલમાં પ્રોવું રે...
એટલું તો હવે કરજો માણીગર માવા રે.
પ્રેમાનંદનાં નેણ માં રહેજો આવા ને આવા રે.....

દીપોત્સવીના પર્વને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગદીપનો ઉત્સવ એવું નામ આપ્યું છે.

સત્સંગદીપનાં આ મંગલકારી ઉત્સવના દિને બસ એ જ પ્રાર્થના કરીએ કે, હે મહારાજ ! અમારાં નેણમાં, અમારા અંતરમાં આપ આવાને આવા રહેજો અને અમારાં હૃદયમાં પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ + સત્પુરુષ + સત્ધર્મ + સત્શાસ્ત્ર આ ચારેયના સુભગ સમન્વય સમો સત્સંગ હરહંમેશ તરોતાજા રહે એવા આશીર્વાદ હે આચાર્ય મહારાજશ્રી અમ ઉપર વરસાવજો.



ગોવર્ધન પૂજા

- પ્રહલાદભાઈ વિ. પટેલ (ન્યુજર્સી - કરજીસણવાળા)

લીલા પુરુષોત્તમ શ્રી કૃષ્ણ મહાપ્રભુએ વૃંદાવનમાં અતિ રમણીય લીલાઓ કરી તેમાં ગોવર્ધન લીલા ખૂબ જ કલ્યાણકારી છે.

વૃંદાવનમાં નંદલાલા તથા સર્વે ગોવાળો દર વર્ષે નૂતન વર્ષાભિનંદન તરીકે ઈન્દ્રદેવને રાજી કરવા ગોવર્ધન પર્વતની તળેટીમાં અન્નકૂટનો ભવ્ય ઉત્સવ કરતા. તેમને મન ઈન્દ્ર જ વરસાદ વરસાવે છે અને આપણે સુખી રહી શકીએ છીએ. ઈન્દ્રને પણ પૂજન થવાથી ગર્વ રહેતો. પરંતુ ભગવાન તો ગર્વ ગંજન છે તેથી તેમણે કંઈક નવી જ લીલા કરી.સર્વે ગોવાળો સાથે મિટીંગ કરી ભગવાને કહ્યું કે આ ગોવર્ધન પર્વત આપણી ગાયોની તથા આપણી રક્ષા કરે છે તો આ વર્ષે આપણે તેની પૂજા કરીએ. સર્વેએ ભેગા મળી ગોવર્ધન પર્વતની પૂજા કરી, અન્નકૂટ ધરાવ્યો, શ્રીકૃષ્ણ ભગવાને પ્રત્યક્ષ ગોવર્ધન રૂપે થઈ પૂજા, ભેટ, અન્નકૂટનો સ્વીકાર કર્યો.

વૃંદાવનમાં ફક્ત ગોવર્ધન પર્વતની જ પૂજા થઈ, ઈન્દ્ર મહારાજની નહિ ! તેથી ઈન્દ્રે મેઘરાજાને મોકલી મુશળધાર વરસાદ વરસાવ્યો. શ્રીકૃષ્ણ ભગવાને આખો ગોવર્ધન પર્વત પોતાની ટચલી આંગળી ઉપર ઊંચો ઉપાડ્યો, ગોવાળિયાઓએ લાકડીઓથી ટેકો આપ્યો ને સર્વે ગાયોની રક્ષા કરી. ઈન્દ્રે આવી માફી માગી. ગોવર્ધન પર્વત ઉપાડવાથી નામ ભગવાનનું પડ્યું. "ગોવર્ધન ધારી યા ગિરિધારી."

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને બાથમાં લઈ શ્રી નરનારાયણદેવ પધરાવી સામે ઊંબરા ઉપર ઉભા રહી પોતાનું ઐશ્વર્ય મૂકતાં તેજ તેજના ફૂવારા ઊડ્યા ! શ્રી નરનારાયણદેવ રૂપે શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે બિરાજમાન થયા. "છો તો એકને દીસો છો દોય." તેનો ભેદ જાણે જન કોય, શ્રી નર અને શ્રી નારાયણ બે રૂપ જુદાં છે પણ પોતે તો સાક્ષાત્ એકજ શ્રી સ્વામિનારાયણ છે. તેથી જ તેમને આપણે દર વર્ષે "અન્નકૂટ" ધરાવી ગોવર્ધન લીલાને યાદ કરીએ છીએ. શ્રી નરનારાયણદેવે પોતે જ શ્રી સ્વામિનારાયણ ભગવાન રૂપે અન્નકૂટ જમે છે.

શ્રી નીલકંઠવર્ણી પંઢરપુરમાં વિઠ્ઠુબાને ભેટ્યા

ડૉ. એચ.વી. કેરાઈ (અંજાર-કચ્છ:

('મા-બાપની સેવા એજ સાચો ધર્મ' ની પુષ્ટિ આપી)

વિષ્ણુના પરમ બ્રાહ્મણ ભક્ત અને પિતૃભક્તિ માટે નામાકિંત પુંડલીકના નામ પર જાણીતું થયેલું પુંડલીકપુર આગળ જતાં પંઢરપુર તરીકે જાણીતું થયેલું. ચંદ્રભાગા નદીના કિનારે આવેલા પંઢરપુર, નાશિક અને ગોદાવરી નદીની નજીકમાં આવેલું છે. હિંદુ તીર્થ યાત્રાળુઓ માટે પંઢરપુર એ ખૂબ જ પૂનિત તીર્થ સ્થળ બની ગયું છે. આગઉ વૈષ્ણવ ભક્તોની ત્યાં ઘણી અવર જવર રહેતી. નીલકંઠવર્ણીના એ સ્થળે પુનિત પગલા અને ભગવાન વિઠ્ઠુબાને બાથ ભરીને ભેટ્યા બાદ સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓની પણ ઘણીજ અવર જવર જણાય છે. સ્વામિનારાયણ સંપ્રદાય માટે એ અગત્યનું તીર્થધામ બની ગયું છે. આ પુનિત ગામમાં પુંડલીક નામનો પવિત્ર બ્રાહ્મણ અને માતા-પિતાની અદ્‌ભુત સેવા કરનાર એક પ્રખર વિષ્ણુ-ભક્ત રહેતો હતો. વૃદ્ધ માતા-પિતાની સેવા કરવા માટે એમણે પોતાની તમામ ફાલતું વૃત્તિઓનો ત્યાગ કર્યો હતો. અરે કંમરલાયક થવા છતાંય લગ્ન કરવાનો વિચાર પણ નહોતો કર્યો. કોણ જાણે કેવા સ્વભાવની ઘરમાં આવે અને પછી જો એ મા-બાપની સેવામાં વિઘ્નરૂપ બને તો એ પોતાની ફરજ ચૂકી જાય. આજુ બાજુના એના પરણેલા યુવાનોના લગ્ન પછી બદલાયેલા માનસનો એને અનુભવ હતો. ઘરડા માવતરને તુચ્છનાર અને કડવા વેણ બોલનાર પુત્રવધુઓની કમી નહોતી.

"ભગવાનની સેવા મૂકી જવાય તો



ભગવાન માફ કરી દે પણ માવતરની સેવા ચૂકાય તો ભગવાન માફ ન કરે" એવા એના ગુરુના વચનો અને શિખામણો એણે હૃદયમાં ઊતાર્યા હતા. વૃદ્ધ માવતરોની સેવા કરવી એ મહાન તીર્થયાત્રા ગણાય છે. એવું એ માનતો. ગમે તેવા દાન-પુન્ય કરે, નિત્ય દેવદર્શને જાય, અનેક તીર્થયાત્રાઓ કરે પણ મા બાપની સેવાનો અનાદર કરે તો સઘળું મિથ્યા છે. બીજું ભલે ન કરે પણ સાચા મનથી માવતરની સેવા કરે તો જીવનની તમામ ખોટ પુરાઈ જાય અને અક્ષરધામનો મુક્ત બને. પુંડલીકની એ માન્યતા સો ચટ સોના જેવી સત્ય હતી.

એ વહેલો ઊઠીને પોતાનો નિત્યક્રમ પતાવીને પછી મા-બાપને ઊઠાડે, નવડાવે-ધોવડાવે, આખા શરીરે તેલની માલીસ કરે. પછી એમના માટે બનાવેલી ખાસ બેઠક પર બેસાડે. અને પોતે રસોઈ તૈયાર કરે. નિત્ય નવી જાતની રસોઈ કરી જમાડે. પછી મા-બાપને ધાર્મિક પુસ્તક વાંચી સંભળાવે અને ધર્મની અલક-મલકની વાતો કરે. પછી પાછાં મા-બાપને થોડા ફરાવીને, સૂવડાવી પોતે ગામમાં જરૂરી કામે કે ખરીદી માટે જાય. પોતાના ખેતરોમાં કામ કરતા મજૂરો પર આંટો મારી આવે. ખેતરમાં ખૂબ ધાન પાકે જેથી એનું ગુજરાન બરાબર ચાલે. બપોર પહેલાં આવી મા-બાપને જગાડે. બહાર બેસાડે અને પોતે રસોઈમાં જોડાય. આમ એનો આખા દિવસનો કાર્યક્રમ માતા-પિતાની જરૂરીયાતને અનુલક્ષીને થાય. સમય મળે મંદિરે જઈ આવે. બજારે પણ જઈ આવે. પોતાના ધાનનો વેપાર અને ઉઘરાણી પણ કરી આવે. મા-બાપને બગીચામાં ફરવા પણ લઈ જાય. અને રાત્રે વાળુ કરાવીને, શાસ્ત્રોનું વાંચન સંભળાવીને સૂવડાવે, ચરણ દાબે, માથું દાબે, કોઈ તકલીફ હોય તો જરૂર પ્રમાણે સારવાર આપે.

પંઢરપુર ગામમાં અને આજુબાજુના વિસ્તારમાં એની આ માવતર-ભક્તિ લોકજીભે ચડી. આદર્શ પુત્રોમાં એની ગણતરી થવા માંડી. પ્રભુના માહિતી પ્રધાન નારદજી પણ આ વાત સાંભળીને પંઢરપુરમાં આંટો મારી ગયા અને દેવલોકમાં પુંડલીકના નામની ખૂબ

પ્રશંસા કરી. દેવો પણ આ માવતર ભક્ત સેવાભાવી પુત્રને દર્શને આવવા લાગ્યા. અને એમની મા-બાપની ભક્તિને નવાજી.

છેવટે વિષ્ણુ ભગવાન આ પુત્રની માવતર ઘેલછાની કસોટી કરવા પૃથ્વી પર ઊતર્યા. વહેલી સવારે તેઓ પુંડલીક ના ફળિયામાં આવી પહોંચ્યા. ત્યારે પુંડલીક પોતાના પિતાને માલિશ-સ્નાન કરાવતો હતો. પ્રભુએ એમને દર્શન આપ્યાં અને સાથે લાવેલ એના માટેનો ખાસ પ્રસાદ લઈ જવાની હાકલ કરી. પુંડલીકે પોતાની દ્રષ્ટિથી પ્રભુનાં દર્શન કર્યા. અને અત્યારે પોતે પોતાના પિતાની સેવામાં હોવાથી એ એમને દંડવત કરી શકે એમ નથી અને એમનો કોઈ રીતે સત્કાર કરી શકે એમ નથી. જેથી પ્રભુને થોડીવાર બેસવાનો ઈશારો કર્યો. બાજુમાં પડેલી મોટી ઈંટ પ્રભુ તરફ ધકેલી અને પોતે પિતાજીને માલિશ-સ્નાન કરવા લાગ્યો અને જ્યારે એણે પોતાના પિતાની સેવા પુરી કરી અને એમને જમાડી લીધા ત્યારે જ એ બહાર આવ્યો અને લાંબો સમય ઈંટ પર બેસી રહેલા પ્રભુને પગે પડીને એમનો સત્કાર કર્યો. પ્રભુએ આપેલો પ્રસાદ લીધો અને સીધો એમના મા-બાપને આપવા ગયો. વિષ્ણુ ભગવાન એમની આ પિતૃ સેવાથી પ્રસન્ન થયા અને પુંડલીકને બાથમાં ઘાલી ભેટ્યા અને રૂડા આશીર્વાદ આપ્યા. ઘરમાં જઈને પુંડલીકની પ્રાર્થના સાંભળી એના મા-બાપને વિઠ્ઠલ અને રૂક્ષ્મણીદેવી તરીકે દર્શન આપ્યાં.

પ્રભુ જે ઈંટ પર બેઠા હતા એ ઈંટ સોનાની થઈ ગઈ અને જે સ્થળ પર પ્રભુ પુંડલીકની વાટ જોઈને બેઠા હતા ત્યાં સુંદર મજાનું મંદિર બન્યું. આજે પણ સોનાની ઈંટ પર વાટ જોતા ભગવાન વિઠ્ઠુબાની ભવ્ય મૂર્તિના દર્શન કરવા માટે વૈષ્ણવો અને આપણા સંપ્રદાયના આશ્રિતોની ઉત્સવના સમયે ભીડ જામે છે.

પ્રભુ જ્યારે પંઢરપુર પધાર્યા ત્યારે એમણે ભગવાન વિઠ્ઠુબાની ભવ્ય મૂર્તિને બાથમાં ભેટીને પોતાની ઈચ્છા પરિપૂર્ણ કરી હતી. પ્રભુએ પંઢરપુરમાં રહીને અહીં આવતા હરિભક્તોને માતા-પિતાની સેવાના અમૂલ્ય પુણ્ય-ફળનો બોધ આપ્યો અને પુંડલીકનું દ્રષ્ટાંત આપીને એ લ્હાવો લેવાની સૌને શીખ આપી. માતા-પિતાના ચરણોમાં ચાર ધામની યાત્રા સમાયેલી છે. તમામ તીર્થો સમાયેલા છે. એવી વર્ણીની છટાદાર વાણીથી અનેક યુવાનોના મનનું પરિવર્તન થયું અને માતા-પિતાની ભક્તિ કરવા પ્રેરાયા.

પ્રભુએ પોતે પણ મા-બાપની સેવા કરીને એમને પોતાના ધામમાં મોકલાવ્યા બાદ જ વનવિચરણની યાત્રા ચાલુ કરી હતી. અને જગતમાં મા-બાપની સેવાનું ઉત્તમ ઉદાહરણ સ્વયં આચરણમાં મૂકીને સ્વાશ્રિતોને શિક્ષાપત્રીમાં તેનો સુંદર ઉલ્લેખ કરીને ઉપદેશ આપેલ છે.

પંઢરપુરને પાવન કર્યા પછી રામાયણ સમયના ચિત્રકૂટ અને નાશિક શહેરમાં આવ્યા, જ્યાં રામાવતાર સમયે વનવિચરણ દરમિયાન એ સ્થળે ઝૂંપડી બાંધીને રહ્યા હતા. એ જ જગ્યાએ પોતાના નાના ભાઈ લક્ષ્મણે રાવણની બેન સૂર્પણખાના નાક કાન કાપીને એને લંકા પરત કરી હતી. આજ સ્થળે ભાઈ ભરતજી એમની માતાઓ સાથે એમને રાજ્યમાં પાછા ફરવાની આજીજી કરવા આવ્યા હતા. રામને ભરતનો એ અવિસ્મરણીય મિલાપ એમના હૈયામાં તાજો થયો અને પ્રભુ ફરી એકવાર રામાયણરૂપી ગંગામાં ડૂબકી મારી આવ્યા.

અને પ્રભુએ આ સાથે પોતાની વનવિચરણની લીલા અહીં પુરી કરી. ગૃહ ત્યાગ કર્યા ને પ્રભુને પુરાં સાત વર્ષ થયાં હતા. અત્યારે વર્ણીની ઉંમર પુરા અઢાર વર્ષ થઈ હતી.

સાત વર્ષમાં પ્રભુએ ગુજરાત પ્રદેશ સિવાયના ભરત ખંડના તમામ પ્રદેશોને પાવન કરી ચૂક્યા હતા. ગુજરાત એ પ્રભુની આ અવતારની મુખ્ય લીલાનું સ્થળ હતું. જ્યાં પ્રભુને પોતાના અવતારના બાકી રહેલા વર્ષોમાં પોતાના અવતારનો મુખ્ય હેતુ પાર પાડવાનો હતો. ગુજરાતની ભૂમિને પોતાની કર્મભૂમિ બનાવીને આજ સ્થળ પર એકાંતિક ધર્મની સ્થાપના કરીને માર્ગ ભૂલેલા જીવોને સાચી રાહ ચીંધીને મોક્ષનો માર્ગ સમર્પણ કરવાનો હતો. એમનાં અંતિમ કાર્યક્ષેત્રનો પાયો નાખનાર ઉદ્ધવજીનો એમને આજ પ્રદેશમાં ભેટો થવાનો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આપણા હરિદ્વાર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે મૂળીના શાસ્ત્રી સ્વામી વ્રજવલ્લભદાસજી ગુરુ સ્વામી ધર્મવલ્લભદાસજીને નિયુક્ત કર્યા છે.

જીવનનો અર્થ શો છે ! જીવન કેવી રીતે જીવશો ?

- શા. વિશ્વપ્રકાશદાસ ગુરુ મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર)

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ એવા ભગવાન શ્રીહરિએ આપણને સાંગોપાંગ અમૂલ્ય જીવન આપ્યું છે. પણ આ જીવન કોને કહેવાય ! અને કેવી રીતે જીવન જીવવું જોઈએ એના રસ્તાઓ કે માર્ગો શોધવામાં આપણું અમૂલ્ય જીવન સંસારના આ ચક્રમાં એવું તો ફસાઈ જાય છે કે તેનો ખરેખર સાચો અર્થ આ જીવન આપણે સમજી શકતા નથી. તેમ છતાં જો જીવનનો અર્થ કરવા બેસીએ તો ઘણા બધા અર્થ નીકળી શકે છે.

ગણિત શાસ્ત્રી એમ કહે છે કે જીવન તો ગણિતનો એક દાખલો છે. એમાં જો ખોટી રકમ મંડાઈ જાય તો જવાબ પણ ખોટો જ આવે છે. માટે વહાલા ભક્તજનો ! આ જીવનરૂપી દાખલામાં મોક્ષરૂપી જવાબ ખોટો ન પડે તે માટે રકમ રૂપી કુસંસ્કારનો ત્યાગ કરીને આપણે જીવન જીવવું જોઈએ. કોઈ નાવિકને મન જીવન એક સાગર છે. એમાં સુખ દુઃખરૂપી ભરતી-ઓટ આવ્યા જ કરે છે. કોઈ વેપારી જો જીવનની વ્યાખ્યા કરશે તો એ એમ કહેશે કે જીવન એક વેપાર છે. તેમાં ક્યારેક નફો થાય તો ક્યારેક ખોટ પણ ખાવી પડે છે. શેકસપિયર જેવો નાટ્યકાર જીવન માટે એમ કહે છે કે આ સંસાર તો એક રંગમંચ છે. જીવન એક નાટક છે. આપણે સહુ પાત્રો છીએ. દરેક વ્યક્તિ પોતપોતાની ભૂમિકા ભજવે છે. પોતાની ભૂમિકા પૂરી થાય એટલે આપણે મૃત્યુના પડદા પાછળ ચાલ્યા જવું પડે છે. પ્રવાસીને મન જીવન એક યાત્રા છે. આ યાત્રામાં આપણને અનેક લોકોનો નવો પરિચય થાય છે. અનેક લોકોના સંગાથ થાય છે. ઘણા લોકોના સંગાથ છૂટી પણ જાય છે.

એટલે કે જીવનના અંત સુધી માણસ જીવનનો અર્થ સમજી શકતો નથી. જીવનના અઢળક રહસ્યો આપણને સતત ઘેરી વળે છે. કોઈ જીવનને વહાલ કરે છે. કોઈ જીવનથી દૂર ભાગે છે. કોઈ જીવનનો અંત આણે છે. આમ, જીવનનો મર્મ ન સમજાય તો પણ એ જેવું છે તેવું જ તેને માણવું એ જીવનનો ધર્મ છે. મર્મ અને ધર્મ વચ્ચે અદ્વૈત સધાઈ જાય એજ મોક્ષ છે. એજ સ્વર્ગ છે અને એજ જન્નત છે.

જીવન જીવવાની બે જુદી-જુદી રીતો છે. એક છે દર્પણની રીત અને બીજી છે કેમેરાની રીત. દર્પણ પોતાની પાસે જે કોઈ વ્યક્તિ કે વસ્તુ ઉપસ્થિત થાય તેને પૂરેપૂરી ઝીલે છે. એના તમામ રંગોને અને પૂરેપૂરા રૂપને પ્રગટ કરે છે. પણ બીજી જ પળે જ્યારે વસ્તુ કે વ્યક્તિ ત્યાંથી હટી જાય ત્યારે પુરેપુરૂ ખાલી થઈ જાય છે. દર્પણ પાસે સહેજેય અધિકાર ભાવ કે પકડ નથી એ માત્ર સાક્ષી છે.

કેમેરો ઝીલે તો છે બધું જ, પણ ખાલી થઈ શકતો નથી. એની પકડ એટલી ઊંડી અને પ્રબળ હોય છે કે વસ્તુ કે વ્યક્તિ હટી જાય, ઘટના પુરી થઈ જાય તો પણ એ એનાથી મુક્ત કે ખાલી થઈ શકતો નથી.

દર્પણ જે વસ્તુ જેવી છે તેને તેવી જ પ્રગટ કરે છે. પણ પોતાની અંદર એ આકૃતિનો અંશ પણ ઊતરવા દેતું નથી. સાચી કે નરસી કોઈ પણ ઘટનાનું એ સાક્ષી છે. વર્તમાન સિવાય બીજા કોઈપણ કાળ સાથે તેને સંબંધ નથી. પોતાની સામે કશું જ નથી હોતું ત્યારે દર્પણ ખાલી હોય છે. પ્રસંગ સરકી જાય એટલે તત્ક્ષણ દર્પણ ખાલી થઈ જાય છે. એટલે દર્પણ જેવું હૃદય ધરાવનાર વ્યક્તિ દુઃખી નથી થતી, કેમ કે એની પાસે કોઈ આગ્રહ, કોઈ પકડ, કોઈ પ્રકારની લિપ્તતા નથી.

પકડાયેલું છોડવું અતિશય મુશ્કેલ હોય છે. સંસારી જીવન કેમેરા જેવું હોય છે. એ પકડે તો છે પણ છોડી શકતા નથી. એટલે ખરેખર દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં જે મોહ, માયા, ક્રોધ, લોભ, ધન આદિક જે અવગુણો કેમેરામાં કેદ કરી રાખ્યા છે તે જો તત્કાળ છોડવામાં આવે અને દર્પણની જેમ ખાલી થતા આવડે તો હૃદય, આ બધા અવગુણોથી અલિપ્ત રહેશે અને એમાં કાયમી ભગવાન શ્રીહરિનો નિવાસ થશે. માટે ભક્તજનો હવે આપણે જ નક્કી કરવું રહ્યું કે, આપણે આપણું જીવન દર્પણની માફક પસાર કરવું કે ? કેમેરાની માફક ?

નૂતન વર્ષમાં નાના બાળકથી લઈ યુવાનોએ સર્વાવતારી શ્રી નરનારાયણદેવના નિત્ય દર્શન અને તે પણ શક્ય ન હોય તો દર અગિયારસ અને પૂનમે દર્શન કરવાનું નિયમ રાખીને શ્રીજી મહારાજની લખેલ અમૂલ્ય શિક્ષાપત્રી પ્રમાણે વર્તીને પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા પાળીને આપણું જીવન ધન્ય બનાવીએ.

સત્સંગ સૂરભિ :

"દરેકમાંથી ગુણ ગ્રહણ કરવાની ટેવ પાડશો"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

ગુજરાતના ખેડા જીલ્લાનું વડતાલ ગામ. શ્રીજી મહારાજને આ સ્થાન ખૂબ પ્રિય. અહીં અવાર-નવાર પધારતા. ઉપદેશની વાતો કરતા. સમાજના ઉદ્ધાર માટે આજુબાજુનાં ગામોમાં વિચરણ કરતા. સખાઓ સાથે ઘોડા ખેલવતા અને દિવ્ય લીલાઓ કરતા.

એમના સંતો સર્વ પ્રકારે ધન સ્ત્રીનો ત્યાગ રાખતા. પોતાના સ્વામી એવા શ્રી સહજાનંદજી મહારાજની રૂચિ અનુસાર તપ, ત્યાગ, વૈરાગ્યમાં તેઓ શૂરા હતા. તપને કારણે કેટલાક સંતોની કાયા અતિશય કૃશ થઈ ગઈ હતી. આમ છતાં ક્યારેય કશી ફરિયાદ મહારાજને કરે નહિ. "મહારાજની મરજી એ જ આપણી જીવન શૈલી" એવી અનોખી સમજણ એમના સંતો અને ભક્તોમાં હતી.

શ્રીહરિને હંમેશા રાજી થઈને સૌને જમાડવાનો ખૂબ આનંદ આવતો. આગ્રહ કરી કરીને સૌને જમાડતા. દૂધ, દહીં, ઘીની રેલમછેલ કરતા અને કોઈ સંત વધારે લેવાની ના પાડે તો માથા ઉપર દૂધપાકની ધાર કરીને એમને નવડાવી દેતા. મહારાજ જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે પીરસતા ત્યારે દૂધ, ઘી, માખણની અખંડ નદીઓ વહેતી ! દેવો અને ગંધર્વો પણ અદૃશ્ય રૂપે એ પ્રસાદી લેવા આવતા.

ચૈત્ર મહિનાની દશમના એક દિવસે, બપોરના સમયે શ્રીજી મહારાજ બધા સંતો અને ભક્તોને વડતાલની પાઠશાળામાં પીરસતા હતા. પકવાન, ફરસાણ તથા શાકભાજી પીરસાય તે દરમ્યાન પંક્તિમાં નારાયણ ધૂન ચાલુ રહેતી. અને એના પડઘા ચૌદ ભૂવનમાં ગાજી ઉઠતા !

છેલ્લી પંક્તિમાં બેઠેલા શૂદ્ર ભક્તોને પણ મહારાજ એટલા જ પ્રેમથી પીરસી રહ્યા હતા. હવે ફક્ત જયનાદ થાય એટલી જ વાર હતી, એવામાં ભોજનશાળાનું બારણું ખખડ્યું.

ભોજન કરવા બેઠેલા તમામ ભક્તોએ હજુ તો જમવાની શરૂઆત પણ કરી નહોતી ત્યાં તો બે સંતો બહાર ગામથી પધાર્યા. તેમની સુકલકડી કાયા તપાવેલા તાંબાની જેમ ઝગારા મારી રહી હતી. સાચા બ્રહ્મચર્યનું ઓજસ કાંતિ વેરતું હતું ! "જય સ્વામિનારાયણ" કહીને બંને સંતોએ ભોજનશાળામાં પ્રવેશ કર્યો.

સૌની નજર એ ઓજસ્વી સંતો ઉપર સ્થિર થઈ ગઈ ! ગામડેથી વિચરણ કરીને તેઓ આવતા હતા. વ્યસન તથા દોરાધાગાથી લપટાયેલા ગ્રામજનોને સાચા સહજાનંદી ઉપદેશથી વ્યસન મુક્ત કરાવીને આવ્યા હતા. અભણ ગ્રામ્યજનોને ભગવાન સ્વામિનારાયણ ની ઓળખાણ કરાવીને આવ્યા હતા. પરંતુ વિપરીત સંજોગોને લીધે ત્રણ દિવસના ઉપવાસ થયા હતા.

મહારાજે 'જય સ્વામિનારાયણ' કહીને મીઠો આવકારો આપ્યો. પરંતુ અણધાર્યા પધારેલા આ અતિથિ-સંતોને ભોજન કરાવવાનો પ્રશ્ન સૌને મૂંઝવતો હતો ! કેમ કે માણસોના કહેવાથી બ્રહ્મચારી સ્વામીજીએ બધું પીરસી દીધું હતું. અને બીજે દિવસે એકાદશીનો ઉપવાસ આવતો હોવાથી અન્ન રાખવું પણ નકામું હતું.

પરંતુ આંગણે આવેલા અતિથિ સંતોને મૂકીને ભોજન કરવાનું પણ યોગ્ય ન લાગ્યું. સૌ વિમાસણમાં હતાં. શ્રીજી મહારાજની દીર્ઘદૃષ્ટિ બધું જ પામી ગઈ. મહારાજ બે થાળી લઈ સફાળા ઉઠ્યા.

"આજે આપણા સમારંભમાં બે તપસ્વી સંતો અતિથિ તરીકે પધાર્યા છે. અતિથિને જમાડવાનું ઘણું પુણ્ય શાસ્ત્રોમાં કહ્યું છે. માટે સૌ પોત પોતાની થાળીમાંથી થોડું થોડું અન્ન આ બંને થાળીમાં મૂકો." એમ કહીને બંને થાળી લઈ મહારાજ પંક્તિમાં ફરવા લાગ્યા. સૌએ પોતપોતાના પાત્રમાંથી સારામાં સારી વાનગી થાળીમાં મૂકી. બંને થાળી છલોછલ ભરાઈ ગઈ ! મહારાજે બંને સંતોને આગળ બેસાડી રસથાળથી ભરેલાં એ બે પાત્રો એમના આગળ મૂક્યાં. પછી સૌએ જયનાદ કરી ભોજનની શરૂઆત કરી.

સૌને પ્રેમપૂર્વક જમાડવાની અને બ્રહ્માનંદ કરાવવાની પંક્તિ ભેદ વિનાની અનોખી રીત મહારાજે પ્રવર્તાવેલી. વડતાલની ભોજનશાળામાં સ્વામી શ્રી

સહજાનંદે એ દિ' ખૂબ સહજતાથી આનંદપૂર્વક સમૂહ ભોજન સૌને કરાવ્યું !

સાંજની વેળાએ ગમતીને કાંઠે શ્રીહરિ ઓતરાદે મુખે વિરાજમાન થયા હતા. સૌ સંતો અને ભક્તો મહારાજની ફરતે વીંટળાઈને બેઠા. ગોમતી નદીનાં નીરમાં ઢળતી સંધ્યાનો સૂરજ જાણે પોતાનું મુખ પખાળી રહ્યો હતો અને આ બાજુ સૌ ભક્તજનોનાં અંતર, મહારાજની અમૃતમય વાણીના પ્રવાહમાં ડૂબવા માટે આતુર બન્યાં !

"મહારાજ આપે તો આજે ભારે દીર્ઘ દૃષ્ટિ વાપરી." કેટલાક ભક્તોએ મહારાજને બપોરના ભોજન પ્રસંગની યાદ અપાવી વાત કરી.

"કઈ બાબતમાં તમને દીર્ઘદૃષ્ટિ દેખાઈ ? આપણે તો દરરોજની જેમ પરોપકારનું કાર્ય કરીએ છીએ. એ બધામાં દીર્ઘદૃષ્ટિ જ છે ને ? પછી ટૂંકી દૃષ્ટિ કે દીર્ઘ દૃષ્ટિ એવા ભેદ શા પાડવા ?" મહારાજ હસીને બોલ્યા.

"આજે બપોરની વેળાએ આપે અમોને સાચવી લીધા. અમારે ગૃહસ્થોને આવા પ્રસંગો ઘણીવાર બનતા હોય છે. ભોજન કરતા હોઈએ અને કોઈ અભ્યાગત આવી ચડે ત્યારે મુંઝવણનું મોજું ફરી વળે ! એમને ભૂખ્યા રાખીને જમતાં જીવ પણ ન ચાલે !" ગૃહસ્થ ભક્તજનોએ પોતાની મુંઝવણ રજુ કરી.

ત્યાં પાસે ઊભેલા મૂળજી બ્રહ્મચારી બોલ્યા, "મહારાજ ! આપે માનપૂર્વક ભોજનની વ્યવસ્થા કરી આપી. અમને તો કાંઈ દિશ સૂઝતી ન હતી. અતિથિ - સંતો ભોજન ન પામત તો અમારા જીવ દુઃખાત, આવા સંતો ભૂખ્યા રહે એ ઓછું પાપ ગણાય ?"

શ્રીજી મહારાજ સત્સંગ સમુદાયમાં સંસ્કારનું સિંચન થાય અને સમજણ દૃઢ બને એ પ્રકારનું જ્ઞાન આપવા હંમેશા તત્પર રહેતા. ભોજનનો પ્રસંગ તો સામાન્ય હતો પણ ભક્તજનોને એમની મુંઝવણમાંથી મુક્ત કરવાનો કીમિયો મહારાજે ઉપદેશ દ્વારા આપ્યો.

"દૈવી, માનસિક, શારીરિક કે આકસ્મિક એવી કોઈ પ્રકારની વિપત્તિ આવી પડે ત્યારે દેખીને દુઃખાઈ જવું નહિ. સાવધાનીથી પગલાં લેવા. ભક્ત હોય તેની કસોટી થાય. નરસિંહ મહેતા, મીરાંબાઈ ભગવાનનાં ભક્ત હતાં તો તેમની કપરી કસોટી થઈ છતાં અડગ રહ્યાં. એમ મુશ્કેલીમાં મનને સ્થિર રાખી એમાંથી ધીરજપૂર્વક માર્ગ શોધીએ તો અચૂક રસ્તો મળે." મહારાજે સૌને અડગ રહેવાની શીખ આપી.

આ બાજુ સંધ્યા આરતીનો સમય થવા આવ્યો હતો. એટલે મહારાજે સૌ ભક્તજનોને અંતિમ પ્રશ્ન પૂછ્યો. "આજે આ ભોજન પ્રસંગ થયો, પેલા બે સંતો પણ સંતોષ પૂર્વક જમ્યા. એ બધું બરાબર પણ તમને કાંઈ આમાંથી પ્રેરણા મળે છે ?"

બધા એકબીજા સામું જોવા લાગ્યા. વિચારના વમળમાં ગોથાં ખાવા લાગ્યા કે શો જવાબ આપવો.

ત્યાં મહારાજે સ્વયં ઉત્તર કર્યો.

"શુક્રતારા સહિત બીજા તારલાઓ મીઠું મીઠું હસતા હોય છે પરંતુ એમાં રાત્રિરાજા ચંદ્રનું ઉજ્જવળ અને શીતળ હાસ્ય કાંઈક જુદું જ તરી આવે છે. તેમ દરેક વ્યક્તિમાં ગુણો હોય છે. પરંતુ દરેકમાંથી ગુણ લેવાનો ગુણ જ ઉત્તમ સ્વભાવ છે." વળી પાછી સમજણ આપતાં બોલ્યા, "પીરસેલાં પાત્રોમાંથી જેમ થોડું થોડું અન્ન, થાળીમાં ભરવામાં આવ્યું તો બંન્ને થાળી છલોછલ ભરાઈ ગઈ અને દરેકના મનની સમસ્યા પણ હલ થઈ. ભૂખ્યા આવેલા સંતો પણ તૃપ્ત બન્યા. ટાણાનું ટાણું સચવાયું અને અતિથિ ધર્મ પણ સચવાયો. તેમ **દરેકમાંથી ગુણ ગ્રહણ કરવાની ટેવ પાડશો** તો તમારા અંતઃકરણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી છલકાઈ જશે અને પરમેશ્વરની કૃપા થશે. લોક વ્યવહારે ગમે તેવો મોટો કહેવાતો હોય કે ગમે તેટલા ત્યાગ વૈરાગ્યે યુક્ત હોય પરંતુ જ્યાં સુધી આવી સમજણ દૃઢ નથી તેને અક્ષરધામ અતિ દૂર છે. માટે હંમેશા વહેંચીને ખાવાની કાગવૃત્તિ અપનાવો."

મહારાજે ઉપદેશેલા જ્ઞાનનો મર્મ ભક્તજનો પામી ગયા. મર્મ એ હતો કે અન્ન ખૂટ્યું અને બધાએ પોતાના પાત્રમાંથી સારામાં સારી વસ્તુ આપી અને એમાંથી બે સંતો તૃપ્ત થયા એ તો લીલા માત્ર હતી ! બાકી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યાં પીરસનારા હોય ત્યાં કદિ અન્ન ખૂટે ખરું ? આ તો ગુણગ્રાહ્ય દૃષ્ટિ કેળવવાનો કીમિયો સમજાવવા માટે આવી લીલા મહારાજે કરી હતી !

કર્ણધારનો આવો કરિશ્મા જોઈને ભક્તજનો અત્યંત ભાવવિભોર બન્યા. સંધ્યા ટાણે મહારાજ આરતી કરવા ઉભા થયા. સંમોહક વ્યક્તિત્વના સ્વામી એવા સહજાનંદ સ્વામીની પાછળ પાછળ ભક્તજનો પણ આરતી કરવા માટે તત્પર ઉભા થયા.

પરંતુ એ સંમોહક વ્યક્તિત્વમાંથી ઉદ્‌ભવતા ઉપદેશામૃતનાં સ્પંદનો દરેકમાંથી ગુણ ગ્રહણ કરવાની ટેવ પાડશો - એનો ધ્વનિ સૌના અંતરમાં આરતીની ઝાલરોની જેમ ગુંજી ઊઠ્યો !

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

પ્રત્યેક દિવસ દિવાળી છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

દિવાળી એટલે આનંદનું પર્વ, નાના હોય કે મોટા, બાળકો હોય કે બુઢ્ઢા સહુ કોઈ પોતપોતાની રીતે દિવાળીના પર્વનો આનંદ માણે. મહિના અગાઉથી તૈયારીઓ ચાલુ થાય. હજુ તો શ્રાધ્ધની ખીરનો સ્વાદ સુકાયો ન હોય ત્યાં તો વળી શરદ પૂનમના દૂધપૌંઆનો પ્રસાદ આવી પહોંચે. એ વિદાય થયા ન થયા અને દિવાળીની તૈયારીઓ ચાલુ થઈ જાય. વરસ દરમ્યાન ઘરની દિવાલો પર પેન અને પેન્સિલથી બાળકોએ દોરેલા જાતજાતના નકશાને ભૂંસવા દિવાલો ધોળાય પણ હૃદય ધોળ્યા વગર એમને એમ રહી જાય છે. વર્ષે એકવાર પણ કામ ન લાગે તેવા બાપ-દાદાના વખતના અભરાઈ પર ગોઠવેલાં વાસણો હેઠા ઉતરે અને ચકચકિત થઈ પાછાં અભરાઈ પર ગોઠવાઈ જાય છે. તો વાસણો માંજવાની સાથે વિચારોનું મંજન થાય એ બધું જરૂરી છે. નવા કપડાંઓની ખરીદી શરૂ થાય, મેલા થયેલાં કપડાં ધોબી પાસે ધોવરાવી શકાય. પરંતુ મેલાં થયેલાં કાળજાને ક્યાં ધોવા જશો ? મેલાં કાળજા તો સંત સમાગમથી જ ધોઈ શકાય. પછી તેલ-ઘીના ભાવ પ્રમાણે મઠીયા, સુવાળીનો સામાન આવે અને પછી વડીલના ખિસ્સામાં જે રૂપિયા બચ્યા હોય તેમાંથી બાળકો માટે ફટાકડા આવે.

અને એટલામાં તો દિવાળી આવીને ઉભી રહે અને થોડું હર્યા-ફર્યા બે દિવસ નવા કપડાં પહેર્યા અને થોડી મીઠાઈ કે મઠીયાંને ન્યાય આવ્યો કે ન આપ્યો તેટલામાં તો પાછી દિવાળી ચાલી પણ જાય. ટોડલે મુકેલા દિવાઓ પણ ઝબકીને પ્રકાશ આપીને પાછા બુઝાઈ જાય. દિવાળીના દિવસોમાં ટોડલે મુકેલા દિવાઓ શાંત થઈ જાય છે. પણ સંતો પાસેથી મેળવેલા જ્ઞાનના દિવાઓ સતત ઝબકતા રહેશે અને અંતરમાં સદાય અજવાળું આપશે.આવી તો જગતના જીવો માટે એક નહીં પણ અનેક દિવાળીઓ આવી અને ગઈ, પછી કાયમ માટે ચિંતાને ઉદ્વેગ ચાલુ ને ચાલુ. એ તો જગતના જીવોની વાત થઈ. પણ ભગવાનના ભક્તો માટે એવું નથી. ભગવાનના ભક્તોને તો દરરોજ દિવાળી હોય છે. કારણ કે જગતના આનંદની મહત્તા એને હોતી નથી. એમનો આનંદ ભગવાન સાથે જોડાયેલો હોય છે. એને ભગવાનની મહત્તા હોય છે.

વાત છે માંચા ભક્તની અને એ પણ સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે કહેલી. એકવાર માંચા ભક્તને ત્યાં કોઈક ઠગ આવ્યો અને આડી અવળી વાતો કરવા લાગ્યો. ધીમે ધીમે વખાણ શરૂ કર્યા. તમે તો પરોપકારી છો. ઉદાર છો, સેવા ભાવી છો, ભૂખ્યાઓને જમાડો છો. માટે તમારા ઉપર હું બહુ પ્રસન્ન થયો છું. તો મારી પાસે આ જડીબુટ્ટી છે. જેનાથી તમને તાંબામાંથી ચાંદી બનાવતા શીખવાડું, જેથી તમારે રૂપિયાના ઢગલા થશે. બીજા કોઈ મને લાખ રૂપિયા આપે તો પણ ન શીખવાડું પણ તમે સારા માણસ છો તેથી આ જાદું તમને શીખવાડું, પછી તમારે જે આપવું હોય તે આપજો. જ્યાં પેલા ઠગે આટલી વાત કરી એટલે માંચા ભક્ત અંદર ઘરમાં ગયા તેથી પેલાને લાગ્યું કે હમણાં તાંબાના વાસણો લઈને આવશે. પણ માંચા ભક્ત તો મોટી લાકડી લઈને આવ્યા અને તે ઠગને કહ્યું, ચાલ, ભાગ અહીંયાથી અમારે તો તારી જડી બુટ્ટી પણ જોઈતી નથી કે નથી તારો જાદુ જોઈતો. "અમારે તો ભગવાન સિવાય બીજા કોઈ પદાર્થની ઈચ્છા નથી." તું અહીંથી ઉભો થા, નહિં તો ..... એમ કહીને તેને પોતાના ત્યાંથી કાઢી મુક્યો એટલું જ નહિ પણ ગામ બહાર કાઢી મુક્યો, કે જેથી બીજા કોઈ ભલા ભોળાને છેતરે નહીં.

આવા ભગવાનના ભક્તોને ભગવાન સિવાય કાંઈ વહાલું હોતું નથી. તો ભગવાનને પણ એવા ભક્તો સિવાય બીજું કોઈ વ્હાલું હોતું નથી. માટે જ તો માંચા ભક્ત વચનામૃતમાં સ્થાન લઈ શક્યા.

જગતનાં કોઈ પ્રલોભનો જેને લોભાવી ન શકે, જગતના મોજ-શોખ

જેને મોહ પમાડી ન શકે એવા ભક્તજનો માટે સદાય દિવાળી છે. એવા ભક્તોના હૃદયમાં પરમાત્માનું કાયમ સાનિધ્ય હોય છે. એટલે વર્ષનો પ્રત્યેક દિવસ, જીંદગીનો પ્રત્યેક દિવસ દિવાળી જેવો જ હોય છે. આપણે પણ આ નવા વર્ષે એ પાઠ શીખીએ કે આપણી દિવાળીનો આનંદ ભગવાનના પૂજન, ભજનથી અને આપણા નવા વર્ષની શરૂઆત ઈષ્ટદેવના દર્શનથી કરીએ તો બ્રહ્માનંદ સ્વામીના શબ્દો આપણા જીવનમાં સાર્થક થશે.

"બ્રહ્માનંદ ના રે વ્હાલા તમ સંગ
રમતા મારે,
દહાડી દહાડી છે દિવાળી,
હૈડામાં મુને વ્હાલા લાગો છો
વનમાળી."

●

પ્રત્યેક દિવસ કામનો છે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

નૂતન વર્ષની શરૂઆત કહેવાય છે કે સૌ પોતાના ઈષ્ટદેવનું મુખ જોઈને કરે છે. કારણ કે સૌ માને છે કે ભગવાનનું મુખારવિંદ (આજના) નવા વર્ષના પ્રથમ દિને જો જોઈએ તો આખું વર્ષ સારું જાય.

મિત્રો ! ભગવાનના એકવાર દર્શન કરવાથી મનમાં જો આટલી દ્રઢતા આવતી હોય કે આખું વર્ષ મારું સારું જશે તો એ ભગવાનના દરરોજ દર્શન કરનાર પર તો અખંડ મહેર વરસતી હશે ને ? પણ એવો ખટકો રાખવો પડે નહિતર કેવું થાય ખબર છે !

ભાલ વિસ્તારની એક સુંદર વાત છે. એક સમય એવો હતો કે ત્યાંના વિસ્તારમાં ઘઉં સિવાય કાંઈ ખાસ મળતું નહિ. જ્યાં દૂધ ન મળતું હોય ત્યાં છાશની અપેક્ષા ક્યાંથી રખાય અને જ્યાં શાક ન મળતું હોય ત્યાં "છમકાની" એટલે કે વગારના અવાજની એ આશા ક્યાંથી રખાય. કોઈ સગા આવે તો શાક ભેગું લેતાં આવે તો શાક તૈયાર થાય. ભાલમાં એક માજી રહેતા. આ માજીનો દીકરો અમદાવાદમાં ભણતો. નવા વર્ષના વેકેશનમાં તેને ઘરે જવા માટે હાઈસ્કુલ વાળા સાહેબોએ રજા આપી. આ છોકરાને રજા મળી એટલે ઘેર જવાની તૈયારીઓ કરવા લાગ્યો. જોઈતી વસ્તુઓ અમદાવાદથી ખરીદી કરી. સાથે સાથે વિચાર કર્યો મારી બાએ શાક ક્યાંથી ખાધું હોય અને અહીં તો સસ્તા ભાવે ઢગલો શાક મળે છે. લાવ ત્યારે વધુ સમય ટકે એવા શાક ખરીદી લઉં. કોબી-બટાકા વગેરે શાક-ફળ લીધા. આ છોકરો પોતાને વતન પહોંચ્યો તેની બા દીકરાને જોતા ભેટી પડી. હરખના આંસુ છલકાયા. પછી તો દીકરાએ પોતાની બાને શહેરમાંથી જે ખરીદ્યું હતું તે આપ્યું. સાથે સાથે શાક પણ દીધું ને કહ્યું જો આ કોબી છે. તેનું આજે તું શાક કરજે. બાની નજરમાં આ શાક પહેલું વહેલું હતું. બાએ કહ્યું સારૂ બેટા. દીકરો તો પોતાના મિત્રોને મળવા ગયો. બા એ રસોઈ બનાવવાની તૈયારી કરી. બાટી બનાવી પણ શાક સુધારવા જ્યાં બેઠા ત્યાં કોબીનું એક પછી એક પાંદડું ઉતારતા ગયા. અને તેને છાલ સમજી ને ફેંકતા ગયા. છેલ્લે કાંઈ ન વધ્યું ત્યાં માજીએ માન્યું મારો દીકરો છેતરાઈ ગયો લાગે છે. કાચે કાચું ખરીદ્યું હશે માટે ફક્ત પાંદડા જ નીકળ્યા ! અંદર શાક બનાવવા જેવું કાંઈ ન નીકળ્યું. અને માજી તો કોબીના પાંદડા બહાર નાખવા જાય છે એવામાં દીકરો ઘરે આવે છે. બાને બહાર જતા જોયા એટલે કહે છે. બા શું કરે છે ? અરે ! તું તો છેતરાયો છે. આતો ખાલી પાંદડા જ નીકળ્યા. હું તો ફોલતી જ ગઈ ફોલતી જ ગઈ પણ કાંઈ નીકળ્યું નહિ ! માટે બહાર ફેંકવા જાઉં છું. ત્યારે દીકરાએ કહ્યું બા આ તો કોબી છે. આના પાંદડાનું જ શાક થાય. એને સુધારીને વઘારી દો. એવું હોય ! મને તો ખબર જ નહિ.

નાનકડી લાગતી એવી આ સામાન્ય વાત પણ આપણને કેટલું બધું શીખવી જાય છે. ભગવાને આપેલી આ માનવ જીંદગી એ તો અમૂલ્ય છે. જેમ કોબીના ડટાનું એક એક પાંદડું ઉપયોગી છે. તેમ માનવની જીંદગીનો પ્રત્યેક દિવસ ઉપયોગી છે. પણ અજ્ઞાની મનુષ્યો એ સમજતા નથી. એનો સાચો ઉપયોગ કરી શકતા નથી. ફેંકી દે છે. પરંતુ જે સમજે છે તેજ તેમાંથી સાચો આસ્વાદ માણી શકે છે. એ આસ્વાદ છે. ભજનનો, ભક્તિનો, સેવાનો, સત્સંગનો, સદ્‌ભાવનો, સંપનો, નિયમનો, નિશ્ચયનો, પક્ષનો અને આ આસ્વાદ માણવા માટે જીંદગીનો પ્રત્યેક દિવસ કામનો છે.

આ નવા વર્ષમાં ચિંતામણી તુલ્ય એવા માનવ દેહનો સત્સંગ, ભજનમાં ખૂબ સારો ઉપયોગ થાય અને ઈષ્ટદેવની પ્રસન્નતા પ્રાપ્ત થાય એવી શ્રીહરિ ચરણે પ્રાર્થના.

।। ભક્તિસુધા ।।

"મધુબાઈ જેવો મધુર થાળ કોઈનો નહિ !"

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (અમદાવાદ)

લોયા ગામમાં શંધા પટેલ કરીને મહારાજના અતિશય પ્રીતિવાળા એક ખેડૂત હરિભક્ત રહે. એમનાં ઘરવાળાં મધુ પટલાણી પણ એવાં જ ભક્તિવાળાં હતા. જ્યારે જ્યારે મહારાજ લોયા પધારે કે આ ખેડૂત દંપતી ઘરનો અને ખેતરનો સઘળો વ્યવહાર મૂકીને મહારાજનાં દર્શન અને એમનાં અમૃત વચન માટે એમની પાછળ પાછળ ફર્યા કરે ! મહારાજ બીજે ગામ પધારે એટલે જાણે મણનાં નિઃસાસા પડે એવી અંતરમાં ગ્લાનિ થાય.

નાનું સરખું ખેતર હતું અને મહેનત કરી ઘરનું ગુજરાત ચલાવતાં મધુબાઈને દરરોજ એક આશા રહેતી કે ક્યારેક તો મહારાજ મારા ઘેર સામે ચાલીને આવશે અને મારા હાથની રસોઈ જરૂર જમશે !

એકવાર મહારાજ નાગડકેથી લોયા પધારતાં હતા. ગામની ભાગોળે મધુ પટલાણી ભાત લઈને ખેતરે જતાં હતાં. અંતરમાં મહારાજનું ચિંતવન કરતાં કરતાં બાઈ ખેતર તરફ પગ ભરી રહી હતી, ત્યાં જ એમનાં કાને મધુર સ્વરે કોઈકે પૂછયું : "જે પટલાણી ક્યાં જાઓ છો ?" મધુબાઈએ જોયું તો સાક્ષાત્ શ્રીહરિ સામે ઊભેલા. એ જ પ્રસન્ન મૂર્તિ એવું દિવ્ય માધુરી તેજ અને સૌમ્ય મુખારવિંદ. સોનેરી મુગટમાં રૂપેરી છોગલું હવામાં ફરફરી રહેલું.

પટલાણી કહે : "મહારાજ ! ખેતરે પટેલ માટે અને દાડીયા માટે ભાત લઈને જાઉં છું."

મહારાજ કહે, "અમને ભૂખ લાગી છે તો અમને જમાડશો નહિ ?"

બાઈના હરખનો તો પાર ના રહ્યો. મહારાજને કહે, "બોલ્યા હો તો અબઘડી મારા ઘેર પધારો અને પ્રેમથી ભોજન કરો."

મહારાજ કહે, "ચાલો ત્યારે, અમે તો આ આવ્યા !"

મધુબાઈ આગળ આગળ દોડે અને મહારાજ એમની પાછળ પાછળ ચાલ્યા આવે.

બાઈએ મહારાજને બાજોઠ ઉપર બેસાડ્યા. અને પટેલ માટે બાંધેલ ભાતનું પોટલું છોડીને મહારાજ ને તથા સાથે આવેલ સખાને બાજરાના રોટલાને અડદની દાળ પ્રેમથી જમાડ્યા. મહારાજ પણ ધરાઈને જમ્યા. અને બહુ પ્રસન્ન થયા. પછી મહારાજ તરત જ સવાર થઈને ગઢપુર પધાર્યા.

બાઈના આનંદનો આજે અવધિ - ના રહ્યો. મહારાજે આજે આવીને મારા મનોરથો પૂર્ણ કર્યા ! એ વાત કહેવા ખેતર તરફ ઉતાવળે ચાલવા લાગી !

આ બાજુ ગઢપુરમાં મોટીબાએ મહારાજ માટે થાળ કર્યો અને મહારાજ જમવા બેઠા. જમતા જમતા મહારાજ બોલ્યા, "થાળ તો અમે કાલે લોયે જમ્યા છીએ તેવો તો કોઈ દિવસ જમ્યા નથી !"

બીજે દિવસે પણ ઘણી યુક્તિથી રસોઈ બનાવીને મહારાજને જમવા બેસાર્યા ત્યારે વળી મહારાજ બોલ્યા : "મધુબાઈ જેવો મધુર થાળ કોઈનો નહિ. લોયા જેવો થાળ આ પણ નહિ !"

પછી મોટીબાએ ગાડું જોડીને લોયે મોકલ્યું ને શંધા પટેલના ઘરવાળાને ગઢપુર તેડી લાવ્યાં. પછી મોટીબા તથા લાડુબા સૌ મધુ પટલાણીને કહેવા લાગ્યા : "જે તમે મહારાજને થાળ કેવા પ્રકારના બનાવીને જમાડ્યા છે ? તે વખતોવખત તમારાં વખાણ કરે છે !" પછી મધુબાઈ કહે "બા મેં તો અડદની ફોતરા સોતી દાળ કરી હતી ને પટેલ તથા દાડીયા સારૂ ત્રીશ રોટલા કર્યા હતા. પણ મારો ભાવ જોઈને મહારાજ રાજી થયા છે. બીજું કાંઈ નહીં."

લાડુબા અને જીવુબા તો બાઈનો ભાવ નિહાળી ખૂબ રાજી થયા. અને કહ્યું કે આવ્યા છો તો આજે પણ તમો જ મહારાજ માટે થાળ બનાવો !" અમને પણ તમારી મીઠાશ માણવા મળે !

પરમાત્મા તો પોતાના પ્રેમી જે ભક્તજન તેને લાડ લડાવવા સારું જ એમના ભાવોને પૂર્ણ કરે છે. પરમેશ્વરની આ તો અનાદિની રીતિ છે ! પૂર્વ રામાવતારમાં શબરીનાં એંઠા બોર ભાવથી આરોગેલાં તો કૃષ્ણાવતારમાં પણ દૂર્યોધનના મેવા-મિષ્ટાન ત્યાગીને વિદૂરના ઘેર તાંદળજાની ભાજી આરોગી હતી ને ?

મધુબાઈનો થાળ તો મધુર હતો જ પરંતુ એમાં ભળેલા મહારાજને નિષ્કામ પ્રેમથી પ્રસન્ન કરવાનો ભાવ અધિક મધુર

હતો અને આ જ સ્વાદ મહારાજ વારે વારે સંભારતા હતા !

●

કારીયાણીના શીતબા

- રાધાબેન રસિકભાઈ ગોળવિયા
(સુરત)

ભલે ગામ ગમે તેટલું નાનું હોય પણ જ્યારે ભગવદ્ સંબંધને પામે છે ત્યારે તે ગામ ઘણું જ મોટું અને પવિત્ર બની જાય છે અને તે ગામની કીર્તિ ચોમેર વધે છે અને તે ગામના ભગવદ્ ભક્તોનો પ્રભાવ ઘણા જ જીવોના ઉપર પડે છે અને તે પછી તેમનામાં (સંબંધમાં આવેલી વ્યક્તિમાં) સત્સંગની સુવાસ કાયમને માટે વધતી જ રહે છે. આવું જ આપણા સંપ્રદાયમાં કારીયાણી ગામ છે. સરધારથી પ્રથમ સૌરાષ્ટ્ર પાંચાળ દેશમાં શ્રીહરિને પોતાને ગામ પધરાવનાર માચાખાચરના ભત્રીજા વસ્તાખાચર (કારીયાણી વચનામૃતમાં પાને પાને તેમનું નામ છે) અને તેમના ધર્મ પત્નિ શીતબા (રતનબા પણ કહેવાતા હતા). ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકા પણ એક સાંખ્યયોગી જેવા ધર્મ નિયમ પાળનાર અને શ્રીહરિ પ્રત્યે અત્યંત ભાવના વાળા હતા.

જેમ ગઢપુરમાં લાડુબા જીવુબા મહારાજને પ્રસન્ન કરવામાં જમાડવામાં ક્ષણે ક્ષણે ખેવના રાખતા. તેવા જ આ કારીયાણીના શીતબા હતા. તેઓ મહારાજની હર પળે ચિંતા કરતા. મહારાજ ક્યાં હશે ? શું કરતા હશે ? શું જમતા હશે ? કોણ જમાડતું હશે ? તેની ઉપાધિ કારીયાણીમાં રહ્યા થકા કરતા. કારણ પ્રેમી ભક્ત હતા.

વરસાદની ઋતુ છે. સાંજનો (રાત્રીનો) સમય છે. શીતબા મહારાજની ચિંતામાં પોતાના સૂવાના પલંગમાં પડ્યા પડ્યા પડખા ફેરવે છે. ઊંઘ આવતી નથી. વારેવારે ચિંતામાં ડુબી જતાં હતાં. મનમાં અત્યંત મહારાજની વ્યથા છે. દરબાર વસ્તાખાચર પૂછે છે કાં દેવી આજે ઊંઘ નથી આવતી ? શું વિચારે ચડ્યા છો ? શીતબા કહે, દરબાર મહારાજ આ વરસાદમાં ક્યાં હશે ? જમ્યા હશે કે કેમ ? શું જમ્યા હશે ? તેની ચિંતા થાય છે.

આ સમયે મહારાજ કારીયાણીથી નજીક બોટાદમાં હતા. ભક્તની વ્યથા તે ભગવાનની વ્યથા. અહીં શ્રીજી મહારાજને પણ ભક્તની ચિંતા થાય છે. વરસાદ વરસી રહ્યો છે ! મેઘલી રાત છે ! મહારાજ પણ ઊંઘી શકતા નથી. પડખા ફેરવે છે. બ્રહ્મચારી પૂછે છે કે મહારાજ કેમ ઊંઘતા નથી. મહારાજ કહે અત્યારે અમોને શીતબા કારીયાણીમાં યાદ કરે છે. દર્શન દેવા તાકીદે જવું પડશે. અબ ઘડી અત્યારે જ જવું છે. મહારાજ અત્યારે આ વરસાદમાં માર્ગમાં પાણી હોય ! અંધકાર હોય ! સવારે જઈએ તો ઠીક ! તેમ બ્રહ્મચારી કહે છે ! ત્યારે મહારાજ કહે તમો અહીં રહો અમો એકલા જઈશું અમારે તો જવું પડશે.

મહારાજ તો વરસતા વરસાદ (અંધારી રાતમાં)માં ગામ બહાર આવ્યા તો ચોમેર પાણી પાણી હતું. ભગવાનને ક્યાં કોઈ અંતરાય નડે છે. એક પલકમાં પોતે કારીયાણી પહોંચ્યા. દરબારમાં જઈને બારણું ખખડાવ્યું. શીતબા સફાળા ઉભા થઈ ગયા અને કહ્યું આપ કોણ ? અમે મહારાજ ! ઝટ બારણું ઉઘાડ્યું ! પધારો પધારો મહારાજ ! અત્યારે ક્યાંથી ? આ વરસાદમાં પલળ્યાં તો નથી ને ? મહારાજ કહે, ના પલળ્યા નથી. જમશો ને ? મહારાજ કહે હા, શીતબા કહે લ્યો હું રસોઈ બનાવી લાવું. મહારાજ કહે શીતબા જે હોય તે લાવો અમોને બહુ જ ભૂખ લાગી છે જે હશે તે ચાલશે. શીતબા સાંજે વાળુ કરી (ઢાંકો ઢંબો) વાસણ માંજી ચોકો સાફ કરી એક વધેલો બાજરાના રોટલો મુકી રાખેલ તે કાઢીને સાથે દહીં, માખણ, ગોળ, અથાણું લાવી મહારાજને બાજોઠ ઉપર પધરાવી આગળ મૂક્યો. અને બોલ્યા જમો મહારાજ સુખેથી જમો. પછી મહારાજ જમીને ચળુ કરી મુખવાસ લઈ ઉઠ્યા અને વસ્તાખાચરની સાથે દરબારમાં વાતોએ વળગ્યા. વાતો વાતોમાં વસ્તા ખાચર ઊંઘી ગયા. તેટલામાં મહારાજ અંતર્ધાન થઈ બોટાદ પધાર્યા.

આ બાજુ શીતબા મહારાજ માટે લોટો ભરી ને જળ આપવા ગયા. વસ્તાખાચરને ઝોકું આવી ગયું હતું. તેટલામાં મહારાજ અદ્રશ્ય થઈ ગયા હતા. શીતબાએ જાણ્યું કે મારો વહાલો મારી ચિંતા ભાંગવા અને મારો જમાડવાનો સંકલ્પ, મનોરથ પૂર્ણ કરવા આવ્યા હતા. તેમ સંતોષ માની નિરાંતે ઊંઘી ગયા.

આ બાજુ મહારાજ રાત્રીના ૧૨-૦૦ વાગ્યે બોટાદ પહોંચે છે. બ્રહ્મચારી કહે છે કે હું કહેતો હતો ને કે તે માન્યુ નહીં ને આપને અરધેથી પાછા આવવું પડ્યું ને ? મહારાજ કહે અમો કારીયાણી જઈને પાછા આવ્યા. બ્રહ્મચારી કહે આપ ભગવાન છો તેથી ધારો તે કરો.
આમ શીતબા બહુ જ પ્રેમી ભક્ત હતા.

●

લાડકીબાઈનો પ્રભુ પ્રેમ

- ગીતાબેન લીલાધરભાઈ પિત્રોડા
(જેરાવરનગર)

મેઘપુર પંચાળાની પાસેનું ગામ છે. આ પંચાળાથી લગભગ ૫૦ થી ૬૦

કિ.મી. અંતરે આવેલું મેઘપુર ગામ ત્યાં પ્રભુના પ્રેમી લાડકીબાઈ અને તેમના દીકરી રહે. એ સમયમાં મહા પ્રભુ પંચાળામાં જીણાભાઈના દરબારમાં વિરાજમાન થયા હતા. સર્વે સંતો અને હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપી રહ્યા હતા.

એ વખતે લાડકીબાઈ અને તેમના દીકરી બંનેએ એવો સંકલ્પ કર્યો કે આજે મહારાજને જુવારનું ધાન જમાડવું છે. જો શ્રીજી મહારાજ આ જુવારનું ધાન જમે તો જમવું નહિતર બધુંયે ધાન ફેંકી દેવું. આવો સંકલ્પ કર્યો. લાડકીબાઈ અને તેમના દીકરીને પ્રભુ પ્રત્યેનો સાચો પ્રેમ હતો. અંતર્યામી પ્રભુ પ્રેમના તાંતણે બંધાઈ ગયા. લાડકીબાઈનો સંકલ્પ શ્રીજી મહારાજ જાણી ગયા. અને પંચાળામાં રહેતા ચિંતા કરવા લાગ્યા કે હું નહિ જાઉં તો બધું જ ધાન ફેંકી દેશે.

આથી શ્રીજી મહારાજે યુક્તિ કરી. કથાને વિરામ આપ્યો. પાસે મુળજી બ્રહ્મચારી અને ભગુજી બેઠા હતા. તેમને કહેવા લાગ્યા કે અમારે તો બર્હિભૂમિએ જવું છે. એટલે ભગુજીને બ્રહ્મચારી ગીરા ઝાંડી ગોતવા લાગ્યા - પણ નજીકમાં ગીરા ઝાંડી નહિ હોવાથી ભગુજીએ મહારાજને કહ્યું, "મહારાજ, એક કામ કરીએ, હું મારો ખેસ ખોલી બ્રહ્મચારી અને હું એક-એક છેડો પકડી ઉભા રહીએ. પછી તમે બર્હિભૂમિ જઈ આવો. મહારાજ કહે, સારુ પણ શરત મુકી કે હું ખોંખારો ન ખાઉ ત્યાં સુધી તમારે પાછું વળીને નહિ જોવાનું. ભગુજી કહે સારું મહારાજ."

આમ, શ્રીજી મહારાજ લોટો લઈને કપડાની પાછળ બર્હિભૂમિ જવાના બહાને ગયા અને ત્યાં તો મહારાજ મેઘપુર પહોંચી ગયા ! ઘણીવાર લાગી પણ મહારાજ ખોંખારો ખાતા નથી કે અવાજ પણ સંભળાતો નથી ! બ્રહ્મચારી ભગુજીને કહેવા લાગ્યા કે કપડાની પાછળ એક નજર કરી જોઈ લઈએ ? શું કરીશું ? ઊભા રહીને પણ થાકી ગયા. ભગુજી જ્યાં નજર કરીને જુએ છે ત્યાં તો મહારાજ ગાયબ થઈ ગયેલા ! ભગુજી અને બ્રહ્મચારી મહારાજને શોધવા લાગ્યા. પણ મહારાજ તો મેઘપુર પહોંચી ગયા હતા.

આમ, મહારાજ મેઘપુર આવીને લાડકીબાઈની ઓસરીમાં આવી ઉભા રહ્યા. ત્યાં તો લાડકીબાઈ અને દીકરી રાજી-રાજી થઈ ગયા. પછી શ્રીજી મહારાજને જુવારનું ધાન પ્રેમથી જમાડે છે. અને આનંદના અતિરેકમાં લાડકીબાઈ કીર્તન બોલવા લાગ્યા કે,

"આજ સખી આનંદની હેલી
હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી"

હવે કીર્તન ગાવાનું રાખો. એમ કહીને મહારાજ કહેવા લાગ્યા કે તમારો અમારા ઉપરનો પ્રેમ જોઈને હું પંચાળાથી ભાગીને તમારો સંકલ્પ પુરો કરવા અહીં આવ્યો છું. હવે મને રજા આપો.

આમ, શ્રીજી મહારાજ ઉપર આપણે ખરો ભાવ અને પ્રેમ રાખીને ભગવાનને થાળ જમાડીએ અને માનસી કરીએ તો આપણા પણ સંકલ્પ પુરા કરે છે. શ્રીજી મહારાજ લાડકીબાઈની જેમ જેતલપુરના જીવણ ભગતના મઠના રોટલાને ભાજી પ્રેમથી જમ્યા હતા. તેમ શ્રીજી મહારાજ તો ભક્તનો આવો અતિશય પ્રેમ જોઈને ભક્તોના ભાવ પુરા કરવા માટે અવતાર ધારણ કરે છે. ને સંકલ્પ પણ પુરા કરે છે.

●

કૂળ તજી નિષ્કુળ થયા

- કાયા કૌશિકા (જુરાગઢ-હાલાર)

વૈરાગ્ય મૂર્તિ તપોમૂર્તિ નિષ્કુળાનંદ મુનિનો જન્મ સંવત ૧૮૨૨ માં સૌરાષ્ટ્ર દેશાંતર્ગત હાલાર દેશમાં આવેલા શેખપાટ ગામમાં થયો હતો. પિતાનું નામ રામભાઈ, માતાનું નામ અમૃતબા હતું. તેઓએ પુત્રરત્નનું નામ લાલજી પાડ્યું. માતા-પિતા બન્ને ભક્તિનિષ્ઠ હતા. રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામીને પિતાએ ગુરુ કર્યા હતા. જેઓ સમાધિનિષ્ઠ તથા વચન સિધ્ધ હતા. ગુરુવર્યે રામભાઈને એવો વર આપેલો કે તમારે ત્યાં મહા તપસ્વી, વૈરાગ્યવાન મુક્ત જન્મ ધારણ કરશે. મહાન કાર્યો કરી તે મોટી કીર્તિ મેળવશે. આ પરિવાર વિશ્વકર્મા અર્થાત્ જાતિએ ગુર્જર સુથાર હતા.

લાલજી કૃષિ તથા શિલ્પકર્મ કરતા. રાત્રે પોતાના ગામથી ત્રણ ગાઉ દૂર ખીરી ગામ જતા. અને ભાદરા ગામેથી મૂળશર્મા (ગુણાતીતાનંદ) આવતાં અને લાંબો સમય સત્સંગ કરતા. શ્રીહરિ વર્ણીવેષે લોજ ગામમાં પધાર્યા બાદ તેમનો મહિમા વધતો જ ગયો. આ વર્ણીરાજના દર્શન કરવા લાલજી લોજ આવ્યા. નીલકંઠવર્ણી પાસે થોડો સમય રહ્યા. શ્રીહરિનું ઐશ્વર્ય સ્વયં અનુભવ્યું. શ્રીહરિએ તેમને કહ્યું કે વૈરાગ્યમાં શુકજી સમાન થશો. જેતપુરમાં રામાનંદ સ્વામીએ ધર્મધુરા સોંપવા મહોત્સવ કર્યો ત્યારે લાલજી સુથારે શ્રીજી મહારાજને ભેટમાં સ્વયં કારીગરી કરેલ મજૂસ તથા ડામચીયો અર્પણ કર્યા. શ્રીહરિ તેમના પર પ્રસન્ન થયેલા. સં. ૧૮૫૬ માં લાલજીને ત્યાં પુત્ર જન્મ્યો તેમનું નામ માધવજી પાડ્યું. સં. ૧૮૫૯ માં બીજા પુત્રનો

જન્મ થયો તેનું નામ કાનજી પાડ્યું. લાલજી તો વૈરાગ્ય વૃતિને કારણે અવાર નવાર શ્રીજી મહારાજને દીક્ષા પ્રાપ્તિ માટે વિનવણી કરતા.

એક સમયે ભગવાન શ્રીહરિ શેખપાટ ગામે લાલજી સુથારને ત્યાં પધાર્યા. સં. ૧૮૬૦ માં મહાસુદ પાંચમના રોજ તેમને ત્યાં સંતો હરિભક્તો ને તેડાવી વસંતોત્સવ કર્યો. અને જ્યાં લાલજીનું ઘર છે ત્યાં કડવા લીમડાનું ઝાડ હતું. મહારાજ તે લીમડાનું પાન ખાધું ત્યારે સંતો ભક્તો કહે મહારાજ એ લીમડો તો કડવો છે. ત્યારે મહારાજ કહે અરે, સંતો ખાવો તો ખરા એ લીમડો મીઠો છે. ત્યારથી એ કડવો લીમડો મીઠો થઈ ગયો. જે હાલમાં મંદિરમાં તે લીમડો છે. થોડા દિવસ બાદ શ્રીહરિએ કચ્છ દેશમાં વિચરણ કરવાની ઈચ્છા વ્યક્ત કરતા લાલજીને ભોમિયો શોધી આપવા જણાવ્યું.

ગૃહત્યાગ કરી શ્રીહરિની સેવામાં સદાકાળ રહી જવાનો સંકલ્પ કરી શ્રીજી મહારાજ સાથે સ્વયં જવા તૈયાર થયા. કચ્છની એ રણવાટ વિકટ હતી. ભાથું તૈયાર કરાવ્યું. બતકમાં પાણી ભર્યું. ચોર લોકોનો તે સમયે ભય હતો તેથી ૧૨ (બાર) કોરી પગરખામાં સંતાડી. શ્રીજી મહારાજ સાથે ચાલતા થયા. રસ્તામાં ભિક્ષાની કાકલુદી કરતા ભિક્ષુકને ભાતું અને પાણી આપી દીધા. રસ્તામાં લૂંટારાની ટોળકીએ લાલજીના વસ્ત્રો તપાસ્યા કંઈજ ન મળતા શ્રીજીએ પગરખાં તપાસવા ચોરોને જણાવ્યું. તેમાંથી ૧૨ (બાર) કોરી નીકળી તે લઈને લૂંટારાઓ ખુશીના કેફમાં નાચ્યાં.

થોડું ચાલ્યા પછી લાલજીનો કંઠ સૂકાવા લાગ્યો. ત્યારે શ્રીજી મહારાજે ખારા સમુદ્રમાં મીઠી ઉડતી પાણીની સેર બતાવી, લાલજીએ જળ પીને બતક ભરી લીધી. રણ ઉતર્યા બાદ એક તળાવના કિનારે બાવળના વૃક્ષ નીચે શ્રીહરિ વિશ્રામ કરવા બેઠા. શ્રીહરિના ચરણો પગરખાં વિનાના હોવાથી તેમના ચરણોમાં કાંટા વાગેલા તે કાઢવા લાલજીએ વિનંતી કરી ત્યારે શ્રીહરિના ચરણોના સોળ ચિન્હોના દર્શનનો મહા અલૌકિક લાભ પામ્યા. ભગવાન શ્રીહરિ પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરતા જ રહ્યાં. આધોઈ ગામની ભાગોળે આવ્યા ત્યારે લાલજીને ભિક્ષા માગી લાવવા શ્રીજી મહારાજે સૂચવ્યું. આ ગામના લોકો પોતાને ઓળખે છે. જેથી ઉપહાસ કે મશ્કરી થશે તેવું લાલજીનું કહેણ સાંભળતા, લાલજી સુથારની મૂંછ અને શિખા કાતરી નાંખી. કૌપીન અને અલફી પહેરાવી દીધી. અને નિષ્કુળાનંદ એવું નામ પાડ્યું. ગામમાં ઉપદેશ કરવા રોકાવાની તથા "યમદંડ" નામનો ગ્રંથ રચવાની આજ્ઞા કરી. શ્રીજી ભૂજનગર પધાર્યા. નિષ્કુળાનંદ તો સુખી ઘરના પુત્ર હતા તેથી કહે છે કે, - **"સંતો સાંભળો સાચી વારતા નથી, લીધો આ ભૂખ્યે ભેખ, જનનીનો જાયો કહું છું, અવશ્ય હતો હું એક."**

નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણી, યમદંડ, સારસિધ્ધ, વચનવિધિ, હરિબળગીતા, ધિરજાખ્યાન, સ્નેહગીતા, પુરુષોત્તમ પ્રકાશ, ભક્તિનિધિ, કલ્યાણ નિર્ણય, મનગંજન, ગુણ ગ્રાહક, ચોસઠ પદી, હરિવિચરણ, હરિસ્મૃતિ, અરજી વિનય, અવતાર ચિંતામણી, ચિન્હ ચિંતામણી, પુષ્ય ચિંતામણી, લગ્ન શુકનાવલિ, વૃતિ વિવાહ, શિક્ષાપત્રી પદ્ય રૂપા આદિ અનેક ગ્રંથો લખ્યા છે. સંપ્રદાયના સંસ્કૃત, ગ્રંથોમાં ઘણું સાહિત્ય સમાવિષ્ટ છે. કિંતુ ગુજરાતી સરલ શૈલીમાં સ્વામીની રજૂઆત અભણ પણ સમજી શકે તેવી છે. ભક્તચિંતામણી એ સ્વામીએ રચેલા ગ્રંથોમાં બહુ મોટો ગ્રંથ છે. તેઓ લખે છે. "છે આ ભક્ત ચિંતામણી નામ રે, જે જે ચિંતવે તે થાય કામ રે, હેતે ગાય સુણે જે આ ગ્રંથ રે, તેના પ્રભુ પુરે મનોરથ રે."

સં. ૧૮૮૭ માં ગઢડામાં રહી આસો સુદ-૧૩ના આ ગ્રંથ પૂરો કર્યો છે. જેમાં ૧૬ પ્રકરણ ૮૫૨૭ દોહા અને ચોપાઈ છે.

નિષ્કુળાનંદ સ્વામીના ત્યાગ વૈરાગ્યની પ્રશંસા ગઢડાના અંત્ય. પ્રકરણના ૨૬ માં વચનામૃત દ્વારા જાણી શકાય છે.

પિતાને પગલે લાલજીના જ્યેષ્ઠ પુત્ર માધવજીએ ગોપાળાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી. તેમનું નામ ગોવિંદાનંદ પાડ્યું. પછી શ્રીહરિના દર્શને લઈ ગયા. શ્રીહરિને જ્યારે સ્વામીએ કહ્યું કે "આ તો નિષ્કુળાનંદ મુનિના સેવક છે. ત્યારે શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા, "સિંહના તો સિંહ જ હોય." ગોપાળાનંદ સ્વામીએ જ્યારે સારંગપુરમાં કષ્ટભંજનદેવની પ્રતિષ્ઠા કરાવી ત્યારે ગોવિંદાનંદ સ્વામીને દૃઢ નૈષ્ઠિક બ્રહ્મચારી જાણીને દેવની આરતી તેમની પાસે ઉતરાવી હતી.

●

સગરામ વાઘરી
(પારધી બન્યો સત્સંગી)

- શ્રીમતી પુષ્પાબેન કેરાઈ (અંજાર-કચ્છ)

સગરામ વાઘરી લીમડી ગામનો નીચલી વર્ણનો પારધી હતો. એમનામાં

જીવનના તમામ દૂષણો હતા. ચોરી કરે, દારૂ પીવે, માંસ ખાય, ખોટું બોલે અને પરસ્ત્રીગમન પણ કરે. ગામના દરબારને કૂતરાનું માંસ ખાવાની ખરાબ કૂટેવ જેથી સગરામ વાઘરી અને એને કૂતરાં પકડી પકડીને પુરા પાડે. એ સિવાય પક્ષીઓનો પણ શિકાર કરે અને દરબારમાં પુરા પાડે. એમ એનું ગજરાન માંડ માંડ ચાલે. ક્યારેક શિકાર ન મળે તો કોઈના ઘરમાંથી ચોરી પણ કરી આવે. દારૂ પીવાની લત પણ ખરી. જેથી મોટાભાગની આવક દારૂમાં વપરાઈ જાય. તેમના ઘરવાળાને ઘણી વખત ફક્ત પાણીથી પેટ ભરવું પડે. સમજુ પત્નિ કંઈ બોલે નહિ.

એવામાં એ લીંમડીના મુળજી શેઠના પરિચયમાં આવ્યો અને મુળજી શેઠે વાઘરીને તમામ દુષણોમાંથી મુક્ત કરવાનો પ્રયાસ કર્યો. સારા માણસ થવાની સલાહ આપી. યમપુરીની બીક પણ બતાવી. જે પશુ-પક્ષીઓનો વધ કરે છે. એ પશુ-પક્ષીઓના આત્માઓ એને ભૂત થઈને વળગશે. એવી પણ ચીમકી આપી. પશુ-પક્ષીઓને પકડીને કે મારીને એમાંથી જીવન - નિર્વાહ ચલાવવો એ મોટું પાપ ગણાય અને માનવીને ચોક્કસ યમદૂતો તેડવા આવે. એવી મુળજીશેઠની વાતોથી સગરમ વાઘરી અને એની ધર્મપત્નિ સજાગ બન્યા. કંઈક માયાળુ સ્વભાવની અને પાપની બીક રાખનાર વાઘરી-પત્નિ એના ધણીને શેઠની વાત માનીને સઘળા ખરાબ ધંધા છોડીને સાચા માર્ગે ચડવાની ભલામણ કરી અને ખરેખર આ સગરામ વાઘરી સત્સંગમાં અમર થઈ ગયા.

●

દીકરાના દાન

- શ્રીમતી હીનાબેન સંજયકુમાર ભોજાણી (મોરબી)

પૂર્વમાં ઉદય થયેલ સૂર્ય જેમ પશ્ચિમે અસ્ત પામે તેમ પૂર્વ દીશાઓ કૌશલ દેશ છપૈયા ધામમાં પ્રગટ થઈ પશ્ચિમ ગઢડામાં સ્થાયી થઈ અનેક જીવોના કલ્યાણના અર્થે ભગવાન સ્વામિનારાયણ ગઢડાથી નીકળી સત્સંગ હિતાર્થે તેમજ અનેક જીવોના કલ્યાણ કરી પોતાના નિજ સ્વરૂપનું જ્ઞાન આપવા ગુજરાતને પોતાની કર્મ ભૂમિ બનાવી. ગુજરાતની ભૂમિને પવિત્ર કરવાના નિર્ધાર સાથે સંતો પાર્ષદો સાથે ગામ પંચાળા તરફ પ્રયાણ કરે છે. સતત ૬ કલાક ઘોડા ચલાવ્યા બાદ શેત્રુંજી નદીના કિનારે ઘોડા ઉભા રાખ્યા. ઘોડાઓને તથા સંત પાર્ષદોને પણ અતિ તરસ લાગેલ. મહારાજે માણકીને કિનારા તરફ લીધી. માણકી ઊંડો શ્વાસ લઈ મહારાજ તરફ જોવા લાગી. આજ્ઞા થતાં માણકી પાણી પીવા લાગી. સાથેના સંતો પાર્ષદોએ પણ ઘોડા પાયા. બાજુના કૂવામાં સ્વચ્છ પાણી ગાળીને મહારાજને આપ્યું. સંતો પાર્ષદોએ પીધું. મહારાજ કહે, કેમ સુરાબાપુ મજા આવીને ? સુરાખાચર કહે મહારાજ થોડો થાક છે. ઘોડા થાક્યા છે હજી ઘણા સંતો પાર્ષદો પાછળ રહી ગયા છે. આપણે સામે ઘટાદાર વૃક્ષ છે ત્યાં વિશ્રામ કરીએ તો ? મહારાજની આજ્ઞા થતાં બધાં ત્યાં સભા કરી બેઠા. સુરાબાપુ કહે મહારાજ ભૂખ લાગી છે ? ક્યાંક પાકા ચીભડાની સુગંધ આવે છે. મહારાજ કહે તો લઈ આવો. પણ વાડીવાળા સાથે સમજીને લાવજો કાઠીપણું વાપરતા નહીં. (કેવું દયાળુ છે ધર્મકુળ) સભાથી થોડે દૂર એક કુંભાર પરિવાર સાથે બેઠા છે. સાથેના ગધેડા ઉપર ઘરનો સમાન છે. બીજા ગામ ધંધો કરવા માટે નીકળેલ છે. કુંભારનું નામ પીતાંબર ભગત, પત્નીનું નામ કાનુબેન સાથે નાના ચાર બાળકો છે. મહારાજને જોતાં ભક્ત હૃદયમાં શાંતિ થઈ. તેની પત્નિ કહે કોઈ દિવ્ય પુરુષ છે ચાલો દર્શન કરીએ. પીતાંબર ભગત કહે પહેલાં પૂછી આવું. મહારાજ કહે બહેનોને સભામાં આવવાની આજ્ઞા નથી પણ દૂર રહી દર્શન કરી શકશે. તમે બેસો. ભગત બાળકો સાથે બેઠા. ત્યાં સુરાભગત વાઘરીને લઈ ચીભડા લઈ આવી ગયા. એક મોટું ચીભડું તીરાડ વાળું હતું તેમાંથી સુગંધ આવતી હતી. મહારાજે તેને સુધારી જમ્યા અને બધાને પ્રસાદ આપ્યો. વાઘરીને કહે તારૂં નામ શું ? તે કહે, મારું નામ પરમો છે. મહારાજ કહે આની શું કિંમત દેવાની ? તે કહે મારે કોઈ કિંમત નથી જોઈતી. તમને સાધુ જાણી જમાડ્યા. મહારાજ કહે કૃષ્ણ જન્મમાં તારી ઈચ્છા અમને જમાડવાની હતી તે આજે પુરી થઈ. તારો છેલ્લો જન્મ છે. મુક્તાનંદ સ્વામી સાથે તારૂ કલ્યાણ ! કેવા દયાળુ ! એક ચીભડામાં અક્ષરધામ આપે ! પણ આપણી નિષ્ઠા પાકી હોવી જોઈએ. બીજા ચીભડા સુધારવા વાસણ હતા નહીં. કુંભાર કહે મારી પાસે વાસણ છે. મહારાજ કહે લાવો જે નદી કિનારે વાસણ ચોખ્ખા કરી કુંભાર પત્નિ લઈ આવ્યા. મહારાજ રાજી થયા છે. પિત્તળની બે કાંસાની થાળી ભરી બધાને પ્રસાદ આપ્યો. મહારાજ ફરીને વાઘરીને કહે બોલ તને શું આપું ? વાઘરી કહે મને માગતાં ન આવડે પણ હવે તમે આવો ત્યારે મારે ગામ પધારજો. મહારાજે વચન આપ્યું, જા ચોક્કસ આવશું. પેલા કુંભાર દંપતીને થયું આપણે


પણ આવું જ માગીએ. મહારાજ કહે તમારા વાસણમાં જમ્યા તમે શું માંગશો બોલો ? તે કહે, મહારાજ આપ અમારા ગામ આવશો ? તે કુંભાર દંપતીને પણ વચન આપ્યું જરૂર આવશું. દંપતીને કંઠી બાંધી સત્સંગી કર્યા. આ વાતને સાતેક વર્ષ વીતી ગયા. કુંભાર બીમાર થયો. હજું મહારાજ આવ્યા નહીં. ભગત કહે, આપણા ગામે મહારાજ પધારે ત્યારે ખૂબ સાચવજો ને તેની પાસે કાંઈ માંગશો નહિ અને હવે હું જાઉં છું. તમે બધા મહારાજનું ભજન કરજો. ભગત પત્નિ કહે હું તમારી પત્નિ છું ને વચન આપું છું. મહારાજને સારી રીતે સાચવશું ને કાંઈ નહીં માગું. ભગતે દેહ છોડી દીધો ધામમાં ગયા. મહારાજ પંચાળામાં રંગોત્સવ કરી બધાને સુખ આપવા પંદર દિવસ પંચાળા રહ્યાં તો આ ભગત પરિવાર પણ ત્યાં એઠા ઠામ સાફ કરવા રોકાયા. મનુબેન તથા ચારેય દીકરાઓએ ખૂબ સેવા કરી. સમૈયો પુરો થયો. કાનુબેને છોકરાઓ પાસે મહારાજને પૂછાવ્યું તમે મારા બાપૂને ધામમાં લઈ ગયા પણ વચન પ્રમાણે મારે ગામ ક્યારે પધારશો ? મહારાજ કહે જાઓ કાલે જ આવશું. કાનુબેન પોતાના ગામ ગયા. ગામમાં સમાચાર આપ્યા, સ્વામિનારાયણ ભગવાન આપણા ગામ કાલે પધારશે. ગામમાં કોઈ સત્સંગી નહીં પણ ગામ આખાએ નિર્ણય કર્યો કાલે ત્રાંસા મંડળી તથા ધજા પતાકાથી ગામ શણગારીશું, ઢોલી કહે કોઈપણ ભેટ લીધા વગર વગાડશું. ભગત પરિવારના ઘરમાં કાંઈ હતું નહીં જેથી વાસણ વેચી બ્રાહ્મણ પાસે રસોઈ બનાવી મહારાજને જમાડ્યા. મહારાજ ખૂબજ રાજી થયા. કહે અમે ખૂબ રાજી થયા છીએ માગો. કાનુબેન કહે તમે બ્રાહ્મણ છો. બ્રાહ્મણને જમાડીને દક્ષિણા આપવી પડે. મેં ભગતને વચન દીધું છે કે કાંઈ નહીં માગું. મહારાજ જાણતા હતા કે વાસણ વેચીને અમને જમાડ્યા છે ! ઘરમાં હવે તુટેલ વાટકી પણ નથી ! છતાં કહે મહારાજ રાજી રહો ને તમે માગો તે આપીશ. કેટલી શ્રધ્ધા ! કેવી નિષ્ઠા ! કેટલો વિશ્વાસ ! મહારાજે રાજી થઈ ચારે દીકરા ઉપર દ્રષ્ટિ કરી. કાનુબેન સમજી ગયા. મહારાજ દીકરો માગે છે. મનુબેન કહે ચારેયને લઈ જાવ. ખોડો, હમીર, દાહો અને પ્રેમજી. મહારાજ કહે તમે ગઢપણમાં શું કરશો ? મહારાજ હું ગઢડા આવીને લાડુબા જીવુબા સાથે રહીશ. તેના ઘર કામ કરીશ. મહારાજ કહે તેમ નહીં અમે દાહો ને પ્રેમજી બેને લઈ જઈશું. કાનુબેને બેયના કાંડા મહારાજને સોંપ્યા. મહારાજ બેયને સાથે લઈ ગયા ને પ્રેમજીનું પ્રસાદાનંદ અને દોહાનું નામ દહરાનંદ રાખી નંદ પંક્તિમાં લીધા.

વચનામૃતમાં ઘણી જગ્યાએ આ સંતોનો ઉલ્લેખ જોવા મળે છે. છેલ્લે કાનુબેનના ભગત પરિવારને મહારાજ દર્શન દઈ પોતાના ધામમાં લઈ ગયા. બહેનો આપણે ભાગ્યશાળી છીએ આવું દયાળુ ધર્મકુળ આપણને મળ્યું છે. આપણા ગામ અથવા આસપાસ બહેનોના ગુરુ ગાદીવાળા પધારે ત્યારે બહેનો પ્રતિજ્ઞા કરે કે ત્યાં જશું અને તેઓના દર્શન કરીને આજ્ઞા આપે તે પાળશું. આવા ધર્મકુળની છત્રછાયાંમાં જ આપણું કલ્યાણ છે. માટે ધર્મકુળ પરિવારની જ આજ્ઞામાં રહેવાની આપણી ફરજ ન ચુકીએ અને ધર્મકુળ તથા મહારાજની આજ્ઞા પ્રમાણે ચોખ્ખો ધર્માદો કાઢી તે ધર્માદો અન્ય જગ્યાએ ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. ધર્માદો તેઓશ્રીને પૂછી તેઓશ્રીની આજ્ઞા મુજબ તેઓશ્રી કહે ત્યાં જ આપવો પણ ધર્માદો ચોક્કસ અવશ્ય કાઢવો. જે સુખની ચાવી છે. ક્યારેય કોઈ દુઃખ નહીં આવે.

વિદેશના સભ્યોને નમ્ર સૂચન

આપણાશ્રી સ્વામિનારાયણ માસિકના અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા અને મિડલ ઈસ્ટમાં ઘણા જ સભ્યો છે. દર માસની ૧૧ તારીખે દેશ અને વિદેશમાં નિયમિત અને ચોક્કસાઈથી અંક મેઈલ થાય છે. પરંતુ દુઃખની વાત છે કે વિદેશ સ્થિત આપણા ઘણા સભ્યો પોતાનું રહેઠાણ બદલે ત્યારે કાર્યાલયને નવું સરનામું જણાવવાની તસ્દી લેતા નથી. જેથી કરીને તેમને પોસ્ટ કરેલ અંક પરત થાય છે. જેથી સંસ્થાને મોંઘુ પોસ્ટેજ વેડફાય અને જે તે સભ્યને અંક ન મળે. માટે આપને વારંવાર નમ્ર સૂચન છે કે આપ આપનું રહેઠાણ-બદલો ત્યારે શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલયને નવું સરનામું અંકના પ્રથમ પાને જણાવેલ E-Mall એડ્રેશ પર અથવા પત્રથી ગ્રાહક નંબર સાથે તુરંત મોકલવું. જેથી કરીને આપને નિયમિત અંક મલે અને સંસ્થાને મોંઘુ પોસ્ટેજ વેડફાય નહીં.

?????????????????પ્રશ્નપેટી?????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ જીવનું શું લક્ષણ છે ?

પ્રશ્ન : ૨ "આ ઘડી, આ પળ અને આ સાધુ કોટી કલ્પે મળવા દુર્લભ છે, પણ મહિમા જણાતો નથી, કેમ જે મનુષ્યાકૃતિ છે," માટે - આ વાત ક્યા નંદ સંતે કહી છે ?

પ્રશ્ન : ૩ મહારાજ સંતોની સંગાથે વડતાલ જવા નીકળ્યા ત્યાં સુરતથી સંઘ દર્શને આવ્યોને મહારાજનું પૂજન, અર્ચન કર્યું અને હાથમાં રૂપાની વાંસળી આપી તેને જોઈને બ્રહ્માનંદ સ્વામીએ શું કહ્યું ?

પ્રશ્ન : ૪ સ.ગુ. નિત્યાનંદ સ્વામીનો જન્મ કઈ સાલમાં થયો હતો તથા તેમના માતા-પિતા અને તેમનું પૂર્વાશ્રમનું નામ શું હતું ?

પ્રશ્ન : ૫ "ધન્ય ધન્ય ..... ગામ, વાલે જેને કર્યું નિજ ધામ. - પંક્તિ પૂર્ણ કરો.

પ્રશ્ન : ૬ "જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી કોઈ રીતે પાછો ન પડે અને પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ નારાયણ તેમાંથી કોઈ રીતે બુદ્ધિ ડગે નહિ તેના માટે સ્વયં શ્રીજી મહારાજે એક કાગળ લખીને દેશ દેશના સત્સંગી પ્રત્યે મોકલ્યો છે." તો તે કાગળ ક્યા સ્થાને અને ક્યારે લખ્યો છે ?

પ્રશ્ન : ૭ પ્યારી રાધિકા પ્રેમે ઝુલાવે રે, ઝુલે હરિ હિંડોળે, - કીર્તનના રચયિતા કોણ છે ?

સપ્ટેમ્બર-૨૦૦૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મયજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ - શિ. ૧૦૩. (૨) સ.ગુ. નિર્વિકારાનંદ સ્વામી - સારંગપુર ૧૮. (૩) તેમના ચરણમાં ૧૬ ચિન્હો હોવા જોઈએ. અમને કહ્યા વિના એમની મેળે બતાવે. વળી આ કોઠી ઉપર ત્રણ ચોફાળ પડ્યા છે તે માંગી લે. (૪) થાળમાંથી પેંડા લઈને પોતે જમવા લાગ્યા અને બધા પેંડા જમી ગયા. (૫) મોટા રામબાઈ. (૬) તમારી મૂર્તિનું મહાસુખ મુકીને અન્ન શું ભાવે, અન્નજળતો યાદ પણ આવતા નથી. (૭) સ.ગુ. પ્રેમાનંદ સ્વામી.

૧. સાં.યો. મંજુબા, ભારતીબા (અમદાવાદ)
૨. હસુબેન કનૈયાલાલ ઠક્કર (ઈસનપુર)
૩. મીન એમ. સોની(નરોડા)
૪. વીણાબેન આર. ભાવસાર (અમદાવાદ)
૫. અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા)
૬. મનાણી પારૂલ, પુષ્પા (જીરાગઢ)
૭. કાચા કૌશિક, ભાવેશ, ચંદ્રેશ (જીરાગઢ)
૮. રેખાબેન મનસુખ પોરીયા (જામસર)
૯. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૧૦. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (ઝુલાસણ)
૧૧. જ્યોત્સનાબેન રાજેન્દ્રભાઈ કોઠારી (આનંદપુરા)
૧૨. મેનાબેન ડાહ્યાલાલ પટેલ (જાસલપુર)
૧૩. ગીતાબેન પ્રવિણભાઈ (રાજપુરવાળા)
૧૪. સાં.યો. લલીતાબા તથા ગીતાબા
૧૫. સાં.યો.રંજનબાતથા નાનીબા (વિરાટનગર-ઓઢવ)
૧૬. પુષ્પાબેન રતીલાલ તથા મધુબેન અશોકભાઈ (ઓઢવ)
૧૭. કાછડિયા ગીતા બાબુભાઈ
૧૮. હર્ષદ કોલોની મંદિર (બાપુનગર)
૧૯. પ્રગતિ, સુદાની (રાજકોટ)
૨૦. વરૂ કિરણ (જીરાગઢ)
૨૧. વિનોદભાઈ પુંજાભાઈ પટેલ (વહેલાલવાળા)
૨૨. ભાનુબેન બી. પરમાર, ભૂમિકા બી. પરમાર (બોડકાવાળા)
૨૩. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૨૪. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૨૫. શારદાબેન કાંતિભાઈપટેલ (નાંદોલ)
૨૬. પ્રફુલાબેન શરદભાઈ પટેલ (ઉવારસદ)
૨૭. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૨૮. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૯. પટેલ હેલી કિરીટભાઈ (નરોડા)
૩૦. પટેલ સુભદ્રાબેન રમેશભાઈ (કનીપુર)
૩૧. સોની શર્મિષ્ઠાબેન ધીરજલાલ (અમદાવાદ)
૩૨. સાં.યોગી લલીતાબા તથા ગીતાબેન પિત્રોડા (જોરાવરનગર)
૩૩. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૩૪. અમૃતલાલ કે. મોદી (સોજા)
૩૫. ચંદ્રિકા, જ્યોત્સના, કૃપા (જીરાગઢ)
૩૬. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૩૭. માધવજીભાઈ હરખજીભાઈ (આદ્રોજા-મોરબી)
૩૮. ભગવાનદાસ વેલજીભાઈ સોની (મોરબી)
૩૯. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૪૦. મેઘાબેન કમલેશકુમાર પટેલ (કુહા)
૪૧. સાં.યો. શિલ્પાબા તથા શિતલબા (સુરેન્દ્રનગર)
૪૨. કરશનભાઈ જોઈતારામ પટેલ (કોઠા)

નોંધ : (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી. (૨) પ્રશ્નના જવાબ સ્વચ્છ અને વંચાય તેવા અક્ષરે લખીને મોકલાવવા અને નામ એક જવાબ પત્ર ઉપર એકજ વ્યક્તિનું હોવું જોઈએ. તેનું જ નામ અંકમાં લખવામાં આવશે.

સત્સંગ સમાચાર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૫ મો પ્રાકટ્યોત્સવ ઉજવાયો

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૫ મો પ્રાકટ્યોત્સવ આસો સુદ-૧૦ વિજયા દશમીને તા. ૨૧-૧૦-૨૦૦૭ને રવિવારના શુભ મંગળ દિને સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં હજારો સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો હતો.

આજના શુભ દિને સૌ પ્રથમ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં અને હજારો સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપણા મંદિરના બહારના ચોકનું "શ્રી નરનારાયણદેવ ચોક" નામાભિધાનનું ઉદ્‌ઘાટન પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે થયું ત્યારે તાલીઓના લાખો ગડગડાટથી વાતાવરણમાં દિવ્યતા વ્યાપી ગઈ.

ત્યારબાદ શ્રી નરનારાયણદેવના દર્શન કરી સભામાં બિરાજમાન થયા પછી વિદ્વાન વિપ્રોએ સ્વસ્વતી વાચન કરી શુભ મંગલ કામના પાઠવી હતી.

ત્યાર પછી આપણા વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ સંતોએ પૂ. મહારાજશ્રીની સમૂહ આરતી ઉતારીને અલૌકિક મહા લાભ લીધો હતો. પ્રાકટ્યોત્સવના મુખ્ય યજમાન પ.ભ. જેઠાલાલ ધનજી સવાણી ગામ કેરા (કચ્છ) (હાલ લંડન) સુપુત્ર અનંત તથા સમીર અને પૌત્ર વસંત તથા મનીષ આદિ પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના પૂજન-આરતીનો લાભ લીધો હતો. સભાનું સુંદર સંચાલન પૂ. મહંત સ.ગુ. સ્વામી નારાયણસ્વરુપદાસજી વતી સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન કથાકાર પૂજ્ય પી.પી. સ્વામીએ સંભાળ્યું હતું. આપણા શ્રી સ્વામિનારાયણ માસિક સાથે વરસોથી સંકળાયેલા મનનીય લેખો લખતા આપણા મૂર્ધન્ય લેખક મહોદયનું સન્માન પૂ. મહારાજશ્રીના વરદ્‌ હસ્તે થયું હતું.

આજની સભામાં આપણી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહા વિદ્યાલયના વિદ્યાર્થી સંતો પૈકી અમદાવાદ મંદિરના કોઠારી શા. ધર્મકિશોરદાસ (હિન્દીમાં), શા. ભગવતચરણદાસ (અંગ્રેજીમાં) (જેતલપુર), શા. ગોપાલજીવનદાસ (મૂળી), શા. યજ્ઞપ્રકાશદાસ (કાંકરિયા), શા. શ્રીજીપ્રકાશદાસ (શોકલી), શા. ચૈતન્યદાસ (કોટેશ્વર), શા. સત્યસંકલ્પદાસ (મૂળી), શા. સ્વામી અક્ષરપ્રકાશદાસ (ભૂજ), શા. પૂર્ણપ્રકાશદાસ (માણસા) આદિ સંતોએ હિન્દી, અંગ્રેજી અને ગુજરાતીમાં મનનીય અને રોચક ભાષામાં વિદ્વતાપૂર્ણ પ્રવચન કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પૂ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીની પ્રેરણા-માર્ગદર્શનથી કોઠારી શા. સ્વા. રામાનુજદાસજી, શાસ્ત્રી વી.પી. સ્વામી, કોઠારી શા. ધર્મકિશોરદાસ અને શા. સ્વામી હરિપ્રકાશદાસજીએ અને જેતલપુરના મહંત સ્વામી કે.પી. સ્વામીના નેજા હેઠળ જેતલપુર સંસ્કૃત પાઠશાળાના સંતોએ સભા મંડપ શણગારવામાં મહત્વની સેવા બજાવી હતી.

(કલ્પેશભાઈ પટેલ)

અમદાવાદ મંદિરમાં જલઝીલણીના શ્રી ગણપતિજીનો વરઘોડો

શ્રીજી મહારાજે પ્રવર્તાવેલ રીત-પરંપરા મુજબ ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના રોજ શ્રી ગણપતીજીનો વરઘોડો અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરથી પ.પૂ. આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ સમક્ષ શ્રી ગણપતીજીનું પૂજન આરતી કરી બપોરે ૧-૩૦ કલાકે મંદિરથી લાંબેશ્વરની પોળ, કેલિકો ડોમ થઈ સીધા નારણઘાટ મંદિર સંત-હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ આદિ સૌએ ઉચ્છવની રમઝટ બોલાવી હતી.

તેજ રીતે સાંજે ૬-૦૦ કલાકે રીલીફ રોડ, ઓરિએન્ટલ બિલ્ડિંગથી કાલુપુર સ્વામિનારાયણ મંદિર રોડ-રસ્તામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં પૂ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી અને જેતલપુરથી પૂજ્ય પી.પી. સ્વામી અને સંસ્કૃત પાઠશાળાના સંતો સાથે હરિભક્તો અને ઓચ્છવ મંડળે સર્વોપરિ શ્રીહરિના કીર્તનોની વાજીંત્રના તાલે ખૂબ જ રમઝટ બોલાવીને સૌ આવા ભવ્ય ઉત્સવમાં ગુલતાન બની ગયા હતા.

રાત્રે ૭-૩૦ કલાકે આપણા મંદિરના ચોકમાં વરઘોડો વિરામ પામ્યો હતો.

(કોઠારી શા. ધર્મકિશોરદાસજી)

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચાતુર્માસિ કથા

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના રૂડા સાનિધ્યમાં અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રાવણ માસમાં આપણા કથાકાર સંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી (અમેરિકા ન્યુજર્સીવાળા)એ શ્રીમદ્‌ ભાગવત કથા શાસ્ત્રનું સવાર અને સાંજે પોતાની સુમધુર શૈલીમાં કથામૃત પાન કરાવીને નગરવાસી ધાર્મિક જનોને સુંદર લાભ આપેલ. પવિત્ર શ્રાવણ માસમાં આવો દુર્લભ લાભ સહેજે સહેજે મળ્યો હોય તેથી તેનું રસપાન ભક્તજનોએ કરીને જીવનને ધન્ય બનાવ્યું.

(કોઠારી શા. ધર્મકિશોરદાસ)

કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના અવનવા હિંડોળામાં ઝુલાવીને હરિભક્તોને અલૌકિક દર્શન કરાવ્યા હતા. તા. ૧૮-૮-૦૭ના રોજ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને ઓચ્છવ મંડળમાં બિરાજીને ઠાકોરજીને હિંડોળે ઝુલાવ્યા હતા. શ્રીમદ્ ભાગવત કથાના વકતાપદે શાસ્ત્રી નિર્લેપદાસજીએ કરીને સૌ ભકતજનોને કથાનો દિવ્ય લાભ આપેલ. જેની પૂર્ણાહુતિ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. આ પ્રસંગે ધામોધામના સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા. સત્યપ્રકાશદાસે (મૂળી) કર્યું હતું. તા. ૨૪-૯-૦૭ના રોજ સમૂહ મહાપૂજાનું આયોજન કરેલ જેમાં ઘણા ભક્તજનોએ લાભ લીધેલ. શનિવારના દિને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી કષ્ટભંજનદેવની આરતી ઉતારીને સૌને અલૌકિક દર્શનનો લાભ આપેલ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને આનંદ સ્વામીની પ્રેરણાથી પ્રસંગ સુંદર રીતે ઉજવાયેલ.

<u>મહારુદ્ર યજ્ઞ</u>

શ્રાવણ માસની અમાસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી સિધ્ધેશ્વર મહાદેવનું પૂજન-અર્ચન અને મહારુદ્રયજ્ઞ ધામધૂમથી સંપન્ન થયેલ. જેના મુખ્ય યજમાન પ.ભ. હરિકૃષ્ણભાઈ ઠક્કર રહ્યાં હતા. સાંજે દિવ્ય વાતાવરણમાં ભૂદેવોએ વેદવિધિસર મહાભિષેક કરીને આરતી ઉતારી હતી. જેના યજમાન પ.ભ. અજયભાઈ દેસાઈ રહ્યાં હતાં.

સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ શિવ મહિમાનું શાસ્ત્રોક્ત વિદ્યાન સાથે માહાત્મ્ય અલૌકિક રીતે વર્ણવીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સૌ ભક્તજનોએ મહાપ્રસાદ લઈ કૃતાર્થ થયા હતા. જલઝીલણી એકાદશીના શ્રી ગણપતીજીનો વરઘોડો કાંકરિયા સરોવરે ધામધૂમથી ઉચ્છવ કરતા નીકળ્યો હતો. જેમાં સભામાં ભજન-કીર્તન કરી સંતોએ મહિમા સહિત વાતો કરી હતી.

(વિષ્ણુકુમાર શાસ્ત્રી)

જેતલપુરધામમાં ઉજવાયેલ જલઝીલણી ઉત્સવ

"ધન્ય ધન્ય જેતલપુર ગામ, વાલે જેને કર્યું નિજધામ" - નિષ્કુળાનંદ સ્વામીના શબ્દે વાલો શ્રીહરિ જે ધામમાં ૧૦૦-૧૦૦ વખત ઘરે ઘરે પધરામણી કરી અને જમ્યા છે એવા શ્રીહરિને ભાદરવા માસની અગિયારસ "એટલે જલજીલણી એકાદશી" આ દિવસે જેતલપુરધામમાં ખૂબ ધામધૂમથી નિજ મંદિરેથી શ્રીહરિને પાલખીમાં બેસાડીને વાજતે ગાજતે ગ્રામ જનો ભક્તજનો પ્રભુને જળ ઝીલવા માટે જે સરોવરમાં પ્રભુએ સ્નાન કર્યું છે અને સ્વયં શ્રીહરિ જળ ઝીલવા પધાર્યા હતા. તે દેવસરોવરમાં શ્રીહરિની પાલખી લઈને ખૂબજ ધામધૂમથી જેતલપુરધામના ભક્તજનો દેવ સરોવરમાં જળ ઝીલવા માટે લઈ જઈ રહ્યા હતા. આ દિવસે જેતલપુરધામમાં ખૂબજ મોટો મેળો ભરાય છે, અને પ્રથમ ઠાકોરજી અક્ષરવાડીમાં હરિમંડપમાં પધારે છે. ત્યાંથી જળ ઝીલવા દેવસરોવરમાં પધારે છે. સરોવરની મધ્યે જળથી પ્રભુને સ્નાન કરાવી, આરતી કરાવી અને કાકડીનો પ્રસાદ વહેંચાય છે. ખૂબજ અનોખો ઈતિહાસ વર્ષો પરંપરાનો છે કે જળ ઝીલીને પ્રભુ જ્યારે પાલખીમાં બિરાજે છે. ત્યારબાદ જેતલપુરધામના દરેક ઘરે ઠાકોરજીની પધરામણી કરવામાં આવે છે. આમ આ જળ ઝીલણી એકાદશીનો ઉત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં જેતલપુર મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. પી.પી. સ્વામી તથા સ.ગુ. મહંત કે.પી. સ્વામી નિજ મંદિરના પૂજારી બ્ર. પૂર્ણાનંદજી અને ગ્રામજનોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ એકાદશીના ઉત્સવનું ખૂબજ સુંદર આયોજન પૂ. મહંત સ્વામી કે.પી. સ્વામી અને વડીલ વયોવૃદ્ધ શ્યામ સ્વામીએ કર્યું હતું. *(શા. ભક્તિનંદન સ્વામી)*

જયપુર (રાજ.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

આપણા જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી અને પૂ. પી.પી. સ્વામીના માર્ગદર્શનથી અત્રેના મહંત શા. સ્વામી દેવસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રાવણ વદ-૫ ના રોજ ઠાકોરજીનો પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે જેતલપુરથી મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી તથા શ્યામચરણ સ્વામી, કાંકરિયાના મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, જેતલપુરના મહંત કે.પી .સ્વામી આદિ સંતોની ઉપસ્થિતિમાં શ્રીહરિકૃષ્ણ મહારાજને અભિષેક વેદવિધિસર સંપન્ન થયેલ. ત્યારબાદ સુંદર વિવિધ પકવાનોથી છપ્પનભોગ અન્નકૂટ ઠાકોરજીને ધરાવવામાં આવેલ. મહાપૂજા વિધિ સુંદર રીતે સંપન્ન થઈ હતી. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધેલ. પાટોત્સવના યજમાન પદનો લાભ પ.ભ. ઈશ્વરભાઈ પરસોત્તમભાઈ પટેલ પરિવારે (મેડાવાળા) લીધો હતો. પૂ. આત્મપ્રકાશ સ્વામીએ યજમાન પરિવારનું પુષ્પહાર પહેરાવી સન્માન કરીને આશીર્વાદ આપ્યા હતા. જયપુરના (મેતપુર-ખંભાતના) સ્થાનિક હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. હરિભક્તોએ દર્શનનો દિવ્ય લાભ લઈ કૃતાર્થ થયા હતા. અંદાજે ૭૦૦ જેટલા ભાવિક ભક્તોએ મહોત્સવને માણીને દિવ્ય પ્રસાદ લીધો હતો. સમગ્ર ઉત્સવમાં જેતલપુરના મહંત કે.પી. સ્વામી અગ્રેસર રહ્યા હતા. *(વી.પી. સ્વામી, જેતલપુર)*

શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણામાં મંદિર નિર્માણનો પુનઃ પ્રારંભ

ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણ કમળોથી પાવન થયેલ મહેસાણાની ભૂમિ કે જ્યાં શ્રીહરિએ વિધવા બ્રાહ્મણ કસળીબાઈના મનોરથ પુરા કરવા ખીચડીનાં દાતણ કરાવ્યાં હતા. તે પાવન ભૂમિમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદ અને તેઓશ્રીના જ વરદ્ હસ્તે શિખર બધ્ધ મહામંદિરનો સને ૧૯૯૫ માં શિલાન્યાસ વિધિ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ત્રણેક વર્ષની અવધિમાં મંદિરનું ૭૦% કામ પૂર્ણ થવા આવ્યું તેવા સંજોગોમાં જમીનમાલિકી હક્ક બાબતના કેટલાક કોર્ટ કેસ ઉપસ્થિત થતાં નિર્માણ કાર્યને સ્થગિત કરેલ. ઈષ્ટદેવ શ્રીહરિની અસીમ કૃપાથી

તમામ અવરોધોનો ઉકેલ આવતાં તા. ૧૫-૯-૨૦૦૭ના મંગળ દિવસે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૪ કલાકની અખંડધૂન કરીને પુનઃ બાકીનું નિર્માણ કાર્યનો પ્રારંભ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી આગામી એક વર્ષમાં કાર્ય પૂર્ણ થશે અને ૨૦૦૯ ના મંગલ વર્ષમાં ધામધૂમથી મહામંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વિધિ થશે. મહેસાણા વિસ્તાર અને મહેસાણા શહેરના ભાવિક હરિભક્તો આતુરતાથી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની પ્રતિક્ષા કરી રહ્યા છે. સર્વે સત્સંગી હરિભક્તોને નમ્ર નિવેદન કે અવશિષ્ટ કાર્યને પૂર્ણ કરવા તન, મન, ધનના સહયોગની અપેક્ષા રાખીએ છીએ. બંશી પહાડ પુર લાલ પથ્થરનું સંપ્રદાયમાં અજોડ અદ્વિતીય અલૌકિક મહા મંદિર તૈયાર થશે. અને મહેસાણા જીલ્લાનું આપણા સંપ્રદાયનું મુખ્ય મથક બનશે.

જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામીના સંપૂર્ણ સહયોગથી મંદિરનું કામ પૂર જોશમાં શરૂ થયું છે. આ મંદિરમાં સેવા માટે મૂર્તિઓની સેવા, તદુપરાંત કળશ, ધજાદંડ, શિખર, સિંહાસન, દાગીના, વાઘા, વાસણો, આરસ, સુવર્ણ વિગેરેમાં સેવા આપવા સૌ હરિભક્તોને નમ્ર અનુરોધ છે.

સંપર્ક માટે

શાસ્ત્રી ઉત્તમપ્રિયદાસજી,

સ્વામી નારાયણપ્રસાદદાસજી,

મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર,

ગાયત્રી મંદિરની સામે, મહેસાણા (ઉ.ગુ.)

ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં અને પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રાવણ માસમાં ઠાકોરજીને અવનવા વિવિધ પ્રકારના હિંડોળા બનાવી ઝુલાવવામાં આવ્યા હતા. અહીં મંદિર આગળ જન્માષ્ટમીનો પરંપરાગત મેળો ભરાય છે. જેમાં હજારો લોકોએ દેવના દર્શન કરીને ધન્ય ભાગી બન્યા હતા. અત્રે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

હિંમતનગર શ્રી સ્વામિનારાયણ મંદિર

હિંમતનગર મંદિરમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં શ્રાવણ માસમાં અલૌકિક હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવવામાં આવેલ. સૌ ભક્તજનોએ કથા શ્રવણ અને મટકી ફોડનો કાર્યક્રમ ખૂબજ સારી રીતે ઉજવ્યો હતો. મહંત શા. સ્વામી આનંદજીવનદાસજીએ આ પ્રસંગે સુંદર વ્યવસ્થાનું આયોજન કરેલ.

(સાધુ ધર્મકિશોરદાસ)

આપણી શૈક્ષણિક સંસ્થાના સમાચાર

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ પ્રાથમિક વિદ્યા મંદિર (ગુ.મા.)ના વિદ્યાર્થીઓ સી.આર.સી. કક્ષાએ યોજાયેલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં છ વિભાગમાંથી ચાર વિભાગમાં શ્રેષ્ઠ કૃતિનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આંબાવાડી વોર્ડમાંથી કુલ ૨૫ સ્કુલમાંથી આપણી સ્કુલના વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર મેળવ્યો છે.

(૧) ટ્રાફિક સમસ્યાનું નિવારણઃ વોરા પાર્થ સંદિપભાઈ, શેઠ દેવાંશી, પાઠક સાલિકા.

(૨) ગ્લોબર વોર્મિંગથી પાક પર થતી અસર : શાહ સપન, સંઘવી નૈસર્ગી.

(૩) હરિયાળા મકાનો પર્યાવરણ સંવર્ધક પાણી વીજળનો સંચય થઈ શકે તેવા મકાનો : વ્યાસ દેવાંશી, શેઠ કેતન, પટેલ જીલ.

(૪) ઈન્ફારેડ કિરણો અને પ્રકાશીત ફાઈબર દ્વારા ધ્વનિ સંચાર : વ્યાસ અંતરિક્ષ, ઠાકર હિનલ અને કલા શિક્ષક સંઘ દ્વારા આયોજીત.

તત્કાલ બાલ ચિત્ર સ્પર્ધામાં ધો.-૬ નો શાહ સપન અને ધો.-૪ ની પંડ્યા જાનકીએ ૧૨૦૦ વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબર મેળવી સ્કુલનું ગૌરવ વધાર્યું છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આપણા વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે. *(આચાર્યશ્રી, શ્રી સહજાનંદ પ્રાથમિક વિદ્યા મંદિર)*

મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં શ્રાવણ માસમાં અનેક પ્રકારના હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવ્યા હતા. જેના દર્શન હજારો ભક્તજનોએ કર્યા હતા. શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન શેઠશ્રી કેદારનાથ મિત્તલ અને લૂતા પંડિતના સાથ સહકારથી સંપન્ન થયેલ. તા. ૨-૯-૦૭ ના રોજ કેદારનાથ મિત્તલના ઘરેથી પોથીયાત્રા ધામધૂમથી વાજતે ગાજતે મંદિર આવી હતી. અત્રેના પંડિતજી દ્વારા હિન્દીમાં કથા કરવામાં આવેલ. મહંત સ્વામી ભાનુપ્રસાદદાસજીની પ્રેરણાથી સમગ્ર આયોજન કરવામાં આવેલ.

(પૂજારી સ્વામી)

દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

ન્યુદિલ્હી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અને મહંત સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તથા મહંત સ.ગુ. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રાવણ સુદ-૮ ના બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ અભિષેક વેદ વિધિસર ધામધુમથી સંપન્ન થયો હતો. મહંત સ્વામીના વરદ્ હસ્તે બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજને અભિષેક ષોડશોપચાર વિધિથી સંપન્ન થયો હતો. ત્યારબાદ વિવિધ પકવાનોની ભવ્ય અન્નકૂટ આરતી થઈ હતી. પ્રાસંગિક સભામાં મહંત સ્વામી અને હરિભક્તોએ શ્રી ઘનશ્યામ મહારાજના લીલા ચરિત્રો અને ધર્મકુળ મહિમાની વાતો કરી હતી. પાટોત્સવ દિલ્હીના સમસ્ત હરિભક્તો તરફથી થયો હતો. છેલ્લે સમસ્ત ભક્તજનોએ મહાપ્રસાદ લઈ ખૂબ રાજી થયા હતા. *(જનકભાઈ ટાંક)*

ડાંગરવા

શ્રીજી મહારાજના પ્રસાદીના જતનબાના ડાંગરવા ગામે પવિત્ર શ્રાવણ માસમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીમદ્ ભાગવત કથા પારાયણ શા.

બ્રહ્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજી (વાલીવાળા) ના વક્તા પદે સંપન્ન થઈ હતી. જેમાં ઘણાજ હરિભક્તોએ કથાનો લાભ લીધો હતો.

(કોઠારીશ્રી)

ચલોડા (જીતબાનું)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૬-૭-૦૭ના રાત્રે સત્સંગ સભામાં ધોળકાના મહંત શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી અને સંત મંડળે સર્વોપરિ શ્રીજી મહારાજ અને સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીનો મહિમા માહાત્મ્ય સરળ ભાષામાં સમજાવીને સૌને નિયમ, નિશ્ચય અને પક્ષ જો મજબૂત હશે તો દુનિયાની કોઈ તાકાત નથી કે તમારું કાંઈ બગાડી શકે. સાથે આવેલા શા. નંદકિશોરદાસે પણ સુંદર વ્યક્તવ્ય આપ્યું હતું. *(જયંતીભાઈ પટેલ)*

માધવગઢ (પ્રાંતીજ દેશ)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રાવણ માસમાં ઠાકોરજીને આખો મહિનો વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને ઝુલાવ્યા હતા. જેમાં તલોદના હરિભક્તોએ સુંદર સેવા આપી હતી. *(કોઠારીશ્રી)*

મોડાસા

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ચાતુર્માસ અંતર્ગત શ્રાવણ માસમાં શાસ્ત્રી વિશ્વસ્વરૂપદાસ ગુરુ. શા. છપૈયાપ્રસાદદાસજીએ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત ભક્ત ચિંતામણી ગ્રંથની કથાનો દિવ્ય લાભ આપેલ. કાંતિભાઈ પ્રજાપતીને ત્યાં મહાપૂજા અને રમેશભાઈ પટેલને ત્યાં જનમંગલ યજ્ઞનું આયોજન કરેલ. મંદિરમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવેલ. દેવ સ્વામી, હાર્દિક ભગત અને કરણ ભગતની સેવા પ્રેરણારૂપ હતી. *(કોઠારી નારણભાઈ)*

આદિશ્વરનગર નરોડા મંદિર

અહીંના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રાવણ માસમાં તા. ૨૪-૮-૦૭ થી ૧૧-૯-૦૭ પર્યન્ત રોજે રાત્રે ૯-૦૦ થી ૧૦-૦૦ સાધુ શ્રીજીસ્વરૂપદાસે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને સર્વોપરિ શ્રી નરનારાયણદેવ ગાદીના મહિમા માહાત્મ્ય સાથે વચનામૃત પર સુંદર વિવેચન કરીને કથા કરીને હરિભક્તોને સુંદર લાભ આપેલ. હરિભક્તોમાં શ્રી ઠાકરસીભાઈ ચાવડા, કાંતિકાકા, મહેન્દ્રભાઈ, ભીખુભાઈ ડાભી અને નવિનભાઈ આદિ સૌએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી. પૂર્ણાહુતિના દિવસે સૌ હરિભક્તો માટે પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. તા. ૧૬-૯-૦૭ના અત્રેના સત્સંગ મંડળે વડતાલ મંદિર યાત્રા કરીને ૧૨ કલાક મહામંત્ર ધૂનમાં બેસીને શ્રીહરિ સ્મરણ કર્યું હતું. *(બેચરભાઈ પરમાર)*

મારૂસણા

અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રાવણ માસમાં શાસ્ત્રી છપૈયાપ્રસાદદાસજીએ 'શ્રીમદ્ સત્સંગિભૂષણ' ની કથા ૧૫ દિવસ સુધી કરી હતી. જન્માષ્ટમીના રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા વિવિધ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.

(હાર્દિક ભગત)

લુણાવાડા

લુણાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ સુદ-૧ થી શ્રાવણ સુદ-૧૫ સુધી શ્રીમદ્ સત્સંગિભૂષણની કથા શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજીએ કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા હિંડોળાનું સુંદર આયોજન કરવામાં આવેલ. જેમાં સંત-પાર્ષદ મંડળની સેવા પ્રસંશનીય હતી. સૌ હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)*

મેઘાણીનગરમાં બાલ સભામાં પધારેલા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૨૬-૮-૦૭ને રવિવારના રોજ મેઘાણીનગર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે દર રવિવારે યોજાતી બાળ સભામાં પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા હતા. અને બાળ સભામાં ૧૦૦ જેટલા બાળકોને પ્રમાણપત્ર સાથે પેન અને શિક્ષાપત્રી આપીને આશીર્વાદ આપ્યા હતા. બાળ સભામાં સૌ બાળકોને નિયમિત મંદિરે આવવા અને બાળ સભામાં દર રવિવારે લાભ લેવા ખાસ આજ્ઞા કરીને આશીર્વાદ આપ્યા હતા. *(રણછોડભાઈ દેવાણી)*

બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે બોપલ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મહંત હરિવલ્લભ સ્વામી અને મહેન્દ્ર ભગતે શ્રધ્ધા ભક્તિથી ઠાકોરજીને અવનવા સુંદર કલાત્મક હિંડોળા બનાવી ઝુલાવ્યા હતા. રાત્રે સત્યસંકલ્પ સ્વામીએ શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવ્યું હતું. શ્રાવણ સુદ-૮ જન્માષ્ટમીના બાળ કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરી બાળકો દ્વારા રાસ ગરબા કર્યા હતા.

મંદિરમાં બિરાજમાન શિવજીનું વિપ્રોએ લાખો બિલી પત્રોથી દૂધાભિષેક કરી પૂજન વિધિ કરી હતી. અત્રે સંતો કથા વાર્તાનો સુંદર લાભ આપે છે. અહીં દર્શનાર્થીઓની ખૂબજ ભીડ રહે છે. *(પ્રવિણભાઈ ઉપાધ્યાય)*

નાંદોલ મંદિર

નાંદોલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી હરિભક્તોએ સુંદર કલાત્મક હિંડોળા બનાવી ભગવાનને ઝુલાવ્યા હતા. હરિભક્તો સૌ ખૂબજ ઉત્સાહ શ્રધ્ધાથી મંદિરની પ્રવૃત્તિમાં ખૂબજ રસ લઈ સેવા કરે છે. દર્શનાર્થીઓની પણ રોજે રોજ ખૂબ જ ભીડ રહેતી હતી. *(નાંદોલ સત્સંગ મંડળ)*

વસઈ (ડાભલા) મંદિર

વસઈ ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ગામના સમસ્ત હરિભક્તોએ શ્રાવણ માસમાં શ્રધ્ધા-ભક્તિ અને ઉત્સાહથી ખૂબજ સુંદર કલાત્મક હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવ્યા હતા. હરિભક્તોએ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. મંદિરનો ૯૧ મો પાટોત્સવ ભાદરવા સુદ-૫ ના રોજ પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી માણસાના મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી અને સંત મંડળે શ્રીહરિકૃષ્ણ મહારાજને અભિષેક કરી ધામધૂમથી ઉજવ્યો હતો. જેના યજમાન

પ.ભ. વિક્રમસિંહ ચાવડા રહ્યા હતા.

(રજનીભાઈ)

શ્રી સ્વામિનારાયણ મંદિર મોટપ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા મુજબ તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ભાદરવા સુદ-૬ના દિવસે મહેસાણા મંદિરથી પૂ. મહંત સ્વામી તથા સંતોએ પધારીને ભગવાન શ્રીહરિના દિવ્ય લીલા ચરિત્રોનું વર્ણન કરીને સર્વ ભક્તજનોના દિલ હરિ લીધા હતા. મહેસાણા નરનારાયણદેવ યુવક મંડળે કીર્તન ભક્તિ કરીને સર્વ ગ્રામજનોને હરિ રસમાં તરબોળ કરી દીધા હતા. ગામના સૌ હરિભક્તોએ સભાનો લાભ લીધો હતો.

(શા.સ્વામી હરિવલ્લભદાસ, મહેસાણા)

અમદાવાદ કાલુપુર મંદિર દ્વારા સત્સંગ સભાઓ

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી ની પ્રેરણાથી સાબરકાંઠાના સલાલ, દશક્રોઈના કુજાડ-કઠલાલ પાસેના સરાલી, ખાખરીયાના કલ્યાણપુરા ગામે કોઠારી શાસ્ત્રી સ્વામી રામાનુજદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજી, શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી અને વહેલાલના ચૈતન્ય સ્વામી આદિ સંત મંડળે ઉપરોક્ત ગામોમાં ભગવાનનું માહાત્મ્ય, કથાવાર્તા, કીર્તન ભક્તિ કરીને ગ્રામજનોને દિવ્ય લાભ આપ્યો હતો.

(વિ.પી. સ્વામી)

વિસનગરમાં પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી અનીલભાઈ કે. પટેલ (મનન મોટર્સ)ના માતુશ્રીના સ્મરણાર્થે અત્રે તા. ૧૦-૯-૦૭ થી ૧૬-૯-૦૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ. જેના યજમાન શ્રી કાનજીભાઈ બી. પટેલ પરિવારના શ્રી દિનેશભાઈ, શ્રી બિપીનભાઈ, શ્રીઅશોકભાઈ, શ્રી અનીલભાઈ તથા શ્રીદિપકભાઈ રહ્યા હતા. કથાના વક્તાપદે શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ સુંદર કથાનો લાભ આપેલ. કથામાં શ્રી કૃષ્ણ જન્મોત્સવ અને રૂક્ષ્મણી વિવાહમાં વરપક્ષના યજમાન કોઠારી કાંતિભાઈ પટેલ રહ્યાં હતા.

આ પ્રસંગે શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, નારણઘાટના મંહત સ્વામી દેવપ્રકાશદાસજી અને નાના પી.પી. સ્વામી આદિ અનેક સંતોએ પધારીને લાભ આપેલ. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને યજમાન પરિવારઅને સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. *(પરેશભાઈ પટેલ)*

ઓલપાડ (સુરત)માં સત્સંગ સભા

સર્વોપરિ શ્રીજી મહારાજે ઓલપાડમાં પોતાના દિવ્ય ચરણોથી આ ભૂમિને અતિ પાવન કરી છે. અહીંયા આપણા હાલારના હરિભક્તો નોકરી ધંધાર્થે સ્થાયી થયા છે. જેમનામાં મૂળથી જ મૂળ સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવ ગાદીના આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં વર્તવાનો ખટકો અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવની વફાદારી રહેલીછે. હાલ શ્રી લક્ષ્મીનારાયણદેવના દેશમાં રહીને બન્ને દેશની ગાદીની નિષ્ઠા રાખી નેજ દરેક પ્રવૃતિ કરે છે. પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી છેલ્લા ઘણા સમયથી દર ગુરુવારના અલગ અલગ હરિભક્તોને ત્યાં સત્સંગ સભા યોજીને દરેકને સત્સંગમાં આવવા પ્રેરે છે. સુંદર કથા વાર્તા-ધૂન કીર્તન અને નિત્ય નિયમ કરવામાં આવે છે. અવાર-નવાર પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સભા દરમ્યાન ફોન દ્વારા પ્રેરણાત્મક આશીર્વાદ આપે છે. જેથી હરિભક્તોને ખૂબ જ મોટુ બળ મળે છે.

(શાંતિભાઈ વરૂ)

સિધ્ધપુરમાં નૂતન શિખરબધ્ધ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરણોથી અંકિત તીર્થોત્તમ ભૂમિ સિધ્ધપુર હાઈવે રોડ પર પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ સંકલ્પથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ હરિભક્તોના સાથ સહકારથી આપણા શ્રી નરનારાયણદેવ તાબાના ત્રણ શિખરના ભવ્ય મંદિરનું કામ પૂર્ણ થતા સંવત ૨૦૬૪ના કારતક વદ-૨ ને તા. ૨૬-૧૧-૨૦૦૭ના શુભ દિને શ્રી ધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવ આદિ સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થશે.

મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં તા. ૨૦-૧૧-૨૦૦૭ થી શ્રીમદ્ સત્સંગિ જીવન પારાયણ, વિષ્ણુયાગ તેમજ વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે. આ પ્રસંગે સમસ્ત ધર્મકુળ પરિવાર અને દેશો દેશના ધર્મકુળ આશ્રિત સંતો દર્શન આશીર્વાદનો લાભ આપવા પધારશે.

(મહંત શા. પ્રેમસ્વરૂપદાસજી)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી મંદિરમાં હિંડોળા દર્શન અને જન્માષ્ટમીનો સમૈયો ધામધૂમથી ઉજવાયા

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી રાધાકૃષ્ણદેવ સમક્ષ સ.ગુ.કોઠારી સ્વામી સ્વયંપ્રકાશદાસજીના માર્ગદર્શન મુજબ યુવા ઉત્સાહી મહંત શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા પૂજારી સ્વામી પ્રેમવલ્લભદાસજી આદિ સંતો-હરિભક્તોએ વિવિધ પ્રકારના સુંદર હિંડોળા શણગારીને ઠાકોરજીને ઝુલાવીને ઝાલાવાડના હરિભક્તોને દર્શનનો અલૌકિક લાભ આપેલ.

શ્રાવણ વદ-૮ શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનો સમૈયો ધામધૂમથી ઉજવાયો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વિદેશમાં સત્સંગ વિચરણ અર્થે પધારેલા હોવાથી આગલા દિવસે ફોન દ્વારા સમૈયાનો

લાભ લેવા આવનાર સૌ સંત હરિભક્તોને હૃદયથી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. બપોર પછી પ્રાસંગિક સભામાં ધૂન કીર્તનની રમઝટ બાદ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે યોજાયેલ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞનું શા. સુવ્રતવલ્લભદાસજીએ સુંદર કથામૃત પાન કરાવેલ. આગેવાન હરિભક્તો દ્વારા કથાની પૂર્ણાહુતિનું પૂજન-આરતી તેમજ સમગ્ર ધર્મકુળ વતી આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની પ્રતિમાનું પૂજન-અર્ચન આરતી કરવામાં આવેલ. ત્યારબાદ કોઠારી કૃષ્ણવલ્લભ સ્વામી, રામ સ્વામી, ભક્તિ સ્વામી અને સત્યપ્રકાશ સ્વામીએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કરેલ.

રાત્રે ૮-૩૦ થી ૧૨-૦૦ બ્રહ્માનંદ સભા મંડપમાં મહાપ્રતાપી શ્રી ઘનશ્યામ મહારાજના રૂડા સાનિધ્યમાં કીર્તન ભક્તિમાં ગવૈયા સાધુ ભજનપ્રકાશ અને સંત હરિભક્તોએ ખૂબજ રસસભર કીર્તનો વાજીંત્ર સહિત ગાયા હતા. રાત્રે ૧૨-૦૦ પૂ. મહંત સ્વામીના વરદ્ હસ્તે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતીના દર્શન કરી હરિભક્તો ભાવવિભોર બન્યા હતા. સમૈયામાં પૂજારી પ્રેમવલ્લભદાસજી અને સંત હરિભક્તોએ સુંદર વ્યવસ્થા કરીને સૌ ભક્તોને રાજી કર્યા હતા. મૂળીના જન્માષ્ટમીના સમૈયાના દર્શન કરીને ઝાલાવાડ અને હાલારના હરિભક્તો અને દેશોદેશથી પધારેલા ભાવિક હરિભક્તો ધન્યભાગી બન્યા હતા. *(નવલદાન ગઢવી)*

સુરેન્દ્રનગર મંદિરમાં હિંડોળા દર્શન

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી અને અત્રેના મહંત સ્વામીની પ્રેરણાથી શ્રાવણ માસમાં વિવિધ પ્રકારના સુંદર કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવ્યા હતા. તા. ૨૪-૮-૦૭ થી ૩૦-૮-૦૭ સુધી ચલણી નોટો સહિત ૧૨ હિંડોળા સભા હોલમાં ગોઠવી જાહેર દર્શન માટે ખુલ્લા મૂક્યા હતા. જેનું ન્યુઝ પેપર, ઈલે. મિડીયામાં સુંદર કવરેજ થયું હતું. શ્રાવણ વદ-૯ થી શ્રાવણ વદ અમાસ સુધી શાસ્ત્રી સુવ્રત સ્વામીએ શ્રીમદ્ ભાગવત દશમસ્કંધનું પાન કરાવ્યું હતું. જલઝીલણી સમૈયો શહેરમાં ધામધૂમથી નીકળ્યો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

લીંબડી (તપોવન મંદિર)

તપોવન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રાવણ માસમાં શ્રીમદ્ ભાગવત કથા સાધુ ભક્તવત્સલદાસે કરી હતી. તેમજ સમૂહ મહાપૂજા, સમૂહ જનમંગલ પાઠ અને સમૂહ આરતીનું આયોજન કરેલ. સાધુ વંદનપ્રકાશદાસે સંગીતના તાલે કથા સંભળાવી હતી.

(કોઠારી માણેકલાલ)

ધ્રાંગધ્રા શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)

ધ્રાંગધ્રા (ઘાંચીવાડ) બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મહામંત્ર ધૂન-સમૂહ પારાયણ આદિ કાર્યક્રમ સુંદર રીતે થયા હતા. આ પ્રસંગે મોરબીથી બહેનો ખાસ પધાર્યા હતા. સાંખ્યયોગી કંચનબા અને તેમના શિષ્ય મંડળની સેવા પ્રેરણારૂપ હતી. ધૂનમાં બહેનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

(અનીલભાઈ દૂધરેજીયા)

વિદેશ સત્સંગ સમાચાર

બોસ્ટન (U.S.A., I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ-પારાયણ ધામધૂમથી ઉજવાયા

અમેરિકાના બોસ્ટનમાં આવેલા આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ૨૧ ઓગસ્ટથી ૨૫ ઓગસ્ટ પર્યન્ત પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવનની પંચાન્હ પારાયણ સંપ્રદાયના વિદ્વાન સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય પી.પી. સ્વામીના વક્તાપદે થઈ હતી. રોજે ૭૦૦ થી ૮૦૦ ભાવિક ભક્તો કથામૃત પાન કરવા રજા સિવાયના દિવસોમાં પણ લાભ લેવા આવતા હતા.

પ્રસંગ દરમ્યાન આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ઉમળકા ભર્યું સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કરકમળ દ્વારા મંદિરમાં બિરાજમાન દેવોનો ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર સંપન્ન થયો હતો. ત્યારબાદ કથા પારાયણ અને મહાપૂજાની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી હતી.

પ્રાસંગિક સભામાં પ્રમુખશ્રી અરવિંદભાઈ કચરદાસ પટેલ (ડાંગરવાવાળા) અને ઉપ પ્રમુખશ્રી જ્ઞાનેશભાઈ ધોળકિયાએ સી.ઓ.નો લેટર (કાઉન્સીલ દ્વારા મંદિરને દરેર પ્રકારની લીગલી પરમીશન જે ખૂબજ મહત્વની અને અત્યંત જરૂરી હોય છે) પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને અર્પણ કર્યો હતો.

ત્યારબાદ પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. નારણભાઈ બેચરદાસ પટેલ (ડાંગરવા) પારાયણના યજમાન પ.ભ. સુમેશભાઈ તથા પ.ભ. જાગૃતિબેન , મહાપૂજાના યજમાન શ્રી બ્રિજેશભાઈ પટેલ તથા પ.ભ. હેમાબેન વગેરે યજમાનો અને શ્રી રમણભાઈ કચરદાસ પટેલ, શ્રી કેનીભાઈ પટેલ, શ્રી સંજયભાઈ રસિકભાઈ પટેલ, શ્રી ચંદ્રેશભાઈ મણીભાઈ પટેલ આદિ હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન થઈ બોસ્ટનના સત્સંગનો ખૂબ વિકાસ અને પ્રગતિ થાય તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલન બોસ્ટન મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (મૂળી)એ સુંદર રીતે સંભાળ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે પૂ.પી.પી. સ્વામીના શિષ્યો મહંત શા. માધવ સ્વામી (ન્યુજર્સી) જયપુરના મહંત શા.સ્વામી દેવસ્વરૂપદાસજી, અમદાવાદ મંદિરના કોઠારી શાસ્ત્રી ધર્મકિશોરદાસજી સેવામાં સાથે જોડાયા હતા. બોસ્ટન મંદિરમાં સેવા

પૂજા કરતા બ્ર. શા. હરિસ્વરૂપાનંદ, બાળકૃષ્ણસ્વામી અને જેતલપુરના પૂજારી વ્રજવલ્લભ સ્વામીએ ખૂબજ સુંદર સેવા કરીને સૌનો રાજીપો મેળવ્યો હતો.

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની બોસ્ટનના હરિભક્તો ઉપર ખૂબજ કૃપા છે જેથી દરેક ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે.

(શાસ્ત્રી વ્રજવલ્લભદાસ)

ડિટ્રોઇટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તૃતીય પાટોત્સવ- (U.S.A., I.S.S.O.) ઉજવાયો

ડિટ્રોઈટ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તૃતીય પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધની ત્રિદિનાત્મક પારાયણ યોજવામાં આવી હતી. તા. ૨૬-૮-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ-અભિષેક વેદવિધિસર ધામધૂમથી સંપન્ન થયો હતો. જે અલૌકિક દર્શન કરી હરિભક્તો ભાવ વિભોર થયા હતા.

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મહાપૂજા અને વિષ્ણુયાગ અને પારાયણની પૂર્ણાહુતિ થઈ હતી. પ્રાસંગિક સભામાં ડિટ્રોઈટ મંદિરના મહંત શા. કેશવચરણદાસ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે પધારેલા જયપુર મહંત શા. દેવસ્વરૂપદાસજી અને અમદાવાદ કાલુપુર મંદિરના કોઠારી શા. ધર્મકિશોરદાસે સર્વોપરિ શ્રીજી મહારાજ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય સંપ્રદાયના શાસ્ત્રોમાંથી દ્રષ્ટાંત સહિત સમજાવ્યું હતું.

પાટોત્સવના યજમાન ડૉ. મનોજભાઈ બ્રહ્મભટ્ટ પરિવાર તથા સહ યજમાન શ્રી કાંતિભાઈ પટેલ, કથાના યજમાન કેતનભાઈ વગેરે હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. સૌ હરિભક્તોએ ઠાકોરજીના અન્નકૂટના દર્શન અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ચરણસ્પર્શ દર્શન કરીને અલૌકિક લાભ મેળવ્યો હતો. સતત ત્રણ દિવસ સુધી પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદ થી સત્સંગની પ્રવૃતિ ખૂબજ સુંદર થાય છે. *(ડૉ. અરવિંદભાઈ પટેલ પ્રેસિડેન્ટ ડિટ્રોઈટ મંદિર)*

હ્યુસ્ટન (U.S.A., I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે હ્યુસ્ટન આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

ગુરુ પૂર્ણિમાના રોજ મહંત કે.પી. સ્વામીએ સભામાં ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય સુંદર રીતે વર્ણવીને સભાજનોને આનંદિત કર્યા હતા. શ્રાવણ માસમાં કે.પી. સ્વામી અને યુવાન હરિભક્તોએ સાથે મળી ખૂબજ જહેમત કરી અદ્‌ભુત ચૌદ હિંડોળા બનાવીને હરિભક્તોના દર્શન અર્થે ખુલ્લા મૂક્યા હતા. કાંકરિયા સરોવરે જે બ્રાહ્મણોની ચોર્યાસી કરી હતી. તે પ્રસંગને અનુરૂપ શનિ-રવિના અહીં ૫૦ જેટલા બ્રાહ્મણ પરિવારોને આમંત્રણ આપીને ચોર્યાસી કરી હતી. તેમાંય રક્ષા બંધનનો પવિત્ર તહેવાર હતો. બ્રાહ્મણોને ખૂબજ પ્રેમથી જમાડીને દક્ષિણા આપવામાં આવી હતી. આ બધી પ્રવૃતિ પ.પૂ. મહારાજશ્રીની કૃપા- આશીર્વાદથી સરળ અને અને સહજ રીતે થઈ હતી.

સેવા કરનાર તમામ ભક્તજનોનું મંદિરની કારોબારી કમિટીએ સન્માન કરીને ખૂબ જ આભાર વ્યક્ત કર્યો હતો. આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ ખૂબજ સારો થાય છે. *(રમેશ ટી. પટેલ)*

કોલોનીયા (U.S.A., I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૪ ઓગસ્ટ શનિવારના ગુરુ પૂર્ણિમાનો ઉત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો. ગુરુ પૂર્ણિમાના નંદસંતોના કીર્તનોથી સભાની શરૂઆત થઈ હતી. ચેરિહીલથી આવેલા મહંત શા.સ્વામી નારાયણવલ્લભદાસજીએ પ્રાસંગિક સભામાં આપણા સૌના ગુરુ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય ખૂબ મનનીય અને રોચક વાણીમાં વેદ વિધાનથી સરળ રીતે સમજાવ્યું હતું. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરીને સૌ ઉપર આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપા વિશેષને વિશેષ રહે અને તેઓશ્રીની આજ્ઞામાં વર્તવાનો ખટકો રહે તેવી આજના દિને સર્વોપરિ શ્રીજી મહારાજ પાસે પ્રાર્થના છે. ઠાકોરજીને વિવિધ કલાત્મક હિંડોળા બનાવીને ઝુલાવ્યા હતા. આપણી સેવા સંસ્થાના ડોકટરો અને મદદનીશોનું અત્રેના મહંત સ્વામી દ્વારા સન્માન કરવામાં આવેલ.

૧૧ ઓગસ્ટના આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ વડીલ હરિભક્તો અને બાળકોએ **"હેપી બર્થ-ડે ટુ લાલજી મહારાજશ્રી"** ના આકર્ષક કલરના જુદાં જુદાં બલૂનોથી સજાવેલ. સાંજે ૫-૦૦ વાગે સેંકડો હરિભક્તો શ્રીહરિકૃષ્ણ મહારાજને હિંડોળે ઝુલાવવા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવવા ઉમટી પડ્યા હતા. મહંત સ્વામીએ કથામાં પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રીનું માહાત્મ્ય બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજની જેમ જ જેમનું અદ્‌ભુત લીલા ચરિત્ર છે. કારણ કે તે ભગવાનનું જ અપર સ્વરૂપ છે. હરિભક્તોને ખૂબજ આનંદ થયો હતો. સુંદર કેક જન્મોત્સવ નિમિત્તે બનાવીને બાળકોએ સાથે મળીને કેક કાપીને વ્હાલા પ્રાણ પ્યારા પૂજ્ય લાલજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ હરખભેર શ્રધ્ધા ભક્તિથી ઉજવ્યો હતો. પૂ. લાલજી મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન સૌ પ્રથમ સ્વામીએ કર્યું હતું. ત્યારબાદ સૌ હરિભક્તોએ પૂજન કરી મહા લાભ લીધો હતો. હિંડોળાના અને જન્મોત્સવમાં સેવા કરનાર હરિભક્તોનું મંદિર તરફથી સન્માન કરવામાં આવેલ. છેલ્લે મહંત સ્વામીએ પ્રેરણાત્મક પ્રવચન કર્યું હતું. હરિભક્તોની વિશાળ જન મેદનીએ દર્શન કરી પ્રસાદ લઈ કૃતકૃત્ય થયા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી અને પરમ પૂજ્ય આચાર્ય

મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃતિ ખૂબજ સરસ ચાલે છે. *(પ્રવિણભાઈ શાહ)*

સીડની (ઓસ્ટ્રેલીયા I.S.S.O.) મંદિર

સીડની આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની કૃપા-પ્રેરણા અને આશીર્વાદથી સત્સંગીઓ સૌ સાથે મળી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કીર્તન કથાવાર્તા આદિ કરે છે.

તા. ૩૦-૭-૦૭ના ગુરુ પૂર્ણિમાના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરી સૌએ ભક્તિ ભાવપૂર્વક દર્શન આશીર્વાદ માંગ્યા હતા.

પવિત્ર શ્રાવણ માસમાં દર રવિવારે સુંદર કલાત્મક હિંડોળામાં ભગવાનને ઝુલાવવામાં આવતા હતા. જેમાં સુંદર ફૂલોનો, ભગવાનના ચરણારવિંદ, વનવિચરણ, ઘાસની સુંદર ઝુપડી અને ઓસ્ટ્રેલીયન કરન્સીના ભવ્ય હિંડોળા હરિભક્તોએ બનાવ્યા હતા. તા. ૧૨-૮-૦૭ની સભાના યજમાન શ્રી જીલન કિરણભાઈ અમીન તથા શ્રી હિતેશભાઈ જાનકી, તા. ૧૯-૮-૦૭ની સભાના યજમાન શ્રી ચિરાગભાઈ વિહોલ અને તેમના માતુશ્રી ઉષાબા વિહોલ રહ્યા હતા. તા. ૨૬-૮-૦૭ના યજમાન શ્રી કેનિલ શશીકાન્ત પટેલ રહ્યાં હતા. પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે પધારેલા આપણા ભુજ મંદિરના સંતોએ મહાપૂજા વિધિવત કરાવીને હરિભક્તોને દિવ્ય લાભ આપ્યો હતો.

અહીંયા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની કૃપાથી આ રીતે આપણા ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે. અને સત્સંગ સભામાં પણ હરિભક્તો સૌ ઉત્સાહથી લાભ લે છે.

તા. ૨-૯-૦૭ના રવિવારની સભા શ્રી યોગેશભાઈ પટેલ તરફથી થઈ હતી. જેમાં ધૂન-ભજન-કીર્તન અને ગાયત્રી મંત્રના પાઠ કરવામાં આવેલ

તા. ૪-૯-૦૭ના જન્માષ્ટમીની રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ-આરતી કરી પ્રાકટ્યોત્સવ મનાવ્યો. સાથે શ્રી વિસદ દવે એ તબલાના તાલ સાથે અને શ્રી રજનીકાંત પટેલે હારમોનિયમના મધુર ગુંજન સાથે કીર્તનની રમઝટ બોલાવી હતી.

શ્રી પરેશભાઈ જુટ્ટાણી દ્વારા સમૂહ આરતી અને બાળકોના વિવિધ કાર્યક્રમો રજુ કર્યા હતા. આજના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં પધાર્યા હતા. તા. ૧૬-૯-૦૭ની સભા શ્રી અંકિત-દિક્ષિત તરફથી થઈ હતી. ૨૩-૯-૦૭ની સભા શ્રી જીજ્ઞેશ પટેલ તરફથી થઈ હતી.

તા. ૩૦-૯-૦૭ને રવિવાર ના રોજ આપણા મંદિર તરફથી 'સીડની બોટ' માં સત્સંગ શિબિર યોજવામાં આવી હતી. ૧૦૦ ઉપરાંત યુવા હરિભક્તોએ બોટ માં દરિયાની વચ્ચે શિબિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવ, ધર્મકુળ-આચાર્ય મહારાજશ્રીનું મહિમા માહાત્મ્ય અને નિયમ, નિશ્ચય અને પક્ષનું બળ રાખવા ઉપર સુંદર વિવેચન અને કીર્તન-ભક્તિ નિત્ય નિયમ, થાળ-આરતી ઠાકોરજીની મૂર્તિ સમક્ષ કર્યા હતા. આજના યજમાન શ્રી અંજલેશ યશવંતભાઈ પટેલ તથા શ્રી ગૌરાંગભાઈ શાહ રહ્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે. *(તેજસ બી. પટેલ)*

વોશિંગ્ટન ડી.સી. I.S.S.O. ચેપ્ટર

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની પ્રેરણા અને કૃપાથી વોશિંગ્ટન I.S.S.O. ચેપ્ટરમાં ઘણા વરસોથી સત્સંગ સભા નિયમિત રૂપે થાય છે. ખરેખર આવા હરિભક્તોને ધન્યવાદ છે.

૨૫ ઓગસ્ટ અને ૮ મી સપ્ટેબરની સત્સંગ સભા અનુક્રમે ૨॥ કલાક અને ૩ કલાક (સાંજે) થઈ હતી. જેમાં શ્રીજી મહારાજની કથા વાર્તા-ધૂન-ભજન કીર્તન અને નિત્ય નિયમ-વચનામૃત (૨૭૩) નું વાચન વિવેચન અને ઠાકોરજીને થાળ આરતી સમૂહમાં થયા હતા. હરિભક્તોની સંખ્યા પણ સારી હતી. *(કનુભાઈ પટેલ)*

ન્યુજર્સી (U.S.A., I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જલઝીલણીનો સમૈયો ઉજવાયો

ન્યુજર્સી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના બપોરના ૧ થી ૫ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન રાખવામાં આવી હતી. જેમાં આપણા સંત મંડળ સાથે ઠાકોરભાઈ, પ્રહલાદભાઈ, ઘનશ્યામભાઈએ ધૂનની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ પૂ.પી.પી. સ્વામીના શિષ્ય પૂજારી સ્વા. વ્રજવલ્લભદાસ (જેતલપુર) અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજીએ શ્રીજી મહારાજનું સુંદર મહિમા માહાત્મ્ય કહ્યું હતું. મહંત શાસ્ત્રી સ્વામી માધવ સ્વામીએ ખૂબજ મહામહેનત કરી અદ્‌ભુત ન્હાવાનો પુલ તૈયાર કરી રિમોટ કંટ્રોલબોટમાં શ્રીહરિકૃષ્ણ મહારાજને પધરાવી નૌકા વિહારમાં ભગવાન જળઝીલતા હોય તેવું સાક્ષાત્ દશ્ય ખડું કર્યું હતું. સૌ હરિભક્તોએ આવા અલૌકિક દર્શન કરી અતિ આનંદિત થયા હતા. અંતમાં થાળ-આરતી, નિત્ય વિધિ કરીને સૌએ સમૂહમાં પ્રસાદ લીધો હતો. આજના થાળના યજમાન શ્રી પ્રહલાદભાઈ, શ્રી અરૂણભાઈ, શ્રી બાબુભાઈ, શ્રી અમૃતભાઈ આદિ હરિભક્તો રહ્યાં હતા. પૂ. મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(પ્રહલાદભાઈ વિ. પટેલ)

પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી અમેરિકામાં I.S.S.O. અંતર્ગત ચાલતી "સેવા" સંસ્થાની ૨ વર્ષની પ્રવૃતિની આછી ઝલક

આપણા I.S.S.O. ના ન્યુજર્સી અને ટેકસાસ શ્રી સ્વામિનારયણ મંદિરમાં બે નિયમિત હેલ્થ ક્લિનિકની સ્થાપના, કરવામાં આવી.

સ્વાસ્થ્ય શિક્ષણ અને મેડીકલ સ્ક્રીનીંગના ફેલાવા માટે ૨૨ જેટલા સ્વાસ્થ્ય મેળાઓનું મોટા પાયે આયોજન કરવામાં આવ્યું.

રાષ્ટ્રીય બોનમેરો મેચમાં વ્યક્તિઓના રજીસ્ટ્રેશન માટે ૨૬ જેટલા બોનમેરો અભિયાનનું આયોજન કરવામાં આવ્યું.

— અમેરિકામાં ૪૦૦ જેટલા નવા દાતાઓના નામ રાષ્ટ્રીય બોન મેરો રજીસ્ટ્રીમાં નોંધવામાં આવ્યા.

— ૨ દર્દીઓ માટે યોગ્ય બોનમેરો મેચ

શોધી કાઢવામાં આવ્યા. બંન્નેનું બોન મેરો ટ્રાન્સપ્લાન્ટેશનનું ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું અને બન્ને તંદુરસ્ત છે.

● આપણા સ્થાનિક મંદિરોમાં ૧૫ જેટલા બ્લડ ડોનેશન અભિયાન કરવામાં આવ્યા.

— I.S.S.O. મંદિર તેમજ અન્ય સ્થાનિક કેન્દ્રો ઉપર ચલાવવામાં આવેલા આ અભિયાન દ્વારા ૬૫૦ પીન્ટસ જેટલાં લોહીનું સ્થાનિક હોસ્પિટલોમાં દાન કરવામાં આવ્યું.

● ૧૪ જેટલા કેન્સર અને પોલી-સબસ્ટ્રન્શ એલ્યુઝ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. ● ૧૧ જેટલા કોમ્યુનિટી સર્વિસ ઈવેન્ટસનું આયોજન કરવામાં આવ્યું. ● ૩ ડિઝાસ્ટર એઈડ ઈવેન્ટસ ખોરાક અને કપડાં માટેનું અભિયાન ● બેઘર લોકોને નિયમિત મદદ. ● કેટરીના, હરિકેન ડિઝાસ્ટર દરમ્યાન મદદ ● દુવ્યવહાર પીડિત યુવાનોને મદદ ● નેતાગીરી, સામૂહિક મેળાવડા અને જાહેર કાર્યોનું I.S.S.O. સેવા દ્વારા આયોજન કરવામાં આવ્યું ● બાળકો માટે ચેરિટી ટોપ અભિયાન ● હેલ્થ કેર બ્રોશ્યોર, જેની પ્રથમ આવૃતિનું સત્સંગીઓને ૧૦૦૦ જેટલી નકલોનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. — દ્વિતીય આવૃતિ : સત્સંગીઓને ૧૫૦૦ નકલોનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. — તૃતીય આવૃતિ : માહિતી પુસ્તિકા તૈયાર થઈ છે. જેનું વિતરણ અમેરિકા, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયાના આપણા I.S.S.O. મંદિરોમાં કરવામાં આવશે.

www. issoseva.org નામની વેબસાઈટ

'સેવા'નું પોતાનું સ્વતંત્ર ESN - Tax ID Status.

નાણાં : સેવા સંસ્થાના હેલ્થ કેર પ્રોફેશનલ દ્વારા સ્વખર્ચે. I.S.S.O. મંદિરો પાસેથી કોઈજ પ્રકારની નાણાંકિય મદદ લેવામાં આવતી નથી.

— મોટા પાયા પર આયોજીત એક સ્વાસ્થ્ય મેળાનો ખર્ચ લગભગ ૮૦૦ થી ૧૦૦૦ ડોલર જેટલો થાય છે.

— ન્યુજર્સીના કોલોનીયા મંદિર ક્લિનિકનો દાકતરી-સાધનો સાથેનો ખર્ચ ૩૨,૦૦૦ ડોલર.

— ટેકસાસના હ્યુસ્ટન મંદિર ક્લિનિકનો દાકતરી, સાધનો સાથેનો ખર્ચ ૨૪,૦૦૦ ડોલર.

— અમેરિકાના હેલ્થકેર પ્રોફેશનલસનો સેવા દ્વારા ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ૧૨૪ જેટલા લાયસન્સ ધરાવતા ડોકટરો છે. જેમાં સત્સંગી અને અન્ય ડોકટરોનો પણ સમાવેશ થાય છે. આ ડોકટરો વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતો છે. જેવા કે :

- ઓબેસ્ટ્રીકસ/ ગાયનેકોલોજી
- ઈ.એન.ટી.
- ઓપ્ટોમેટ્રીકસ એન્ડ ઓપ્થેમોલોજીસ્ટ
- ડેન્ટીસ્ટસ - પીડીઆટ્રીશ્યનસ - સર્જનસ - કાર્ડીઓલોજીસ્ટસ - નેપ્થ્રોલોજીસ્ટસ - પલ્મોનોલોજીસ્ટસ - એન્ડોક્રીનોલોજીસ્ટસ - સાઈકીઆટ્રીસ્ટસ - ડર્મેટોલોજીસ્ટસ - નીઓનેટોલોજીસ્ટસ - હિમેટોલોજીસ્ટસ
- ઓન્કોલોજીસ્ટસ - ગેસ્ટ્રોએન્ટરોલોજીસ્ટસ - રેડીઓલોજીસ્ટસ - ઈન્ટર્નીસ્ટસ ઈન્ટરનલ મેડીસીન - એનેસ્થોલોજીસ્ટસ - ન્યુરોલોજીસ્ટસ

૩૬ નર્સ, ૪૮ ફાર્માસીસ્ટસ, ૧૯ મેડીકલ ટેકનીશીયન્સ, ૧૪ આઈ.ટી./ પેરામેડીકલ સ્ટાફ

<u>સ્વાસ્થ્ય સેવાઓ : હ્યુસ્ટન ટેકસાસ</u>

જે વ્યક્તિઓને પ્રોફેશનલ દાકતરી સેવાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી તેઓને ક્લિનિક દ્વારા કોઈ પણ પ્રકારનો ચાર્જ લીધા વિના મૂળભૂત દાકતરી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આપણા ક્લિનિકમાં વિવિધ વિશિષ્ટ સેવાઓમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

- સાઈકીઆટ્રી - ડેન્ટીસ્ટ્રી - ગાયનેકોલોજી - બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનીંગ્સ - ડર્મેટોલાજી - ડાયાબીટીક કેર - પીડીઆટ્રીક્સ - ઓપ્ટોમેટ્રી - પલમોનોલોજી - ન્યુટ્રીશ્નલ કાઉન્સેલીંગ અને બ્લડ પ્રેશર મોનીટરીંગ

જે દર્દીઓને એની વિશિષ્ટ દાકતરી સેવાઓની જરૂર હોય છે જે ક્લિનિકમાં ઉપલબ્ધ નથી હોતી તેવા દર્દીઓને કોમ્યુનિટીના અન્ય દાકતરોને રીફર કરવામાં આવે છે અને આ દાકતરો ઉદારતા પૂર્વક તેમની સેવાઓ દર્દીઓને આપે છે. ટેકસાસ હ્યુસ્ટનમાં આવેલું હેલ્થ ક્લિનિક જરૂરિયાતમંદ લોકોને વિના મૂલ્યે મેડીકલ સ્ક્રીનીંગ, રોકથામ અને સ્વાસ્થ્ય શિક્ષણ જેવી સેવાઓ આપે છે. આ ક્લિનિકનું આયોજન રવિવારે, એકાંતરે, સપ્તાહે આખું વર્ષ કરવામાં આવે છે.

કોલોનીયા, ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દીર્ઘ દ્રષ્ટિ દરેક વ્યક્તિ સુધી સ્વાસ્થ્ય સેવા પહોંચાડવી અને તેના દ્વારા દરેક વ્યક્તિનું સ્વાસ્થ્ય સુધારવાનીછે. I.S.S.O. "સેવા"ના નિઃશુલ્ક ક્લિનિક કોલોનીયા, ન્યુજર્સીમાં કોમ્યુનિટી હેલ્થ કેર ક્ષેત્રે વિવિધ પ્રકારની દાકતરી સેવાઓને સાંકળે છે. હેલ્થ ક્લિનિક વિના મૂલ્યે દાકતરી સેવાઓ પૂરી પાડે છે - ડાયાબીટીશ, હાઈ બ્લડ પ્રેશર અને અસ્થમા જેવા રોગોના ઉપચાર માટે સાતત્યપૂર્ણ સેવાઓ પૂરી પાડીને I.S.S.O. સેવાહેલ્થ ક્લિનિક જરૂરીયાતમંદ લોકોને સમયસર અને પરવડે તેવી દાકતરી સેવાઓ પુરી પાડે છે. કોલોનીયા, ન્યુજર્સીનું હેલ્થ ક્લિનિક જરૂરીયાતમંદ લોકોને મેડીકલ સ્ક્રીનીંગ, રોકથામ અને સ્વાસ્થ્ય શિક્ષણ જેવી સેવાઓ વિના મૂલ્યે પૂરી પાડે છે. મહિનાના બીજા અને ચોથા શનિવારે સત્સંગ સભા દરમ્યાન ક્લિનિકનું આયોજન કરવામાં આવે છે.

બોનમેરો અભિયાન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો I.S.S.O. "સેવા"ની સ્થાપના પાછળનો હેતુ જરૂરીયાતમંદ લોકોને મદદ થાય તે અર્થે છે. દુર્ભાગ્યપૂર્ણ અને કટોકટીના સમયમાં આ વર્ષના શરૂઆતના સમયમાં એક સત્સંગી દરદીને લ્યુકેમીયા (જીવલેણ પરિસ્થિતિમાં)નું નિદાન કરવામાં આવ્યું અને તે કેમોથેરાપીના પ્રથમ તબક્કામાંથી પસાર થયેલ છે. I.S.S.O. "સેવા"એ આ સત્સંગી દરદીને બોનેમેરોનો મેચ મેળવવા મદદ કરવા માટે નેશનલ બોન મેરો એસોસીએશન સાથે મળીને સમગ્ર વિશ્વમાં

બોનમેરો અભિયાનનું આયોજન કર્યું. લ્યુકેમીયા અને અન્ય જીવલેણ રોગનું નિદાન થયું હોય તેવા કોમ્યુનિટીના અન્ય દરદએ બ્ડે સ્ટેમ સેલની શોધ માટે તેમજ અન્ય રીતે પણ I.S.S.O. "સેવા" પોતાની સેવાઓ પૂરી પાડે છે. યોગ્ય દાતાની શોધ કરતા દરદીઓને દાતાઓની તાત્કાલિક જરૂર પડે છે. ઘણાં વ્યક્તિઓનું લ્યુકેમીઆનું નિદાન થયું છે. અને તેમને બ્લડના સ્ટેમસોલ કે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટેશનની તાત્કાલિક જરૂરીયાત છે. અને તેથી પ.પૂ.ધ.ધુ આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાનુંસાર બોન મેરો અભિયાન સત્સંગીઓ માટે ગોઠવવામાં આવ્યા હતા. આપણા I.S.S.O. ના ૪૦૦ નવા દાતાઓ રજીસ્ટ્રીમાં ઉમેર્યા છે.

બ્લડ અભિયાન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણા આશીર્વાદથી હોસ્પિટલો તેમના ઈન-હાઉસ દર્દીઓની સારવાર કરવા માટે જરૂરી લોહી તેમની પાસે હોય, અમેરિકન રેડ ક્રોસ વિશ્વભરમાં જુદાં જુદાં સ્થળોએ બ્લડ અભિયાન યોજે છે. આ ઉમદા માનવીય કાર્ય માટે તેમજ સ્થાનિક જગ્યાએ લોહી પહોંચાડવા માટે I.S.S.O. "સેવા"એ અમેરિકન રેડક્રોસ તેમજ ન્યુજર્સી બ્લડ ડોનેશન સર્વિસીઝ, ન્યુયોર્ક બ્લડ ડોનેશન સર્વિસીઝ રીજીયોનલ ગલ્ફ કોસ્ટ, અને ચિલ્ડનર્સ હોસ્પિટલ ઓફ હાર્વડ સાથે ટીમ બનાવી છે.

આ માટે લોહીનું દાન કરવા માટે સત્સંગીઓ તેમજ અન્ય લોકો ટેકસાસ, ન્યુયોર્ક અને ન્યુજર્સીમાં આવ્યા હતા. આવા કટોકટી ભર્યા સમયમાં ફસાયેલા કમભાગી મનુષ્યોને મદદ કરવી એ ખરેખર ઉમદા કાર્ય છે. તમામ સ્વયં સેવકો અને દાતાઓ મદદ કરવા માટે બહુ જ આતુર હતા અને આ કાર્યમાં આગળ પડતો સક્રિય ભાગ પણ લીધો હતો. આમ આ રીતે આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણા અને માર્ગદર્શનથી I.S.S.O. સંચાલિત "સેવા"એ ખરેખર ખૂંબજ જ ટુંકા ગાળામાં તેનું નામ સાર્થક કર્યું છે.

લેસ્ટર (I.S.S.O., U.K.) મંદિરમાં તૃતીય પાટોત્સવ ઉજવાયો

આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો તૃતીય પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું શુભ આયોજન તા. ૧૯-૮-૦૭ થી તા. ૨૫-૮-૦૭ પર્યન્ત કરવામાં આવ્યું હતું. ઉત્સવના મુખ્ય યજમાન પ.ભ. મુળજીભાઈ લક્ષ્મણભાઈ કાચા ટેલર્સ પરિવારના નિવાસસ્થાનેથી પોથીયાત્રા ધામધૂમથી નીકળીને આપણા મંદિરે ધૂન-ભજન રાસ કરતા સૌ હરિભકતો, ટ્રસ્ટીઓ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને બહેનોનો મોટો સમુદાય ભક્તિ રસમાં તરબોળ બનીને ભગવાનનું ભજન કરતા હતા. મંદિરમાં મહિલા મંડળની બહેનોએ મુખ્ય દ્વારમાં પોથીનું પૂજન કર્યું હતું. કથાના વક્તા પદે શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી અને શા. સ્વામી ભગવતચરણદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં કથામૃત પાન કરાવ્યું હતું.

તા. ૨૦-૮-૦૭ના રોજ આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે હરિભક્તોએ અને સંત મંડળે ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું. મંદિરની કાર્ય વાહક સમિતિ અને પ્રમુખશ્રીએ હારતોરા કરી પૂજન કર્યું હતું.

બપોરના સમયે અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી સાંખ્યયોગી બહેનો સાથે પધાર્યા ત્યારે ભક્તિ મહિલા મંડળની બહેનો અને શ્રીજી સેવા મંડળની બહેનોએ સાથે મળી પ.પૂ. ગાદીવાળાશ્રીનું વિવિધ વાજીંત્રોના સુંદર તાલે સ્વાગત સામૈયું કરી હાર તોરા- કરી આરતી ઉતારીને પૂજન કર્યું હતું.

આ પ્રસંગે બહેનોએ મોટી સંખ્યામાં પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના દર્શન-આશીર્વાદનો લાભ લીધો હતો. આ દિવસના દૈનિક યજમાન ડો. કંદર્પભાઈ જોશી પરિવાર અને શ્રી મહેન્દ્રભાઈ કેશવલાલ બારોટ પરિવારે લાભ લીધો હતો.

તા. ૨૧-૮-૦૭ના ઠાકોરજીની આરતી બાદ યજમાનોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરીને પોથી અને વક્તાશ્રીનું પૂજન આરતી કરી હતી. સવાર સાંજે બન્ને સમય પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી બહેનોને દર્શન-આશીર્વાદ આપવા અને કથા શ્રવણ કરવા પધારતા હતા. આ દિવસના દૈનિક યજમાનનો લાભ શ્રી જયંતીભાઈ નારણભાઈ પટેલ તથા શ્રી રણછોડભાઈ ગંગદાસભાઈ ચોટલીયા પરિવારે લીધો હતો. તા. ૨૨-૮-૦૭ના રોજ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો તૃતીય પાટોત્સવ-અભિષેક સવારે ૮-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર પૂર્વક વેદવિધિસર ધામધૂમથી સંપન્ન થયો હતો. આવા અલૌકિક દર્શન કરી હરિભક્તો ખૂબજ ભાવ વિભોર થઈ ગયા હતા. અભિષેકના યજમાન પદે પ.ભ. મહેશભાઈ જયંતીભાઈ ઠક્કરે (અમદાવાદ જીવરાજપાર્ક) અલૌકિક લાભ લીધો હતો. અભિષેકની સામગ્રી પ.ભ. સુમિત્રાબેન એચ. પટેલ તરફથી અર્પણ કરવામાં આવી હતી. જ્યારે ઠાકોરજીના વાઘાની સેવા મીરાબેન જેઠવાએ કરી હતી.

સવારે ૧૦-૦૦ કલાકે ઠાકોરજીની શણગાર આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારીને સૌ ભક્ત જનોને દર્શનનો દેવ દુર્લભ લાભ આપ્યો હતો. જેના યજમાન શ્રી વિનોદભાઈ ચૌહાણ રહ્યાં હતા. ભક્તિ મહિલા મંડળની બહેનોએ સમૂહમાં મંદિરના રસોડામાં ઠાકોરજીના અન્નકૂટની વિવિધ વાનગીઓ શ્રધ્ધા ભક્તિ અને ખૂબજ પવિત્રતાથી બનાવીને ઠાકોરજીને છપન્ન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવેલ. અન્નકૂટના મુખ્ય યજમાન પદે શ્રી ગોરધનભાઈ રત્નાણી પરિવાર, શ્રી દામજીભાઈ ચાવડા પરિવારે સહ યજમાન પદે સેવા આપીને પ.પૂ. મોટા મહારાજશ્રીની સાથે અન્નકૂટ આરતીનો મહા અલૌકિક લાભ લઈ જીવનને ધન્ય બનાવ્યું ધ્વજારોપણના યજમાન શ્રી હિનાબેન રત્નાણી તથા શ્રી હિતેશ રત્નાણી પરિવારે લાભ લીધો હતો. જેમાં શ્રી છગનભાઈ ટાંકે ધજા બનાવવાની સેવા કરી હતી.

અન્નકૂટ દર્શન સાંજના ૭-૦૦ સુધી

અવિરત ચાલું રહ્યાં હતા. હજારો ભાવિક ભક્તોએ અન્નકૂટ દર્શન કરીને તૃપ્ત થયા હતા. આ દિવસના યજમાનશ્રી જયપ્રકાશભાઈ મકવાણા, શ્રીમાવજીભાઈ ટાંક, શ્રી ચિમનભાઈ શાહ તેમજ ચિ. દેવ્યાની પટેલ (લંડન) આદિ પરિવાર રહ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા અસૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં સત્સંગ જ્ઞાન ગોષ્ઠિ કાર્યક્રમ યુવાન હરિભક્તો દ્વારા સુંદર રીતે સંપન્ન થયો હતો.

તા. ૨૩-૮-૦૭ના રોજ કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અસૌ. મોટા ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં શ્રી ચિમનભાઈ શાહ તથા શ્રી રમેશભાઈ પારેખના યજમાન પદે શ્રી નરનારાયણદેવ યુવક મંડળે અભૂતપૂર્વ રાસ રમીને ઉજવ્યો હતો. આજના વાઘાની સેવા ગં.સ્વ. શ્રી કસ્તુરબેન વરૂએ કરી હતી.

સાંજના સમયે લેસ્ટર બેલગ્રેયના કાઉન્સીલરશ્રી રશ્મિકાંત જોશી તેમજ અત્રેના શ્રી જલારામ મંદિર, શ્રી રામ મંદિર, શ્રી હિન્દુમંદિર તેમજ વિવિધ ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓના પ્રમુખશ્રી તેમજ અધિકારીઓ પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શને પધાર્યા હતા. મંદિર દ્વારા કાર્યવાહક કમિટિ વતી શ્રી કિરણભાઈ ભાવસારે સ્વાગત કર્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે આશીર્વાદરૂપ હાર પહેરાવવામાં આવેલ. આજના યજમાનશ્રી ડાહ્યાભાઈ ચૌહાણ તથા શ્રી ગંગદાસભાઈ ટાંક અને શ્રી હરિશભાઈ જેસા પરિવાર રહ્યા હતા.

તા. ૨૪-૮-૦૭ના રોજ સાંજના શ્રી નરનારાયણદેવ યુવક મંડળ લેસ્ટર દ્વારા કીર્તન સંધ્યા કાર્યક્રમ સુંદર રીતે યોજાયો. ત્યાર બાદ અત્રે લેસ્ટર ઈસ્ટના એમ.પી. શ્રી કિથવાઝ પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શને પધાર્યા હતા. જેમનું મંદિર વતી યોગેશભાઈ પટેલે સ્વાગત કર્યું હતું. અને પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સુંદર સન્માન કરી પુષ્પહાર પહેરાવવામાં આવ્યો હતો.

તેઓએ સભામાં કહ્યું કે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શન કરવાથી મારા હૃદયમાં ખૂબજ શાંતિ થઈ છે. મારા જીવનમાં મને આથી કોઈ મોટી પ્રાપ્તિ થઈ નથી. મારું જીવન ધન્ય થયું છે. આપશ્રી લંડનની પાર્લામેન્ટરીમાં પધારશો તો અમને વિશેષ આનંદ થશે. આવું સુંદર વ્યક્તત્વ આપ્યું હતું. આજના દૈનિક યજમાન શ્રી રાજીવભાઈ કારીયા અને શ્રી પાર્વતીબેન પરિવાર રહ્યા હતા.

તા. ૨૫-૮-૨૦૦૭ના રોજ કથાની પૂર્ણાહુતિ બાદ સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા અસૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ લેસ્ટર દ્વારા "ચાંદલાની ચમક" નામનું ધાર્મિક નાટક રજુ કરવામાં આવેલ. મંદિરના સહ મંત્રીશ્રી કિરણ ભાવસારે પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ 'શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ' નિર્માણની સંપૂર્ણ માહિતી સભામાં જણાવી હતી. હાલમાં ચાલી રહેલા બાંધકામનો તાદૃશ અહેવાલ સંપૂર્ણ વિગત સાથે મોટી સ્ક્રિન પર પ્રોજેકટ દ્વારા સભામાં બતાવવામાં આવેલ. આજના દૈનિક યજમાન ગં.સ્વ. ઉજમબેન રાઠોડ પરિવાર, શ્રી ચંદુભાઈ વાઢેર પરિવાર, ચિ. પૂજાબેન વાઘેલા પરિવાર, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પરિવાર, શ્રી વાલજીભાઈ વરૂ પરિવાર અને વાઘાના યજમાન ગં.સ્વ. લાધીબેન વાઢેર આદિ સૌએ લાભ લીધો હતો.

આ પ્રસંગે સભામાં અયોધ્યાના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજી, ધોળકા મંદિરના પૂજારી સ્વામી નરનારાયણદાસજી અને શા. ભગવતચરણદાસજી (જેતલપુર મંદિર) એ યુવા વર્ગને અંગ્રેજીમાં ધર્મનો મહિમા સમજાવ્યો હતો. ત્યારબાદ લંડન, બોલ્ટન, સ્ટ્રેધામ અને ઈગ્લેન્ડથી પધારેલા હરિભક્તોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. લેસ્ટર મંદિર કાર્ય વાહક સમિતિના નિવૃત થતા હરિભક્તો શ્રી જયંતિભાઈ નારણભાઈ પટેલ. (પ્રમુખશ્રી) શ્રી રણછોડભાઈ ગંગાદાસભાઈ ચોટલીયા (ઉપપ્રમુખ) અને શ્રી હેમરાજભાઈ ચોટલીયા (મંત્રીશ્રી) ની આપણા મંદિર માટેની અભૂતપૂર્વ સેવાને બિરદાવીને પ.પૂ. મોટા મહારાજશ્રીએ તેમને રૂડા આશીર્વાદ આપીને સન્માનીત કરીને મંદિરમાં વિશેષ રૂપે સેવા કરવા આજ્ઞા કરીને તેમને બિરદાવ્યા હતા. સહમંત્રીશ્રી કિરણ ભાવસાર અને પ્રમુખશ્રી યોગેશભાઈ પટેલે આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના યુ.કે. ના ધર્મપ્રવાસ દરમ્યાન વિલ્સડન મંદિર, કાર્ડિફ મંદિર, લેસ્ટર અને સ્ટ્રેધામ મંદિરમાં રસોડા અને વિવિધ સેવામાં અયોધ્યા મંદિરના વ્યવહાર કુશળ. નિઃસ્પૃહી મહંત સ્વામી દેવપ્રસાદદાસજી એ ખૂબ જ શ્રધ્ધા ભક્તિથી સંત મંડળ પૂજારી સ્વામી નરનારાયણદાસજી, (ધોળકા) શા. સ્વા. ભગવતચરણદાસજી અને શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી એમ સૌએ સાથે મળીને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના પાકશાળાની સેવા કરીને ખૂબ જ રાજીપા સાથે આશીર્વાદ મેળવવા ધન્યભાગી બન્યા હતા. મંદિરની કાર્યવાહક સમિતિના ઉપપ્રમુખશ્રી નાથાભાઈ ચૌહાણ, મંત્રીશ્રી કાનજીભાઈ માલવીએ ઉત્સવ દરમ્યાન વ્યવસ્થા અને સંચાલન કર્યું હતું. મંદિરના ખજાનચી શ્રી જીવરાજભાઈ ટાંક અને શ્રી ડાહ્યાભાઈ ચૌહાણે થાળ ભેટ તેમજ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની ભેટની સેવાઓની પાવતીઓ તેમજ અન્ય સેવાની જવાબદારી શ્રધ્ધા ભક્તિથી બજાવી હતી.

શ્રી તરૂણભાઈ ત્રિવેદીએ પ.પૂ. મહારાજશ્રીની પધરામણીની વ્યવસ્થા, મહિલા મંડળના મધુબેન ચૌહાણ અને શ્રી મીનાબેન રત્નાણીએ પ.પૂ. ગાદીવાળાશ્રીની પધરામણીની વ્યવસ્થા સંભાળી હતી. સહમંત્રી શ્રી કિરણ ભાવસારે માજી મંત્રીશ્રી હેમરાજભાઈ ચોટલીયાના માર્ગદર્શન મુજબ સમગ્ર ઉત્સવ દરમ્યાન સભા સંચાલન સુંદર રીતે સંભાળ્યું હતું. મહાપ્રસાદની સેવા ભક્તિ મહિલા મંડળની બહેનોએ કરી હતી. વિવિધ સેવાઓમાં શ્રીજી સેવા મંડળના હરિભક્તોએ કરી હતી. પડદાની સેવા શ્રી હરિશભાઈ ગોવિંદભાઈ પટેલ તરફથી અને ૮ દિવસના ઠાકોરજીના થાળ શ્રી જયંતીભાઈ ટાંક તરફથી કરવામાં આવેલ. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી લેસ્ટર મંદિરમાં આપણા દરેક ઉત્સવો પરંપરાગત રીતે ધામધૂમથી ઉજવવામાં આવે છે. *(કિરણ વી. ભાવસાર)*

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦ શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતના જન્મ પ્રસંગે	સઈજ
૧૦૧-૦૦ શ્રી કેતનકુમાર બાબુલાલ પટેલ (ખેરોલવાળા) શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૧-૦૦ અ.નિ. શ્રી રમણભાઈ દેસાઈભાઈ પટેલ પુણ્યતિથિ નિમિત્તે	જમયીતપુરા
૧૦૦-૦૦ શ્રી પંકજકુમાર જીતેન્દ્ર પટેલ સી.એ.ની ફાઈનલ પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે	થોરાવાસ
૨૫૧-૦૦ શ્રી હરિશ પ્રેમજી પિંડોરીયાને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	દહીંસરા (કચ્છ)
૧૦૧-૦૦ શ્રી તૃપ્તિબેન કનુભાઈ સાંગાણી સગાઈ નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે	જાળીયા
૧૦૧-૦૦ શ્રી અરવિંદભાઈ નારણદાસ રણછોડદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી પુષ્પાબેન નારણભાઈ રણછોડદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ડાંગરવા
૧૧૧-૦૦ શ્રી કુબેરભાઈ નથુદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વિહાર
૧૦૧-૦૦ શ્રી ધ્રુવેશ અશ્વિનભાઈ પટેલ ૧૫ મી ઓગસ્ટ જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વિરેન્દ્રકુમાર ડાહ્યાભાઈ ધનાભાઈ પટેલ ગાડી લાવ્યા તે નિમિત્તે	ડેમાઈ
૧૦૧-૦૦ શ્રી વિશ્વા નિકસન અંબાલાલ પટેલ જન્મ દિન નિમિત્તે	(ગુલાબપુરાવાળા-અમદાવાદ)
૧૨૫-૦૦ શ્રી ભગવતીબેન લક્ષ્મણભાઈ પટેલ વિકાશની ખુશાલી નિમિત્તે	ઊંઝા
૧૨૫-૦૦ શ્રી જયેશ છગનલાલ રાઠોડ નવી રૂમ લીધી તે નિમિત્તે	મુંબઈ (જીરાગઢ)
૧૦૧-૦૦ શ્રી રોહિતકુમાર ડી. મોદી ચિ. ધ્રુમિલને સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે	દહેગામ
૧૫૧-૦૦ શ્રી જસ્મિન જગદીશભાઈ અમીન ફલોરિડાની કોલેજમાં ફાર્મા-ડી. માં એડમીશન નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦ શ્રી અશોકભાઈ એમ. પટેલ વિદેશયાત્રા નિમિત્તે	બોરીસણા
૧૦૧-૦૦ શ્રી રેવાભાઈ જેઠાભાઈ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	લાલોડા
૧૦૧-૦૦ શ્રી નટવરભાઈ તેજમાલ રાઠોડ ચિ. મેહુલ (ઈલે. એન્જી.) તથા જલ્પા ધો.૧૦ માં પાસ થયા તે નિમિત્તે	ભુજ
૧૫૧-૦૦ શ્રી સંદિપ ધીરૂભાઈ પટેલ એન્જીનીયર પાસ થયા અને જોબ મળી તે નિમિત્તે	વહેલાલ
૧૦૧-૦૦ શ્રી અંકિત ચિનુભાઈ પટેલ પી.ટી.સી.માં પાસ થયા તે નિમિત્તે	વહેલા
૧૫૧-૦૦ શ્રી ક્રિનલ, ચિંતન વસંતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦ શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી લવજીભાઈ જસમતભાઈ પ્રજાપતિ તેમના પુત્રને ત્યાં પુત્રીના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ઉત્સવ કરશનભાઈ સિંધવ એમ.બી.એ.માં એડમીશન નિમિત્તે	(બળોલ) સુરેન્દ્રનગર
૨૦૦-૦૦ અ.નિ. વિશાલ સુરેશભાઈ પટેલ ૫ મી પુણ્યતિથિ નિમિત્તે	વાવોલ
૧૦૦-૦૦ શ્રી રંજનબેન રજનીકાંત પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નાંદોલ-ઓઢવ
૧૦૦-૦૦ શ્રી સુજલ અલ્પેશકુમાર પટેલ જન્મ દિવસ નિમિત્તે	નાંદોલ
૧૦૦-૦૦ શ્રી હિતેશકુમાર બાબુલાલ પટેલ પગાર વધ્યો તે નિમિત્તે	સોજા
૧૦૦-૦૦ શ્રી ધર્મેન્દ્રકુમાર નાથાલાલ વરૂ પુત્ર જન્મ પ્રસંગે	(જીરાગઢ) સુરત
૧૦૧-૦૦ શ્રી શાંતાબેન પરસોતમભાઈ હિરા શ્રીજી પ્રસન્નાર્થે	જામસર
૧૦૦-૦૦ શ્રી અરવિંદભાઈ ભલાભાઈ પટેલ ચિ. જીગરની સગાઈ નિમિત્તે	દહેગામ
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૨૦૦-૦૦ શ્રી વિજયસિંહ અશોકસિંહ વાઘેલા જી.સી.બી. મશીન લાવ્યા તે નિમિત્તે	ગોધાવી
૩૫૦-૦૦ એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ભરતભાઈ ગંગારામભાઈ પટેલ મકાન લીધું તે નિમિત્તે	કડી
૧૦૧-૦૦ શ્રી પિયુષકુમાર ધનજીભાઈ ડોબરીયા ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	બાપુનગર
૧૦૦-૦૦ શ્રી રાજેશભાઈ કેશવલાલ પટેલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	વિહાર
૨૦૧-૦૦ શ્રી હેમલભાઈ વિષ્ણુભાઈ અંબાલાલભાઈ એડમીશન નિમિત્તે	જેતલપુર

૧૦૧-૦૦ શ્રી ચિમનલાલ મણીલાલ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૧૧-૦૦ શ્રી વ્રજેન્દ્ર એન્ટર પ્રાઈઝ ઉદ્‌ઘાટન પ્રસંગે	દાહોદ
૧૦૦-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીબા
૧૦૧-૦૦ શ્રી વાલજી મૂળજી રાઠોડ ચિ. પરેશના સગપણ નિમિત્તે	અંધેરી-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી હિરાલાલ ભગવાનદાસ પટેલ ચિ. ભાર્ગવને કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે	મારૂસણા
૧૦૦-૦૦ શ્રી રણછોડભાઈ મણીલાલ પટેલ ચિ. ડૉ. ધીરેનને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦ આયુષી ઘનશ્યામભાઈ પટેલ જન્મ દિન નિમિત્તે	નવસારી (સીતાપુર)
૧૫૧-૦૦ શ્રી પ્રવિણભાઈ લખુભાઈ પટેલ ચિ. હિરેનને ફાર્મસીમાં અભ્યાસાર્થે	હાથપાળીયા
૧૦૧-૦૦ શ્રી જલ્પા પી. મારવી સગાઈ નિમિત્તે	ધ્રાંગધ્રા (જીરાગઢ)
૧૦૧-૦૦ શ્રી વિશાલ જ્યોતિન્દ્રભાઈ ને ત્યાં ચિ. ધ્રુવના જન્મ નિમિત્તે	ઓઢવ
૧૦૧-૦૦ શ્રી નારણભાઈ શીવાજી ચૌધરી શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે	બાલવા
૧૦૧-૦૦ શ્રી દેવ્યાનીબેન કાંતિભાઈ પટેલ અમેરિકાના સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે	વિંછણ
૧૦૧-૦૦ શ્રી હર્ષદરાય કાલીદાસ સોની નવું મકાન લીધું તે નિમિત્તે	ઈશનપુર
૨૫૧-૦૦ શ્રી એલ. વી. પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	(સબજેલ મોરબી) બળોલવાળા
૧૦૧-૦૦ શ્રી ઈશ્વરભાઈ કે. ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી કેયુર કુમુંદભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	નવાગામ
૧૦૧-૦૦ શ્રી ઉમંગ કિશોરભાઈ ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	(જામસર) રાજકોટ
૧૦૧-૦૦ શ્રી મોનિકાબેન કિશોરભાઈ ચૌહાણ સી.એ.માં એડમીશન નિમિત્તે	રાજકોટ (જામસર)
૧૦૧-૦૦ શ્રી કનુભાઈ બાબુલાલ ઠક્કર તેમના માતુશ્રીના સ્મરણાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર રક્ષાબંધન નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી કૃણાલભાઈ રમેશભાઈ બી.ઈ. સિવીલમાં ફર્સ્ટક્લાસ પાસ થયા અને નોકરી મળી તે નિમિત્તે	મોટપ
૧૦૧-૦૦ શ્રી કૃપા અનીલભાઈ ભાવસાર પ્રથમ પગાર નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી રિકેન વિનોદભાઈ કેશાભાઈ પટેલ પી.ટી.સી.માં એડમીશન નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી દેવ કેતનકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(ખેરોલ) નરોડા
૧૦૧-૦૦ શ્રી દિશાંત જગદીશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(ખેરોલ) નરોડા
૧૦૦૧-૦૦ શ્રી પ્રજ્ઞેશભાઈ વિજયભાઈ ચૌધરી શ્રી નરનારાયણદેવની કૃપાથી લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	મેમનગર
૧૦૧-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	સેટેલાઈટ
૧૦૧-૦૦ શ્રી અશોકકુમાર ભગાભાઈ પટેલ નવી સેન્ટ્રો ગાડી લાવ્યા તે નિમિત્તે	માણસા
૧૦૧-૦૦ શ્રી કાંતાબેન મોદી શ્રીજી પ્રસન્નાર્થે	મેઘાણીનગર
૧૦૧-૦૦ શ્રી નમન અતુલકુમાર ભાવસાર પ્રથમ જન્મ દિન નિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦ શ્રી ઉમંગ રાજેશભાઈ ભાવસાર જન્માષ્ટમી નિમિત્તે	વિસનગર
૧૦૧-૦૦ શ્રી મેહુલકુમાર રતીલાલ પટેલ	મોટા ઉભડા
૧૦૦-૦૦ પાર્થ સતીષભાઈ દેસાઈ જન્મ દિન નિમિત્તે (૮-૯-૦૭)	જેતલપુર
૧૦૧-૦૦ શ્રી કાંતાબેન નારણભાઈ રાઠોડ મુકેશભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી રિન્કલબેન હિંમતભાઈ દોંગા ધો.-૧૨ માં સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે	બાપુનગર
૧૫૧-૦૦ શ્રી દિપકકુમાર કુસુમબેન ભાવસાર નવું બાઈક ખરીદ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પી. પંચોલી શ્રીજી પ્રસન્નાર્થે	કલકતા
૧૦૧-૦૦ શ્રી ગોકુળભાઈ સવજીભાઈ પટેલ ચિ. પરાગને અમેરિકાના સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે	બાપુનગર
૨૧૧-૦૦ અ..નિ. હજુરી પાર્ષદ મુકુન્દ ભગતના સ્મરણાર્થે (હ. તેમના મોટાભાઈ શ્રી જસુભાઈ મરધાભાઈ પટેલ)	વાવોલ
૧૦૧-૦૦ જયદિપસિંહ જી. ચાવડા પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી નવું એકટીવા લીધું તે નિમિત્તે (બળોલવાળા)	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અલ્પેશકુમાર હિરજીભાઈ પોરીયા લગ્ન પ્રસંગે	(ધૂળકોટ) સુરત
૧૦૧-૦૦ શ્રી મધુબેન કાંતિલાલ પટેલ જન્મ દિન નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી દિપકકુમાર કુસુમબેન ભાવસાર નવું બાઈક ખરીદ્યું તે નિમિત્તે	અમદાવાદ

૧૦૧-૦૦ શ્રી પી. પંચોલી શ્રીજી પ્રસન્નાર્થે	કલકતા
૧૦૧-૦૦ શ્રી ગોકુળભાઈ સવજીભાઈ પટેલ ચિ. પરાગને અમેરિકાના સ્ટુડન્ટ વિઝા મળ્યા તે નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦ શ્રી મિહીર મહેશભાઈ પટેલ શ્રી શનાલાલ એમ. પટેલના સ્મરણાર્થે	ખેડા
૧૦૧-૦૦ શ્રી બેચરદાસ મોહનદાસ અને મંગુબેન બેચરદાસ પટેલ અમેરિકાથી પરત આવ્યા તે નિમિત્તે	મોખાસણ
૨૦૧-૦૦ શ્રી પ્રવિણભાઈ ટી. પટેલ જન્મદિન પ્રસંગે શ્રીહરિ પ્રસન્નાર્થે	અમદાવાદ (વડુવાળા)
૧૦૦-૦૦ શ્રી ચંદ્રપ્રકાશ ચુનીલાલ પટેલ પ્રમોશન મળવા નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ શ્રી ગંગદાસભાઈ ભવાનભાઈ રાઠોડ ટીંબાવાળા ચિ. તૃપ્તિને બી.એડ.માં એડમીશન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી હસમુખબાઈ ગોગજીભાઈ પટેલ ચિ. સુપુત્રી નિષ્ઠાના પ્રથમ જન્મદિન પ્રસંગે	ચાંદલોડીયા
૧૦૧-૦૦ ચિ. રિધ્ધિબેન ભાવસાર જન્મદિન પ્રસંગે	લાંઘણજ
૧૦૧-૦૦ શ્રી કેવલભાઈ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦ શ્રી બલભદ્રસિંહ હિંમતસિંહ વાઘેલા ચિ. શિતલકુંવરબાના શુભ લગ્ન પ્રસંગે	નરોડા
૧૦૧-૦૦ શ્રી ચંદુભાઈ આર. ખેર ચિ. પુત્ર અંજલ વેટેનરીના ૨જા વર્ષમાં પાસ થયા તે નિમિત્તે	દાંતીવાડા (બળોલ)
૧૦૦-૦૦ શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	ગાંધીનગર
૧૦૧-૦૦ શ્રી ખીમજીભાઈ ટપુભાઈ પરમાર ચિ. ઘનશ્યામને **R.P.F.**માં અમદાવાદમાં જોબ મળી તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી નાથીબેન નારણદાસ પટેલ પુણ્યતિથિ નિમિત્તે	ગાંધીનગર (મોખાસણ)
૧૦૧-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી જલઝીલણી એકાદશી નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી જીતેન્દ્રભાઈ જયંતીભાઈ વડોદરીયા શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી હેમેન્દ્રકુમાર શાંતિલાલ સોની ભાદરવા વદ-અમાસ શ્રાધ્ધ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી પ્રજ્ઞેશભાઈ લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	સહીજ
૧૦૧-૦૦ શ્રી રઈબેન રવચંદદાસ પટેલના સ્મરણાર્થે	મોટપ
૧૦૧-૦૦ શ્રી મગનભાઈ વેલજીભાઈ ચિ. અંકિતને ફાર્મસીમાં એડમીશન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	વસઈટીંબા
૧૧૧-૦૦ શ્રી કાંતાબેન રામભાઈ દલસુખભાઈ પટેલ ચિ. કેતનના જન્મ દિન નિમિત્તે	મોખાસણ
૧૦૦-૦૦ શ્રી ગોવિંદભાઈ જેશંગભાઈ ચાવડા ચિ. રાજન અને સહદેવના જન્મદિન નિમિત્તે	(બળોલ) અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી નિતીનભાઈ નરસંગભાઈ ચાવડા ચિ. ભવ્યરાજના જન્મદિન નિમિત્તે	બળોલ
૧૦૧-૦૦ શ્રી બાબુભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે.	મીરા રોડ
૧૦૧-૦૦ શ્રી જિજ્ઞેશ જગદીશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	લસુન્દ્રા
૧૦૧-૦૦ શ્રી લાભુબેન મનુભાઈ પટેલ ચિ. ભાણી ગોપીના જન્મ દિન નિમિત્તે	કુંડાલ
૧૦૧-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૫૦૧-૦૦ શ્રી વિપુલભાઈ મનહરભાઈ બારોટ અ.નિ. શંકરભાઈ લક્ષ્મણભાઈના સ્મરણાર્થે	બાયડ
૨૫૧-૦૦ શ્રી કૈલાસબેન મનહરભાઈ બારોટ અ.નિ. શંકરભાઈ લક્ષ્મણભાઈના સ્મરણાર્થે	બાયડ
૧૦૧-૦૦ શ્રી લીલાબેન જયંતીલાલ ભાવસાર અ.નિ. જયંતીલાલની પુણ્યતિથિ નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦ શ્રી કૈલાસબેન મનહરભાઈ શંકરભાઈ પટેલ મનહરભાઈ શંકરભાઈ પટેલના નિમિત્તે	બાયડ
૧૦૧-૦૦ શ્રી સમજુબેન અંબાલાલ સોની શ્રાધ્ધ નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી મહેશકુમાર કાંતિલાલ સોની ચિ. વિમલ તથા સંજયના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૮-૦૦ શ્રી હંસાબેન ઘનશ્યામભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(કનીપુર) મણીનગર
૧૦૧-૦૦ શ્રી વિજય પ્રવિણચંદ્ર ભટ્ટ સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે	વેજલપુર
૧૦૧-૦૦ શ્રી કાર્તિક નરેન્દ્ર ભટ્ટ ધો.-૧૦ માં પાસ થયા તે નિમિત્તે	વેજલપુર
૧૦૧-૦૦ શ્રી રાકેશકુમાર મોહનલાલ કાછીયા તેમના દાદા ઓચ્છવલાલના શ્રાધ્ધ નિમિત્તે	(કોઠંબાવાળા) અમદાવાદ
૨૫૨-૦૦ શ્રી ભગવાનજી કે. મનાણી ચિ. રાજેશના લગ્ન પ્રસંગે અને ઓસ્ટ્રેલીયામાં **M.S.I.T.** માં પાસ થયા તે નિમિત્તે	નેત્રંગ
૧૦૧-૦૦ શ્રી કૃણાલ પ્રવિણચંદ્ર પટેલ **M.C.A.** માં એડમીશન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ઉદયકુમાર પ્રહલાદભાઈ પટેલ **U.S.A.**ના વિઝા મળ્યા અને **U.S.A.** જઈ આવ્યા તે નિમિત્તે	માણસાવાળા
૧૦૧-૦૦ શ્રી મીતાબેન ઉદયકુમાર પટેલ **U.S.A.**ના વિઝા મળ્યા અને **U.S.A.** જઈ આવ્યા તે નિમિત્તે	કલોલ

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

અષાઢ સુદ-૧ અનિ. પ.ભ. નાથાભાઈ માવજી ● અનિ. પ.ભ. ચૌધરી સોમાભાઈ જેશંગભાઈ, પ્રતાપપુરા. **અષાઢ સુદ-૨** પ.ભ. ભાણભાઈ નાનજીભાઈ રાબડીયા, માંડવી-કચ્છ ● ઘનશ્યામ ટીમ્બર્સ (માવજીબાપા). **અષાઢ સુદ-૫** પ.ભ. જીગ્નેશભાઈ ભાવસાર, અમદાવાદ. **અષાઢ સુદ-૭** પ.ભ. ગજેન્દ્રભાઈ ગોરધનદાસ, બાલાસિનોર ● પ.ભ. મહેશભાઈ અંબાલાલ કોઠારી, ઠાસરા ● પ.ભ. વાલજીભાઈ વિશ્રામભાઈ હાલાઈ, દહીંસરા. **અષાઢ સુદ-૯** પ.ભ. મયંકભાઈ ધીરેનભાઈ કામદાર ● ગોપીનાથ હેન્ડલૂમ. **અષાઢ સુદ-૧૩** પ.ભ. હંસાબેન ટી. પટેલ.

અષાઢ વદ-૨ પ.ભ. રૂપાજી ગેનાજી વાપા, વાલી (રાજસ્થાન). **અષાઢ વદ-૪** પ.ભ. મોહનભાઈ રામાભાઈ ચૌધરી, બાલવા. **અષાઢ વદ-૬** અનિ. પ.ભ. લક્ષ્મણભાઈ ગોબરજી ચૌધરી, બાલવા. **અષાઢ વદ-૭** અનિ.પ.ભ. ચોકસી મગનલાલ લીલાધર, અમદાવાદ. **અષાઢ વદ-૮** પ.ભ. રતીલાલ ખીમજી વેકરીયા, બળદીયા (કચ્છ). **અષાઢ વદ-૧૦ પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે. અષાઢ વદ-૧૪** પ.ભ. દેવસી પરબતભાઈ હિરાણી. **અષાઢ વદ-૩૦** અનિ. પ.ભ. ઘનશ્યામભાઈ એચ. ગજ્જર ● પ.ભ. સુમનભાઈ પી. પટેલ ● પ.ભ. ઉમાબહેન અજયભાઈ પટેલ ● પ.ભ. વનમાળીદાસ લલ્લુભાઈ સોની ● અનિ. પ.ભ. મનુભાઈ ભલાભાઈ.

શ્રાવણ સુદ-૧ પ.ભ. સુભાષચંદ્ર છોગાલાલ આદેસરા, અમદાવાદ ● અનિ. પ.ભ. ચિમનલાલ ત્રિકમદાસ પટેલ, બોરીસણા. **શ્રાવણ સુદ-૨** પ.ભ. રણછોડભાઈ જોઈતારામ. **શ્રાવણ સુદ-૪** પ.ભ. હંસાબેન ત્રિવેદી, વડોદરા. **શ્રાવણ સુદ-૬** પ.ભ. હરજીભાઈ વાલજીભાઈ, બાપુનગર ● પ.ભ. મોદી કમલેશભાઈ વાડીલાલ (ફટાકડાવાળા, અમદાવાદ). **શ્રાવણ સુદ-૮** અનિ.સ.ગુ. સ્વામી મોહનપ્રસાદદાસજી, લાલોડા. **શ્રાવણ સુદ-૯** પ.ભ. લાલજી મનજી ગાજપરીયા, માંડવી-કચ્છ. **શ્રાવણ સુદ-૧૦** પ.ભ. ચંદુભાઈ અંબાલાલ મોખાસણ. **શ્રાવણ સુદ-૧૨** અનિ. પ.ભ. રામજીભાઈ હરજીભાઈ ભાવાણી, ઈન્દોર. **શ્રાવણ સુદ-૧૩** પ.ભ. ડાભી વિક્રમસિંહ રામાજી, ડાંગરવા ● પ.ભ. સોમાભાઈ પુંજલદાસ પટેલ, ડાંગરવા ● અનિ. સુંદરબાઈ રામજી વસ્તા, હિરાણી ગોડપર (કચ્છ) ● પ.ભ. શારદાબેન વી. શેલત અમદાવાદ. **શ્રાવણ સુદ-૧૫** પ.ભ. પટેલ ડાહ્યાભાઈ મણીભાઈ મોખાસણ.

શ્રાવણ વદ-૩ પ.ભ. પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પટેલ, ઝુંડાલ. **શ્રાવણ વદ-૬** પ.ભ. નાનજીભાઈ કાનજીભાઈ ઘેલાણી ● પ.ભ. મફતભાઈ ભગાભાઈ પટેલ ● પ.ભ. મનજી વેલજી હાલાઈ, ગોધરા-માંડવી (કચ્છ) ● શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ અમદાવાદ. **શ્રાવણ વદ-૯** પ.ભ. હંસાબેન ટી. પટેલ. **શ્રાવણ વદ-૧૨** ઝાલા પરાક્રમસિંહ કે. અમદાવાદ (સ્વા.મંદિર કાલુપુર, કારભારી ઓફિસ) ● પ.ભ. અંબાલાલ મગનભાઈ પટેલ, ઝુંડાલ ● પ.ભ. દિનેશભાઈ વાડીલાલ સોની, કોઠ-ગાંગડ ● પ.ભ. રઈબાબા ગોવિંદભાઈ ઝુંડાલ. **શ્રાવણ વદ-૧૩** પ.ભ. પટેલ ભોળાભાઈ મગનદાસ, ઈટાદરા-માણસા ● પ.ભ. રતીભાઈ ઈશ્વરભાઈ પટેલ, ઝુંડાલ ● પ.ભ. કુવરજીભાઈ દેશરાભાઈ ભાયાણી. **શ્રાવણ વદ-૩૦** પ.ભ. પટેલ જગદીશભાઈ ચિમનભાઈ (ગાંધીનગરવાળા)

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વામિનારાયણ મંદિર કાલુપુર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના હજુરી પાર્ષદ મુકુન્દ ભગત તા. ૭-૯-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

દહેગામ : પ.ભ. ઘનશ્યામભાઈ ગોકળદાસ ઠક્કર તા. ૨૨-૮-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બાપુપુરા : પ.ભ. સોનીબેન સવાભાઈ ચૌધરી તા. ૭-૮-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મહારાજપુરા (તા. કડી) : માજી કોઠારી પ.ભ. ચતુરભાઈ ભવાનભાઈ તા. ૨૪-૭-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. કંચનબહેન બાબુલાલ ઠક્કર (દૂધવાળા) તા. ૨૪-૮-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગાંધીનગર : પ.ભ. દિલીપકુમાર ભીખાલાલ ચૌહાણ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ (બાપુનગર) : પ.ભ. અંબાબેન હરિભાઈ જોગાણી તા. ૭-૮-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. નારાયણભાઈ ગંગારામદાસ (ધરમપુર કડીવાળા હાલ મણીનગર) તા. ૨૨-૭-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-આંબાવાડી : સર્વોપરિ શ્રી નરનારાયણદેવ દેશના અગ્રગણ્ય નિષ્ઠાવાન હરિભક્ત પ.ભ. બાબુભાઈમણીલાલ શાહ (ઉ. ૮૯ વર્ષ) (પ્રાંતીજવાળા) તા. ૨૨-૮-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બાવળા : પ.ભ. શેઠશ્રી નગીનભાઈ હરજીવનભાઈ તા. ૧૪-૯-૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. સાંકરબેન નાથાભાઈ પટેલ (ઉ. ૯૫ વર્ષ) તા. ૩-૯-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

બાવળા : પ.ભ. રતીલાલ નાથાલાલ ઠક્કર તા. ૩-૯-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ રટણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. માલીનીબેન મધુસુદન શાહ અષાઢ સુદ-૧૦ તા. ૨૮-૭-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


અમદાવાદ : પ.ભ.અ.સૌ. રંજબન કાંતિલાલ ભાઈચંદ કોઠારી (મોજીદડવાળા) ભાદરવા વદ-૧૦ને તા. ૫-૧૦-૨૦૦૭ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

પ્રતાપપુરા (ઈડર દેશ) : પ.ભ. હરિભાઈ જેઠાભાઈ (ઉ. ૧૦૬ વર્ષ) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




મેઘાણીનગર મંદિરમાં બાળ સભાને આશીર્વાદ આપતા
પૂ.લાલજીમહારાજશ્રી



પ્રાકટ્યોત્સવના યજમાન પ.ભ.જેઠાલાલ ધનજીભાઈ સવાણી
પરિવાર (કેરા કચ્છ) પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારતા



બોપલ
મંદિરમાં
ભવ્ય
હિંડોળામાં
ઝુલતા
શ્રી ઘનશ્યામ
મહારાજના
દર્શન



અમદાવાદ મંદિરમાં જલઝીલણી એકાદશીના શ્રી
ગણપતિજીના વરઘોડામાં દર્શન આપતા પ.પૂ.લાલજી
મહારાજશ્રી અને પૂજનીય સંતો સાથે હરિભક્તો



મહેસાણા આપણા ભવ્ય શિખરબધ્ધ મંદિરનું નિર્માણ
કાર્ય પૂરજોશમાં ચાલું છે.



જેતલપુર મંદિર જલઝીલણી એકાદશીના પાલખીમાં
બિરાજમાન ઠાકોરજી સાથે સંત -હરિભક્તોનો વિશાળ

Registered under RNI - No - GUJ GUJ/ 2007 / 20221Permitted to post at Ahd PSO on 11 the every month
under postal Regd. No. GAMC. 003 issued SSP Ahd Valid up to 31-12-08 Licenced to Post Without Prepayment No. AM-019 valid upto 31/05/2008



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૩૫માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે
શ્રી હરિના ત્રણે અપર સ્વરૂપોના અલૌકિક દર્શન



ચેરિહિલ(I.S.S.O.અમેરિકા) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા બાદ અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.મોટા

Praful Kharsani